ચમત્કારિક

ચાર ફકીર મુસાફરોની રમુજી વારતા.

ભાગ પેહેલો.

ઉરદુ ભાષા ઉપરથી ગુજરાતી ભાષામાં
અસરકારક ટીકા કરનાર.

કવિરાજ હર્ષદરાય સુંદરલાલ મુનશી

છપાવી પ્રસિદ્ધ કરનાર.
બુકસેલર સાકરલાલ બુલાખીદાસ ઠાકોર
રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તી ૧ લી.   પ્રત ૨૦૦૦.

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ. દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૦.   સને ૧૫૦૪.

કીંમત રૂ ૦-૮-૦.

રસથી ભરપુર

ચમત્કારીક ચાર ફકીર મુસાફરોની એક રમુજી વારતા.

જગતનો ઉત્પન્ન કરનાર સર્વ શક્તિમાન પરમેશ્વરની સતાની બલિહારી જોવામાં આવે છે, તે કારીગર રૂપે વ્યાપક રહેલો છે. સર્વ સ્થળે તેનો નિવાસ છે તે ઇચ્છા શક્તિથી એક મુઠી ખાખ (મટોડી)થી જુદી જુદી જાતની સીકલો બનાવી રહ્યો છે; કોઇ સફેત રંગનો કોઇ શ્યામ વર્ણનો અને કોઇ તરેહવાર આક્રતિવાળો મનુષ્ય આદીથી અનેક પ્રકારના જીવજંત અલ્પ પ્રાણી અને માહા પ્રાણીના સ્થુળ વિચિત્ર આક્રતિયો વાળા બનાવ્યા છે,–ને કાન નાક હાથ પગ વીગરે બનાવેલા છે જેમાં તર્ક કરી ન શકાય તેવુ ઉતમ જ્ઞાન બક્ષેલુ છે, એક બીજાના ચેહરા સાથે સરખામણી કરતાં મળી શકતી નથી એવી અદ્ભૂત રચના કરેલી છે. આ આકાશરૂપી, અનંત પોલ છે તેને શાયરો એ જમીન ઉપર દરીયા ઉપરનો પરપોટા કલ્પ્યો છે. અને જમીન છે તે પાણી ઉપર પતાસાની માફક માનેલું છે, એવો સર્વ શક્તીમાન ઇશ્વર કે તેનું વર્ણન કરવાને કોઇ શક્તીવાન થયું યથી તેને ઓળખવાને કોઇની કલ્પના ચાલી શકી નથી. જેણે તે અપાર અનંત અને નિર્વિકલ્પ નીરાકાર સર્વેશ્વરને જાણ્યા છે તેણે તેની હકીકત લખવાને મુક સ્થિતિ સ્વિકારી છે. જેમ બોબડો બેહેરો માણુસ સ્વપ્નની વાત તથા સાકરના સ્વાદની વાત કહી શકતો નથી તેમ ઉતમ પ્રકારનું જ્ઞાન છતાં તેના સ્વરૂપનું વર્ણન કરવાને અશક્ત થાય છે.

બેત.

અરશ શે લે ફરશ તક છીશક કે શા માન હે
હમદ ઉશકી ગર લિખા ચાહુતો કયા એ મકાનહે.

અર્થ.

નવ પ્રકારના (આસમાન) અશંખ્ય આકાશના વિભાગ ગણાય

છે. તે આકાશથી તે પૃથ્વિ સુધાં સઘળો જેનો સામાન છે તેની તારીફ (તેનું વર્ણન) હું લખવાને ધારૂં તો શું બનિ શકે ! તેમાં કેટલી નવાઇની હકીકત છે.

બેત.

જબ પએમ્બરને કહા હો મયને પેહછાના નહી,
ફેર જો કોઇ દાવા કરે ઇસકા બડા નાદાન હે.

અર્થ.

જ્યારે પેગંબરે એમ કહ્યું હોય કે હું પરમેશ્વરને ઓળખી શકયો નથી, છતાં બીજો કોઇ એમ કહે કે હું પરમેશ્વરને ઓળખું છું. એ રીતે ઓળખવાની શક્તીનો મોટો અહંભેદ કે દંભ બતાવે તે કેવળ નાદાન સમજવો (આ બેતમાં એવો ભાવાર્થ છે કે, જે કેવળ તત્વ વેત્તા છે તેવા મહા જ્ઞાની પૂરૂષો આચાર્ય તરીકે કહેવાઇ ગએલા છે તેઓએ, નિર્વિકાર, નિરાકાર, અજર, અમર, અનવદ્ય, એ પ્રકારે ઇશ્વરને વિશેષણ આપીને નિર્ણય કરેલું છે છતાં તે વાત જેઓ કબુલ કરતા નથી અને તત્વ ભેદને જાણ્યા શિવાય, મિથ્યા વિવાદ કરીને હું ઓળખું છું એમ કહે છે તેઓને (નાદાન) અજ્ઞાની કહેવામાં આવે છે)

બેત.

રાત દિન એ મેહરો મએ ફિરતે હેં શન અત દેખતે.
પર હર એક વાહેદકી સુન્ત દિદએ હએરાન હે.

અર્થ.

રાત દિવસ ચંદ્ર અને સુર્ય પુર્વ પશ્ચિમ ફર્યા કરે છે. (તેનામાં તેજ કેહેવું છે ! તેની રચના કેહેવી છે. સુર્યમાં કેટલી બધી સત્તા છે, તે કેટલો બધો મોહોટો છે ! એ વીગરે તે વસ્તુની કારીગરી કર્તાએ કેહેવી કરી છે તેની કલ્પના કરવાને કે અવલોકન કરવાને માણસ માત્ર (હેરાન છે) શક્તીવાન થતા નથી.

બેત.

જીસકા શાંશી ઔર મુકાબેલ હેં ન હોવેગા કભુ
એસે એકતાહુ ખોદાઇ શબ તરેહશા આનહે.

અર્થ.

એહેવો સર્વ શક્તીમાન પરમેશ્વરના સાંહમો (અર્થાત તેના

તેના જેવી બીજી કોઇ રચના કરનારો) થનારો કોઇ છેજ નહીં માટે એવા વિશ્વપતિને સર્વ પ્રકારની ઉપમા આપીએ તો તે લાયકજ છે.

બેત.

લેકિન ઇતના જાનતાહું, ખાલેકો રાઝેક વોહે.
હર તરેહસે તુજપર ઉસકા, લોતફ઼ ઓર એહશાંનહે.

અર્થ

માટે એટલું હું જાણુંછું કે તે સર્વ જગતનો પેદા કરનાર તથા અન્ન બક્ષીસ કરનાર એજ છે, માહારા ઉપર બધા પ્રકારે મેહેરબાની તથા ઉપકાર છે.

બેત.

જિસમે પાકે મુશતફા, અલ્લાહકા એક નૂર હે.
ઇસલીમે પરછાઇ ઉસકે કદકી નહિ મશહુરહે.

અર્થ

વજુદ પાક પેગંબર (વિકાર રહિત પવિત્ર અને સર્વમાં નિવાસ કરનારો એવો સર્વેશ્વર પરમેશ્વરને ઓળખનાર એવો (પેંગંબર) ધર્મ માર્ગ ચલાવનારો તથા તત્વનું દર્શણ કરાવનારો) તે પરમેશ્વરનું નૂર છે. (અર્થાત અદ્વૈત જ્ઞાન મય ઐક્યતાને પ્રાપ્ત થનારો શુદ્ધજ્ઞાન ચૈતન્યમાં લીન થયેથો શુદ્ધાત્મા પોતેજ થાય છે તે માટે તેવો પવિત્ર છતાં તે પરમેશ્વરનું નૂર છે એમ પ્રતિપાદન કરવામાં આવ્યું)

બેત.

હોશલા મેરાં કહાં ઇતના, જોનાત ઉશકી કહું;
પર શખુન ગોએઓંકા, એભિ કાએદા દસ્તુર હે.

અર્થ

મારી શક્તી એટલી ક્યાંથી હોયકે હું તેની તારીફ કરી શકું પણ તારીફ કરનારા (શાયર) કવિ પંડીત અને કોવિદ પુરૂશો જે કંઇ વર્ણન કરેછે તે એક પ્રકારનો વાંણીનો વિલાસ છે.

બેત.

હમદે હક ઓર નાતે હેમદ હું ઇઆંકર ઇનશરામ;
અબમેં આગાજ ઉસકું, કરતાહું જાહેં મંજુર કામ.

અર્થ.

જે જગતને ઉત્પન્ન કરનાર સર્વ શક્તિમાન પરમેશ્વર છે તથા

તેની ગતીને જાંણુનાર (પેગંબર) યોગી છે. કીંવા આચાર્ય છે તથા પરમેશ્વરનો પૂર્ણ ભક્ત કે દુત છે. તેમનું વખાણ કરવાનું હવે પુર્ણ કરૂછું (બંધ કરૂછું) અને કામ ઉપર મારૂ ધ્યાન છે તે હવે હું શરૂ કરૂછું.

બેત.

ઇયા ઇલાહિ વાશતે, અપને નબીકી આલકે;
કર એ મેરી ગોફ્ત ગો, મકબુલે તબએ ખાશો આમ.

અર્થ.

(યાઇલાહી) હે પરમેશ્વર (અપને નબીકી ચાલકે) પોતાના પેગંબરની ઓલાદના અમે સમઝીને જહું વાત રચુછું તે વાતને લોકો પસંદ કરે તેવું તું કર.

વાતની શરૂવાત.

પૂર્વે રૂમ નામના વિસ્તિર્ણ પ્રદેશમાં એક બાદશાહ હતો તે તેમના વંશમાં નોશેરવાન નામનો પરાક્રમિ અને અદલ ઇનસાફ કરવા વાળો બાદશાહ થઈ ગયો હતો, તેના જેવો તે બાદશાહ હતો, તેનું નામ આજીદબખત હતું, તે રૂમ મુલકમાં મુખ્ય પાયતખ્ત ઇસ્તંબોલની જગો હતી; તે ઇસ્તંબોલમાં આજાદબખ્ત બાદશાહ રાજ્ય કરતો હતો; તેના વખતમાં રઇયત ઘણી સુખી અને વીસ્તારથી ભરપૂર હતી; તેની વખતમાં જે પ્રજા હતી તેમા ઘણી ખરી વસ્તી સદ્ શાસ્ત્ર રંપંન્ન હતી; તે બાદશાહના ખજાનામાં દ્રવ્ય ભરપૂર હતું; તેનું લશકર ધૈર્યવાન ગંભીર અને લડવામાં બહુ શૂર હતું, તેના રાજ્યમાં સઘળી પ્રજા શોક ઉદ્વેગ રહીત હતી, નિરંતર આરામ ચૈનમાં તેઓનો વખત જતો હતો. દરેકને ઘેર જાણે તેહવારનો દિવશ હોય તેવી સ્થીતી જણાતી હતી, ચોર તથા દગલબાજ અને કપટીં પાખંડી અથવા ખિસ્સા કાતરનારા વીગરૈ લોકોનો નાશ કર્યો હતો, પોતાની રાજ ધાનીમાં તેવા કોઇ પણ લોક રહી શક્તા નહોતા; રઇયત પોતાના ઘરનાં કમાડ ખુલ્લાં રાખી રાત્ર નિદ્રા લેતી હતી, લાખો રૂપીયાના માલ ભરેલી બજારની દુકાંનો ખુલ્લી રહેતી હતી, રસ્તામાં જનારા વટે માર્ગુ નિર્ભય થઇને પ્રવાસ કરતા હતા, અર્થાત સોનું ઉછાળતા ચાલ્યા જાય તોપણુ તેમનું કોઇ નામ લેતું

નહોતું, અથવા તો એમ પણ કોઇ કહી શકતું નહોતું કે તહારા મોંહોમાં કેટલા દાંત છે, કિંવા તું ક્યાં જાય છે? એવો પ્રતાપિક આઝાદ બખત પાદશાહ પોતાની રઇયતને સુખ આપવાને મગરૂર હતો. તેના રાજ્યના નિયમનું બંધારણ સંતોષ પમાડે તેવું હતું. તેનું રાજ્ય વિસ્તિર્ણ હતું તેના તાબામાં તેવા હજારો શેહેર હતા, તેની સતા નીચે કેટલાક બાદશાહો સલામી આપતા હતા, આહાવી મોહોટી બાદશાહત ઉપર જોકે તે આઝાદ બખત હતો તો પણ તે પરમેશ્વરનું નામ ક્ષણ ભર વીસરતો નહોતો, તેના બોહોળ રાજ્યના વૈભવનો પાર નહોતો તેને કોઇ પ્રકારના વિલાસની ખાંમી નહોતી, તેના મનમાં જે કંઈ વિચાર ઉત્પન્ન થાય તે પરિપૂર્ણ કરવાને તે શકતીમાન હતો તથાપી તેને ફરજંદ (પુત્ર) નહોતો તેથી. તેના સુખમાં તેટલી ખાંમી હતી, તેટલા માટે તેનું મન નારાજ રેહેતું હતું તે આખા દિવસમાં પરમેશ્વરની બિંદગી (સ્તુતિ–નિમાજ) પાંચ વખત કરતો હતો–તે કરી રહ્યા પછી છેવટે એહેવું માગતો હતો કે—હે જગતના પેદા કરનાર માહારા જેવા દીન દાસને ત્હેં સરવે વસ્તુ આપી છે તારા કૃપાથી કોઇ પણ વસ્તુની કમીના નથી, પણ તહેં અંધારા ઘરને માટે અજવાળ રૂપી (પુત્ર રૂપી) દીવો આપ્યો નથી,–એટલીજ ઇચ્છા મારા મનમાં બાકી રહી છે, હે પરમેશ્વર! મને પિતાજી એવું નામ લઇને બોલાવનાર નથી, તથા મારૂ નામ નિશાન કાયમ રહે તેવું થયું નથી, તાહારા ગેબી ખજાનામાં શીવાતનો ટોટો છે! તારી પાસે સર્વે પ્રકારની સિદ્ધિયો તયાર છે, તેટલા માટે તું મને એક પુત્ર આપ કે જેથી મારૂ નામ તથા બાદશાહીનું નિશાન આ જગતમાં કાયમ રહે.

આં પ્રમાણે આશાના તરંગમાં ડુબકાં મારતો બાદશાહ દરરોજ પોતાનો વખત બિંદગીમાં વ્યતિત કરતો હતો, એમ કરતાં તે બાદશાહની ચાળીશ વરસની ઉમર થવા આવી હતી, એક દિવસે તે બાદશાહ ચારે તરફ બિલોર કાચથી જડેલા ચંદ્રબિંબ અવાસમાં બેસીને પરમેશ્વરની (બિંદગી) સ્તુતિ કરતો હતો. તે કામ અટપી રહ્યા પછી અનાયાસ મોટા વિસ્તિર્ણ કાચના તકતામાં તેની દ્રષ્ટી ગઈ તે વખતે પોતાની મુછમાં એક સફેદ વાળ માલુમ પડયો. તે વાળ ચાંદીના તારની માફક ચળકતો હતો, તે જોતાંજ

બાદશાહની આંખમાંથી અફસોસ સહે આંસુ નીકળવા લાગ્યાં, શી-રૂરવડે કરીને મોટા નિશ્વાસ નાંખવા લાગ્યો, અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, અફસોસ ! કે સઘળી ઉમર વૃથા ગઇ, આ દુનિયાના પ્રપંચ જાળ અને મોહ લાલચવડે કરીને કંઇકને ખરાબ કર્યા, હે મન ! ત્હેં આટલા બધા મુલક દેશ જ્હારે હાથ કર્યા તે સઘળું શા કામનું ! આખરે તમામ મુકીને ચાલ્યા જવાનું છે. અરે! સફેદ વાળ ઉત્પન્ન થયો તે વાળરૂપી વૃદ્ધાવસ્થાનો પેગામ આવી પહોંચ્યો, તે પેગામ મહોતનોજ છે. આ દેહનો જન્મ ધારણ થયા પછી ત્હેં શું કર્યું ? તમામ વૈભવ અહીંયાજ રહેવાનો છે. તે સઘળું બીજાને હાથ જશે માટે હવે તું કેટલા દીવસ જીવવાનો છે ! અરે ત્હેં જ્યારે કંઇજ પૂરૂષાર્થ કર્યું નહીં. ત્યારે વૃથા જન્મજ કહેવાય, વૃદ્ધાવસ્થાની હવે શરૂવાત થઇ દીવસે દીવસે શરીરની તાકાત કમી થવાની, આશારૂપી મોહ પાસમાં ક્યાં સુધી પડ્યાં પડ્યાં રેહેવું ! એક દીવસ મરણ તો છેજ મારી પાદશાહનો વારસ પણ કોઇ નથી. અરે ! તમામ જુઠુંજ છે બસ હવે તો એજ કરૂં કે આ પાદશાહનો ત્યાગ કરીને રાત્ર દીવસ પરમેશ્વરની સ્તુતીમાંજ વખત ગુજારૂ એજ ઉતમ કામ છે. આ પ્રમાણે નિર્ણય કરિને તે આજાદ બખત બાદશાહ મેહલ ઉપરથી નિચો ઉતરી બાગમાં આવ્યો, પોતાના ખાસ અમીર ઉમરાવોને તથા વિશ્વાસુ વજીરને બોલાવીને સર્વની સમક્ષ ફરમાવ્યું કે આજથી કોઇ પણ માણસ મારી પાસે આવે નહી અને સરવે કારભારી લોકો દીવાનખાનામાં આવીને પોત પોતાનું કામ કાળજીથી કરે જાએ હેવજીર! તમે આપણા દેશનું રક્ષણ કરજો, તમે સર્વે કામદારના કામ ઉપર જે તે વખતે લક્ષ રાખતા રેહેજો પ્રમાણે વજીરને બાદશાહે આજ્ઞા કરી વજીરે બાદસાહના હુકમને માથે ચઢાવી કુરનસ બનાવી, બોલ્યો કે આપ મેહરબાન સાહેબનો હુકમ માથે ચઢાવુછું; થોડીવારે થયા એટલે બાદશાહ તુરત ઉભો થઇ બોલ્યા ચાલ્યા વીના એક ઇલાહદા મકાનમાં બીછાનું બિછાવીને પરમેશ્વરની બિંદગી કરવાને બેશી ગાયો

આ વખતે બાદશાહનું ધ્યાન જગત કર્તા એક ઇશ્વર તરફ લાગી રહ્યું છે; તે પોતાનાં નેત્ર એક વસ્તુ ઉપર ઠરાવીને અચળ દ્રષ્ટીથી જોયાં કરે છે તેમાં સાકાર મૂર્તિ માનસિક વૃતિ યોગે ધારણ

ફરી તે સન્મુખ જાણે હિન સ્થિતિવાળો પોતાના પાપની માફી માગતો હોય અથવા તો પોતાના દુષ્કાર્યને માટે, ગમગીન થએલો હોય તેવી સ્થિતિમાં રહિને નેત્રમાંથી આંસુ તો પ્રવાહ ચાલ્યાં કરતો હતો, સાયંકાળ થતો હતો ત્યારે માત્ર પેટને તથા પ્રાણને આવરને માટે માત્ર એક સુકી ખારેક ખાઇને તે ઉપર એક ઘુટડો પાણી પીતો હતો. પછી રાત્ર દીવશ નિમાજની જગો ઉપર પડી રહે તો હતો ઇલાહિદા મેહેલમાથી તે બિલકુલ બાહાર નિકળતો નહોતો, તે જનાનખાંનામાં બિલકુલ જતોજ નહોતો.

વિશ્વાસુ વજીરના અંઃકરણમાં વારંવાર વિચાર આવ્યા કરતા હતા, એકા એકં એકાંત અવાસ ધારણ કરીને બાદશાહ શું કરે છે તે જાણવાને માટે વજીર ઇંતેજાર હતો. બાદશાહની માનીતી રાણી શાહની ગૈર હાજરીને લીધે તે ઘણી વ્યાકુળ થતી હતી. બાદશાહે એકાત અવાસ પકડયો તેનું મુળ રહસ્ય વજીરજાણતા હશે તેવી કલ્પના બાદશાહની માનીતી હુર્માના વનમાં વારંવાર ઉપન્ન થતી હતી, તે જાણવાને માટે પોતાના વિશ્વાસુ દાસીયો માર્ફતે વજીર તરફ કેહેણુ મોકલેલું છતાં તેનું કારણ કલ્પવામાં આવ્યી શકયું નહોતું તેથી હવે શું થાય છે તથા કયાંથી સુધી તે એકાંત અવાસનું શેવન કરે છે તેનો પરીણામ જાણવાને તમામ મંડળ તલ પાપડ થઇ રહેલું હતુ.

એકાંત અવાસમાં પરમેશ્વરની બિંદગીમાં રોકાયલો બાદશાહ ઘણા દિવશ સુધી ત્યાંજ રહ્યો એ પ્રમાણે જ્યારે કેટલાક દિવશો વ્યતિત થયા,

બાદશાહ આજાદબખત પોતાની બાદશાહી ત્યાગ ફરીને એકંતમાં બેશી રહે છે. અને તે રાજ્યનો વહિવટ વજીર કરે છે એવી ખબર દેશ પ્રદેશ ચારે તરફ ધીરે ધીરે ફેલાઇ ગઇ, તેથી. બીજા રાજ્યના હાકેમો તથા બાદશાહો જેકે આજાદબખતને માથુ નમાવતા હતા, તથાં જનરાણો ભરતા હતા, તેઓએ ઉંચીડોટ કરવા માંડી કેટલાક ફીતુર ખોર માણસોએ બંડ ઉઠાવવા માંડયું, કેટલાએકે નજરાણો આપવો બંધ કીધો, કેટલાક ખંડણી રાજાઓ હતા તેઓ લડવાને માટે સાંમા થઇને ખંડણી ભરવી બંધ કરી; કેટલાક મુલક પોતાના કબજામાં હતા તે બીજાઓને હાથ ગયા કેટલા એક બાદશાહો આજાદ બખતના વડા પ્રધાનનો હુકમ માનવા લાગ્યા નહી,

ઠેર ઠેર બંડ અને ફુલ્લડ થવા લાગ્યાં, હરેક સુબાઓ તરફથી અમાન્યતાના જવાબ આવવા લાગ્યા, રૈયત વર્ગમાં ભારે કોલાહલ થવા લાગ્યો, મોટા વિસ્તિણુ જંગલોના રસ્તામાં લુટફાટ થવા લાગી, દગલબાજ અને ચોર માણુસોનો પગ પસાર થવા લાગ્યો. છુપા શત્રુઓ પોતાનો દાવ પેચ ખેલવાને શકતીમાન થવા લાગ્યા.

જ્યારે આ પ્રમાણે થવા લાગ્યું ત્યારે બાદશાહની દરબારમાં જે અમિર ઉમરાવો હતા તે તળામ !વિચાર કરવાને માટે તથા બંદોબસ્ત સારૂ એકઠા થયા; એકંદર સઘળાઓએ એકમતથી એવો ઠરાવ કર્યો કે આપણો પ્રધાન ઘણો બુદ્ધિવાન છે, તેનો મરતબો (બોજ) બાદશાહ આગળ ઘણોજ સારો છે, તેનું બોલવું બાદશાહ ધ્યાન આપે છે તે બાદશાહનો સંપૂર્ણ વિશ્વાસુ છે માટે આપણે તમામ મળીને વડા પ્રધાનને હકીક્ત કહેવી થઇએ.

એવો વિચાર કરીને વડા પ્રધાન પાસે સઘળુ અમીર મંડળ આવી પોહોચ્યું. અને કહેવા લાગ્યા કે.

હે મેહેરબાન? પાદશાહની સ્થિતિ તો આ પ્રમાણે છે તે તમે જાણોછોજ પણ આપણા મુલકની હકીકત પાયમાલ બનિ છે કેટલાક દેશ પારકે હાથ ગયા છે જો આ પ્રમાણે વધારે દીવસ સ્થિતિ રહેશે તો આ પાદશાહના બુજરગોએ (ઘરડાઓએ) ઘણી મેહેમતથી દેશ હાથ કીધો છે તે સઘળો મુલક બીજાને હાથ જશે પછી તે હસ્તગત કરવાને ઘણી મેહેનત પડશે.

અમિરોની આ પ્રમાણે હકીકત તે નિમકહલાલ વજીર કે જેનું નામ ખેરદમંદ હતુ તેણે તમામ સાંભળી લીધી પોતે અફસોસ ચહેરે તમામને કહેવા લાગ્યો કે, બાદશાહે મુલાકાત લેવાને મનાઇ કરેલી છે, તો પણ આ વાત ઉપર જરૂર લક્ષ આપવો જોઇએ, માટે તમે તમામ મારી સાથે ચાલો, હું બાદશાહને ખબર આપું છું તેમાં જો પરમેશ્વર કરે ને તે બાદશાહ મને બોલાવે તો સર્વે કાર્ય સફળ થશે પછી જે થવાનું હોય તે, થાય, એમ વિચાર કરીને તે શાણો તથા નિમકહલાલ વજીર અમિર ઉમરાવોને સાથે લઇને દીવાનખાનામાં આવ્યો તે દીવાનખાનામાં સઘળા અમિર ઉમરાવોને બેસાડીને પોતે એકલો બાદશાહના ખાસ દીવાનખાનામાં ગયો, ત્યાં બાદશાહની ખીજમતમાં ખાજેશરા હતો તેની સાથે સં-

દેશો મોકલ્યો કે તમારો બુઢો તાબેદાર વજીર આપની સેવામાં આપના દરશણને માટે આવ્યો છે. ઘણા દીવસ થયાં પવિત્ર મુખાર્વિંદનું દરશણ થયું નથી માટે તે દરશણનો ઇંતેજાર (ઉમેદવાર) ઉભા રહ્યો છે માટે હુકમ હોય તો આવું એક વખત નજરે જોઇને કદમ બોશી (તસલીમ–સલામ) કરૂં તો મને આનંદ થાય, આ પ્રમાણે તે નોકરની સાથે વજીરે કાહાવ્યું.

બાદશાહની સન્મુખ કુરનરા કરી નોંકરે વજીરની આજીજી ઝાહેર કરી બાદશાહ વજીરની નિમકહલાલી ઉપર ખુશિ હતો ઘણું કરીને તેની તમામ વાત તે સાંભળતો હતો, આબરૂદાર વજીરના કર્તવ્ય કર્મ ઉપરં તથા તેના સરવે ઉતમ કાર્ય ઉપર પાદશાહને સંપૂર્ણ વિશ્વાસથી સંતોષ થયો હતો તેથી વજીર તરફનું કેહેણ સાંભળીને કેટલોક વિચાર કરીને હુકમ કર્યો કે તે બુઢા વજીરને બોલાવો.

જ્યારે બાદશાહની પરવાનગી મળી તે વખતે તે વજીર હજુરમાં જઇ અદલ બજાવી બાદશાહની સન્મુખ હાથ જોડીને ઉભો રહ્યો પછી એકીનજરે શાહ, તરફ જોવા લાગ્યો—આ વખતે બાદશાહની કેવી સ્થિતિ થઇછે તે તમામ ધ્યાનમાં લીધી મુખની આકૃતિ કેવળ ફીકી પડી ગએલી જણાઇ રાત્ર દિવસ શોક અને રૂદન વડે કરીને નેત્રમાં ખાડા પડી ગએલા દેખાયા તમામ શરીરનો ચેહેરો જરદ (ફીકો) થઇ ગએલો માલુમ પડયો શરીરની દુર્બલતાને લીધે કંઠસ્થાન નીચેનો હાડકાનો માળો દેખાતો હતો, રાજ્ય ધર્મથી પૂર્વે જે શરીર ઉપર અહંભેદ કૃતિની ચિનગી ચમકતી હતી તે ચિનગી કેવળ જણાતીજ નહોતી, હાથ પગની સતા કેવળ નરમ દેખાવા લાગી, આ પ્રમાણે વજીર ઘણી વાર સુધી સન્મુખ જોઇ રહ્યો હતો યદ્યપિ બાદશાહે કંઇ પણ પ્રશ્ન કર્યો નહોતો તમે કયા કારણસર આવ્યા છો ઇત્યાદીક જે કંઇ કહેવાનું તે વીવેક પણ વાપર્યો નહોતો કેમકે બાદશાહની તમામ વૃતિ બદલાઇ ગયેલી હતી. તેનું ધ્યાન કેવળ પરમેશ્વર તરફજ હતું રાજ્યકાર્યની ઉપાધીરૂપ કૃત્યાથી જાણે ભય પામીને ગુફામાં પેસી ગયો હોય તેવુ તેનું દેખીતું કાર્ય હતું, તેથી વ્યવહારીક વિવેક દ્રષ્ટી નહી હોવાથી બાદશાહની નજર તે તરફ નહોતી, પણ બુઢો ખેરદમંદ વજીર જે કે ઉભો રહીને તમામ સ્થિતિ ટગર ટગર જોયાં કરતો હતો, એકંદર પાદશાહની વિપરીત

આકૃતિ ખેરદમંદે જોઇ તે વખતે તેના નેત્રમાંથી એકદમ અફસોસનાં આશું ખરવા માંડયા અને તુરત દોડીને બાદશાહના પવિત્ર કદમ ઉપર માથુ નમાવ્યું તે વખતે બાદશાહે વજીરના માથાને હાથ અડકાડીને તેને બેઠો કર્યો અને તેના પ્રત્યે બોલ્યો કે હે વજીર! તમે મને જોયો, તમને આનંદ થયોજ હશે હવે તમે વધારે વાર અહિયાં બેશીને મારા કામમાં ખલેલ કરશો નહી તમે સત્વરથી ઉઠીને પાદશાહીના હોદ્દાનું કામ ચલાવો—

પાદશાહનું આ પ્રમાણે બોલવું સાંભળીને બુઢ્ઢો બજીર ખેરદમંદ પોકે પોકે રોયો, કંઠસ્વર ગળગળિત થઇ ગયો ઘણીજ નમ્રતા સાથે હાથ જોડીને કહેવા લાગ્યો કે ગરીબપરવર! જ્યાં સુધી આપની તબિયત સલામત છે ત્યાં સુધી પાદશાહીને પણ સલામત છે પણ આપ સાહેબે રાજ્યની લગામ મુકી દઇને એકાંતમાં બેસી રહ્યા છો તેથી તેનો પરીણામ ઘણોજ ખોટો થવા આવ્યો છે, દેશ પરદેશ એવી વાયકા થઇ ગઇ છે કે પાદશાહે પાદશાહની ત્યાગ કરીને ફકીર થઈ ગયો છે, હવે તે પાદશાહત ઉપર કોઇ કાળજી રાખે તો નથી એમ સમજીને આજુ બાજુના કેટલાએક ખંડણી ભરનારાએ ઉચુ માથુ કર્યુ છે હે મહેરબાન સાહેબ! પાદશાહી ગાદી ઉપર બેશીને જે કંઇ રાજ કારકીર્દ ચલાવવાનું આપનું કામ છે તેનો ત્યાગ કરીને આપ શા માટે એકાંત અવાસ લીધો! તેનું શું કારણ છે તે હકીકત હું કેમ જાણી ન શકું! આપનો તાબેદાર જો કે તેનો ભેદ જાણી શકશે તો તેનો બનતો ઇલાજ કરી શકશે, આપનું નિમક આપના બંદાએ ખાધુ છે અમારો ધર્મ નીમક હલાલીથી કામ કરવાનો છે. માટે આપના દીલની વાત અમને કેહેવીજ જોઇએ, માટે હે હજુર સાહેબ! આપના મનની હકીકત જ્યારે આપનો બુઢ્ઢો વજીર નિમકહલાલ છતાં તે નહી જાણે તો બીજો કોણ જાણશે. !

વજીરનું તમામ બોલવું પાદશાહ સાંભળીને શાંત થયો. પછી વજીર પ્રત્યે બોલવા લાગ્યો કે— જે ફીકર મારા અંતઃકરણમાં છે તે ફીકર માટે પ્રયત્ન કર્યાથી રસ્તો માલુમ પડે તેમ નથી, માટે હે ખેરદમંદ વજીર હું તમને શું કહું તેનો પરીણાંમ પરમેશ્વરના હાથમાંજ છે. તે જ્યારે સુખ બક્ષે (આપે) તોજ મળે તેમ છે. માણુસ જાતના પ્રયત્નથી બની શકે તેમ નથી. જેવોકે મારી

તમામ ઉપર બાદશાહીના હોદ્દા ઉપર રહી મુલક કબજ કરવામાં ગુજરી ગઈ અથવા અનેક પ્રકારની ઉપાધી રૂપી દરદમાં દીવસો વ્યતિત થયા; પણ બીજું કંઇ કાર્ય થયું નહીં. તેમ કરતાં કરતાં મારી વૃદ્ધાવસ્થા થવા આવી. નવો આ સફેત વાળ રૂપી મોહોતનો પેગાંમ પણ આવી પહોંચ્યો છે, છતાં હજુ સુધી મને પુત્રનું પણ સુખ નથી; જેમ દિવા વિના મેહેલમાં અંધારૂં હોય છે તેમ પુત્ર વિના કેવળ અંધારૂ સમજું છું; રાજ્ય વૈભોગનો તથા અત્યાર સુધી મ્હેં પરિશ્રમ વેઠીને જે જે દેશ હાથ કીધા છે. તથા જેટલો વૈભવ મ્હેં પેદા કીધો છે. તથા જેટલી સતા તથા જેટલી કિર્તિ તથા જેટલું દ્રવ્ય મ્હેં સંપાદન કર્યુંછે તેનો ઉપભોગ કરનાર વારસદાર કોઈ રહ્યો નથી; માટે હે વજીર ! આ તમામ પેદા કરેલી વસ્તુ મુકીનેજ જવાનું છે. એક કોડી કફન પણ સાથે આવવાની નથી. એટલા માટે મારૂ દીલ ઉદાશ રહે છે; એટલાજ માટે તમામ ફના સમઝીનેજ સઘળી વસ્તુનો ત્યાગ કરીને હું બેઠો છું, પછી જેની મરજીમાં આવે તે આ મુલક લૈ લે તેની મને બિલકુલ કાળજી નથી.

કોઇ કોઇ દિવસ એ હેવો પણ વિચાર ઉત્પન્ન થાય છે કે સઘળો વૈભોગ રાજ્ય સુખ વીગેરે મુકીને જંગલમાં નકળી પડું. અને મોહોટા પાહાડોની ખીણમાં એકાંત ગુફાઓનું શેવન કરૂ, દુનિયામાં કોઇને માહારૂ મોહું બતાવું નહી. અને મોહોત આવતા પેહેલાં બાકીની જીંદગી જંગલમાં રહીને પરમેશ્વરની બિંદગી કરવામાં ગુજારૂ જેથી કરી આખર મારૂ કલ્યાંણ થાય. અને પરમેશ્વરની શેવામાં મારો નિવાશ થાય. એજ ઉત્તમ સમઝું છું.

હે વજીર ! આ દુનિયાનું તમામ પ્રકારનું સુખ હું ભોગવી ચુક્યો છું. સ્વાર્થ કપટ પ્રપંચ દાવપેચ યુદ્ધ વીગેરે કરી ચુક્યો છું, દુર્જન માણુસોને સાસન કરી ચુકયો છું. સુખ વિલાસ વૈભવ વિગેરે જોઇ લીધા છે. હવે કોઇ પ્રકારની મને આશા રહી નથી જે આશા રહી છે તે ફળીભુત થઇ શકી નથી. આ પ્રમાણે વજીર પ્રત્યે તે પાદશાહ બોલતો બોલતો બંધ થયો, અને મોટી અફસોસીનો તેણે નિશ્વાસ મુકયો.

ખેરદચંદ આ બાદશાહના બાપની વખતનો જુનો બુઢ્ઢો વજીર હતો, અને બાદશાહ તો નહાનો હતો. આ બાદશાહને બાલ્યાવસ્થામાં

આ વજીરે સારી કેળવણી આપી હતી, તેથી તે બાદશાહ બુઢ્ઢા વજીર ઉપર ઘણીજ પ્રીતી રાખતો હતો, તે સાથે બુઢ્ઢા વજીરને માટે તેનો ઉમદો અભિપ્રાય હતો તે વજીર દાનો, બુદ્ધિશાળી, ધૈર્યવાંન ધારીષ્ટ, સમયસુચકતાવાળો, કદર કરનારો, અને વિચારશીળ છે એમ તે જાણતો હતો તેથી તેણે પોતાના અંતઃકરણની વાત ખુલ્લિ કરીને બુઢ્ઢા પ્રધાનને બતાવી દીધી, બુઢ્ઢા વજીરે તમામ વાત બાદશાહની સાંભળી ક્ષણવાર વિચારમાં સ્થિર થયો.

હે પાદશાહ ! આ પ્રમાણે નાઉમેદ થવું એ યોગ્ય નથી. જેણે આખું જગત અનેક પ્રકારની ખુબીથી બનાવ્યું છે. જેની શકિત અગાધ છે. જેનામાં કળી ન શકાય તેવી શકતી છે. જે પળમાં ચાહે તે કરી શકે તેવો છે, તે તમને પુત્ર આપવાને કેમ શકતીવાંન ન હોય ! એમ કરવામાં મોટી મુશીબત નથી.

હે બાદશાહ ! આપના મનમાં જે કંઇ જુઠો ખ્યાલ ઉત્પન્ન થયો છે તે તમે દુર કરો. ને તેમ નહી કરો તો તમામ દેશ બરબાદ થઇ જશે આ બાદશાહી તમારા વડીલોએ (બુજરગોએ) ઘણી મેહેનતથી પેદા કરી છે તે તમામ હાથથી જતી રહેશે, આપની બેદરકારીથી પ્રજા દુખી થશે જ્યારે તેમ થાય ત્યારે બધો મુલક વેરાન થઇ જશે, તેથી કરીને આપની કીરતી ઘટશે, બાદશાહનો ધર્મ, પ્રજાનું રક્ષણ કરવાનો છે. તેવી બાદશાહી પરમેશ્વરે મેહેરબાની કરીને આપને બક્ષી છે. અને તેની સાથે પરમેશ્વરની આજ્ઞા છે કે પોતાના દેશનું રક્ષણ કરવું. જેવી રીતે જગત કરતા પરમેશ્વર આ દુનિયા બનાવીને તમામનું ભરણ પોષણ કરે છે તેવી રીતે પરમેશ્વરે તમને બાદશાહી આપીને પ્રજાનું રક્ષણ કરવાને આજ્ઞા આપી છે તે પ્રમાણે જો કે આપ નહી કરો તો છેવટે કયામત (જગતનો નાશ થયા પછી છેવટે તમામ જીવોનો એક દીવસે ઇનશાફ થવાનો તે મુકર દીવસ) ને દીવસે પરમેશ્વર આપની પાસે જવાપ માગશે, અને સવાલ કરશે કે તને પાદશાહી હવાલે કરી હતી, તથા જે સત્તા મ્હે બક્ષિશ કરી હતી. તેનાથી નાઉમેદ થઇને રઇયતને શા માટે હેરાન કરી ? આ પ્રમાણે જો સવાલ થશે તેનો ઉતર આપ શી રીતે આપશો ?

એ વખતે અત્યારે જે પરમેશ્વરની સ્તુતી વીગેરે આપ કરો છો તે કંઇજ કામમાં નહીં આવે. જંગલમાં ફરવું, ભટકવું, દુઃખ

વેશ્યું, એ તમામ જોગીનું કામ છે, તે કામ બાદશાહનુ નથી. જે બક્ષિસી પરમેશ્વરે મહેરબાની કરીને આપી છે તેમાં સંતોષ માનીને તે કામ કરવું એજ યોગ્ય ગણાય છે સુખ અને દુખ એ બે વસ્તુઓ મુળથીજ પરમેશ્વરે પેદા કરી છે સંતોશથીજ માણુસ માત્ર સુખી રહે છે. સુખ દુખ માનનાર મન છે, માટે શુધ મન વડે કરીને પરમેશ્વર ઉપર ઇતબાર રાખવો એજ ઉતમ કામ ગણાય છે. માટે જંગલમાં તથા પાહાડોમાં નિવાસ કરવો યોગ્ય નથી, જુવો કે.

બેત.

ખુદા ઇસ પાશ એ દુહુંડે જંગલમેં
ધન થોડા શહેરમે લડાકા બગલમેં

આ પ્રમાણે આપે બેત સાંભળી હશેજ, માટે જો કે આપ ઇનસાફ કરો અને ફીદવીની વીનંતી કબુલ કરો તો બહેતર એજ છે કે હર વખતે પોતાનું ધ્યાન પરમેશ્વર તરફ લગાડીને સ્તુતિ કરવી કે તેમની મેહેરબાનીથી તથા તેમની દ્રષ્ટીથી સારૂ થાય, એટલા સારૂ આપ પોતાનું કામ સંભાળીને પરમેશ્વર ઉપર ધ્યાન રાખો; આપના ઉત્તમં પ્રકારના ન્યાયથી તથા કામથી સરવે ખુશીમાં રહે સઘળી રૈયત પરમેશ્વરની બિંદગી કરે તેની દુવાનું ફળ આપને પણ મળે પરમેશ્વર આપને સદલુધી બક્ષે જેથી પરમેશ્વર તરફ આપનું ધ્યાન પણ ખેંચાય, જગતના પેદા કરનારના દુત પેગંબરને યાદ કરી તેની સ્તુતિ કરો, કોઇ પવિત્ર મુર્શદ ફકીર (સાધુ સંત, તાપસી, યોગી) વીગેરેની શેવા કરી તેમની મદદ માગો, તથા કેદીયોને, તથા બચરવાલ ગરીબ લોકોને તથા રાંડી રાંડોને દરરોજ ખેરાત કરો તો તે પ્રકારના પુન્યે કરીને તથા ઉતમ કામો એ કરીને બરકંત થશે. પરમેશ્વર કરશે તો આપના મનની મુરાદ (ઇચ્છા) હાંસલ થશે.

આપના મનમાં જે પરિતાપ થાય છે તે સરવે શાંત થશે, એક ઇશ્વર ઉપર નજર રાખવી જોઇએ કે જેથી તેની કૃપાથી સરવે કામ સારા થશે.

બુઢ્ઢા વજીરે આ પ્રમાણે પાદશાહને બોધ આપ્યો તેથી પાદશાહને ધીરજ આવી, પછી વજીર પ્રત્યે કહેવા લાગ્યો કે

તમારા કહેવા પ્રમાણે હવે કરી જોઉં અને જોઉં છું કે

હવે કેમ થાય છે, જેમ પરમેશ્વરની મરજીમાં હશે તે થશે, એટલુ કહીને પછી ફરીથી ધીરજ પકડીને કહેવા લાગ્યો કે હે વજીર! બીજા અમીર અને મુત્સદી વીગરે તેઓ શું કરે છે! તે લોકો પોતાના કામકાજમાં કેવી રીતે રેહે છે!

તે સાંભળી વજીર બોલ્યો કે જહાંપના! આપના તમામ અમીર ઉમરાવો તથા તમામ મુત્સદી વર્ગ આપના જાન માલને દુવા દે છે તથા આપના દરસનને માટે આતુર છે, આપના એકાંત વાસથી તેઓ ઘણા હેરાન થએલા છે, માટે આપનો મુબારક ચેહેરો તેઓને જ્યારે આપ બતાવશો ત્યારે તે સરવના અંતઃકરણમાં આનંદ સાથે ધીરજનો વધારો થશે આપના મુબારક ચેહેરાની ઝાંકીને માટે તે તમામ વર્ગના ઉમરાવો દીવાનખાનામાં હાજર છે. આ પ્રમાણે વજીરનું બોલવું સાંભળીને બાદશાહે કહ્યું કે, જો પરમેશ્વરની મરજી હશે તો આવતી કાલે પ્રાતઃ કાલે હું દરબારમાં આવીશ, તેટલા માટે તમે સરવે અમીર ઉમરાવો તથા મુત્સદીયોને ખબર આપજો કે તે વખતે બધાએ હાજર રહે,

આ પ્રમાણે મેરદમંદ વજીરે જ્યારે પાદશાહનો હુકમ સાંભળ્યો ત્યારે તે ઘણો ખુશી થયો, બન્યો હાથ જોડીને પરમેશ્વર પાસે દુવા માગી, અને બોલ્યો કે જ્યાં સુધી જમીન અને આસમાન (આકાશ) કાયમ છે ત્યાં સુધી આપનું તખત તથા તાજ હમેશાં કાયમ રહે જો, એ પ્રમાણે આશિર્વાદ દઈને, પાદશાહની રજા લઈને ખુશી થતો બાહાર આવ્યો, દીવાનખાનામાં જે અમીર ઉમરાવો બેઠા હતા તેમને તમામ બનેલી હકીકત કહી. આવતી કાલે પાદશાહ દરબાર ભરવાના છે તે વાત જાણીને તમામ મંડળીને આનંદનો પાર રહ્યો નહી, પછી સરવે પોતપોતાના ઘર તરફ ચાલવા માંડયું, આ વાતની ખબર તમામ શેહેરમાં ફેલાઇ ગઈ, રહીયતમાં ઠેર ઠેર આનંદ વર્તાવવા લાગ્યો; આવતી કાલે બાદશાહ દરબાર ભરીને બેસવાના છે એવું જાણીને ચાકર નફર વગેરે દરબારી નોકરો પોતપોતાના કામમાં કાળજી રાખવા લાગ્યા, બીજે દીવસે તમામ અમિર ઉમરાવો. તથા નોકર માત્ર તથા રહીયતમાંના લાયક માણસો દરબારમા પોતપોતાની જગેએ દરબારમાં હાજર થઈ ગયા. આ વખતે બાદશાહની આવવાની રાહ જોવાની છતેજારી ઉપર સરવેનુ લક્ષ ચોટયું હતું. એમ કરતાં પોહોર દીવસ ચડયો

એટલે પાદશાહ તખત ઉપર આવીને બેઠો—આ વખતે જાણે શાદી (લગ્નનો ઉત્સવ હોય) તેવી રીતે નગારાં વાગવા માંડયાં, સરવે લોકોએ મુબારક બાદીની ભેટ બાદશાહ આગળ મુકીને પોતપોતાની જગોએ અદબ વાળીને બેઠા, ' પાદશાહે પણ હરએકના મરતબા (આબરૂ) મુજબ ઇનામ આપ્યું. તેમ કરીને સરવેના મનમાં ખુશી ઉત્પન્ન થઇ જ્યારે સુર્ય માથા ઉપર આવ્યો એટલે બપોરનો વખત થયો તે વખતે પાદશાહ દરબાર બરખાસ્ત કરીને મેહેલમાં દાખલ થયો; પછી ખાંણું ખાઇને આરામ લેવા સારૂ સુતો, તે દિવસથી પાદશાહે સહવારથી તે બપોરસુધી દરબાર ભરવાનો નિયમ દરરોજને માટે રાખ્યો ત્યાર પછી ત્રીજો પોહોર થાય એટલે પરમેશ્વરની બિંદગી કરવી, તથા ધર્મના પવિત્ર પુસ્તકો વાંચવામાં તે વખત ગુજારતો હતાં, અને પરમેશ્વરની શેવામાં પોતાના ગુનાહની માફ માગતો હતો.

એમ કરતાં એક દિવસ પુસ્તકમાં તેણે એવું લખેલું વાંચ્યું કે, કોઈ માણસને માથે દુખ તથા ફિકર આવી પડે છતાં તેનો ઈલાજ બનિ શકે તેવું ન હોય તો તેના માટે તેણે પોતાના નશિબ ઉપર આધાર રાખવો ઘટે છે; વળી પોતે ઘોરસ્તાંન (કબરસ્તાન–સ્મશાન)માં જઇને પેગંબરના રૂહ ઉપરદુવા ભણીને જનારમાં હદમાં દુવા માગે, તથા પોતાને આ દુનિયાંની ગફલતથી હુશીઆર રાખેઃ—બીજાઓની સ્થિતિ જોઇને તથા બીજાઓનું દુખ જોઇને પોતાના કાર્ય ઉપર રડે તે સાથે પરમેશ્વરની અનેક રચના ઉપર ધ્યાન પણ આપે તે સાથે એટલુ જોઇએ કે, પુર્વે કેહેવા સરદારો તથા પાદશાહો તથા સંપૂર્ણ પૈશાથી ભરપૂર સમર્થ થઇ ગયા છે તો પણ તે સઘળાંનો આ આકાશમાં સમાસ થઈ ગયો છે.

જેમકે એક કહેવતમાં કહ્યું છે કે—

દોહરો.

ચલતી ચક્કી દેખકર, દિયા કબિરા રોય,
દો પાતનકે બીચમે સાબિત રહા ન કોય.

(ઘંટીને ફરતી જોઇને કબીર રડવા લાગ્યો. તેનો હેતુ એ હતો કે ઘંટીના બન્યો પડની વચ્ચે જે દાણા પીસાઇ જાયછે તેમાથી એક દાણો બચતો નથી. તેજ પ્રમાણે જમીન અને આસમાન (આકાશ) રૂપી બન્યો પડ વચે મનુષ્યાદીક પ્રાણીમાત્ર જે દાણા

રૂપી છે તે શી રીતે બચે!)

જ્યારે ધ્યાન આપીને દ્રષ્ટી કરીએ છીએ ત્યારે નજરે પડે છે કે માટીના ઢગલા શિવાય કંઈજ નજરે આવતું નથી, સઘળી દોલત દુનિયા તથા ઘરબાર અને કુટુંબ કબિલો મિત્ર, ચાકરો ઘોડા હાથી વીગેરેનો વૈભવ છોડીને એકલા કબરસ્તાનમાં (સ્મશાનમાં-તથા ઘોરસ્તાનમાં) પડેલા છે. તેટલા માટે રહેલી સરવે ચીજો તેમના કામમાં કંઈજ આવતી નથી, ઘણા વરસ થઇ ગયા પછી તેઓ કોણ હતા! તે વિશે તેમનું નામ પણ કોઇ જાણતું નથી, કબરસ્થાનમાં સુતેલા કે જેઓ એશ આરામ લેતા હતા તેજના શરીરને કીડાઓ ખાંઇ ગએલા હશે, પરમેશ્વરની આગળ તેમનો કેવો હેવાલ થયો હશે. તેમના કરેલા કર્મની કેવી નસિયત મલી હશે, અથવા તો તેમને માટે કેવો ન્યાય મળવાનો છે. એ વીગેરે જેઓ વીચાર લાવીને દીન થઇને રહે છે તેઓ સંતોશવડે કરીને તથા પરમેશ્વર પ્રત્યે ભક્તીવડે કરીને સુખી રહે છે.

આ પ્રમાણે પાદશાહે પુસ્તકમાંનસિયત (શીખામણ) લખેલી ધ્યાનમાં લીધી, ખેરદમંદ બુઢ્ઢાવજીરે પાદશાહને એકાંત અવાસમાં પ્રથમ જે કંઇ ધૈર્યતાની સાથે બોધ આપ્યો હતો તે તેને તમામ યાદ આવ્યું, તે સાથે ખેરદમંદ વજીરે કહેલાં વાકયો અને પુસ્તકમાં લખેલી નસિયત એ બંન્યો જ્યારે સરખાવવા લાગ્યો ત્યારે એકજ વિષય. જણાયો તેથી તેનું મન ઘણું પ્રસન્ન થયું ખેરદમંદ જેવા બુઢ્ઢા વજીરના શબ્દો ઉપર તેને ઘણો પ્યાર વધ્યો, તે સાથે બાદશાહનું મન ઘણું ગળી ગયું શોકના સમુદ્રમાં ડુબી ગયો,—પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે પાદશાહી દીમાકથી સ્વારી કરીને હવે જ્યાં ત્યાં ફરવા જવું નહી તે કરતાં બેહેતર છે કે 'ઊંચમ લિબાસ બાજુ ઉપર મૂકીને કોઈ ગરીબ માણુસ જેવો લીબાસ (વસ્ત્ર) પેહેરીને રાત્રી વખતે એકલો કબરસ્થાનમાં અથવા કોઈ પરમેશ્વરની બિંદગી કરનાર ફકીરના ટોળામાં તેમની શેવા માટે દરરોજ હું જવાનું શરૂ કરૂં; અને તમામ રાત તેઓની શેવામાં ગુજારૂં કે તેથી કરીને તેમની અજાયબ શક્તીના પ્રભાવની મદદથી મનમાં ધારેલા સુખની આશાને પ્રાપ્ત કરૂં કે જેથી ત્રિવિધી તાપ 'કે આધી વ્યાધી અને ઉપાધીથી મુક્ત થઇને શાંન્ત થાઉ આ પ્રમાણે પાદશાહે વીચાર નિશ્ચય કરીને એક દીવસ રાત્રી સમયે તે પાદશાહે જાડાં

કપડાં પેહેરીને કેટલીક અશરફીયો સાથે લઇને યુક્તીથી પોતાના શેહેરના દરવાજા બાહાર નીકળી ગયો,મેદાનનો રસ્તો પકડયો ત્યાંથી ચાલતા ચાલતાં ઘોરસ્તાંન (કબરસ્તાંન) ની નજીક જઇ પોહોચ્યો ત્યાં જઇને પોતે શ્રદ્ધાથી પરમેશ્વરની સ્તુતી કરતો હતો તે સાથે ચારે તરફ નજર કરીને જોતો હતો, તે વખતે પવન બહુ જોરથી ફુકતો હતો, જાણે કોઇ ભારે તોફાન હોય તેમ પવનના સપાટાથી જણાતું હતું. રાત્રી અંધારી મીણુ જેવી હતી,

પાદશાહ ઘોરસ્તાનમાં જે જગોએ બેઠો હતો તે ઠેકાણે તેના નજીકમાં બાજુ કોઇ હતું નહી તેની દ્રષ્ટી એક બાજુએ ગઇ હતી, તેવામાં એકાએક તેને દુરથી દીવાનું અજવાળુ માલુમ પડયું તે જાણે પાછલી રાત્રીનો શુક્રનો તારો તેજ આપે તે પ્રમાણે તેને દેખાવા લાગ્યું,—

પાદશાહે મનમાં વીચાર કર્યો કે આહાવો તોફાની પવન છતાં અંધારામાં દીવાનું અજવાળુ માલુમ પડે છે તે કંઈ પણ કરામત હોવી જોઇએ, અથવા જાદુઇ ક્રીયા હોવી જોઇએ જોકે કાફી અને ગંધકની મેળવણીથી બતી પગટેલી હોય તો આહાવા પવનમાં તે ગુલ થાશે નહી. અગર તેમ નહોય તો કોઇ પરમેશ્વરનો ભક્ત વલી હોય અને તેના આગળ આવી પ્રકારનો ગેબી દીવો કદાપી હોય;જેમ થવાનું હોય તે થાય પણ તે સઘળુ જોતુંજ જોઇએ, અરે હું પણ ઉમેદ રાખુંછું જે દીવો હું નજરે જોઉછું તે જોયાથી રખેને કદાપી મારા ઘરમાં પુત્ર વિના જે અંધારૂ છે તેવા ઘરમાં અજવાળુ પણ થઈ શકે. જેથાં મારા મનની આશા ફળિભુત થાય,

આ પ્રમાણે વિચાર કરીને તે પાદશાહ ધીરે ધીરે જવા લાગ્યો, છેક નજીક જઈ પોહોચ્યો, પણ તે એક છુપી જગોએ તમામ રચના જોવાને બેઠો હતો. જ્યારે તે ધ્યાન રાખીને જોવા લાગ્યો ત્યારે તેને જણીયું કે કોઈ ચાર મુસાફર ફકીર કંધકથી ફરતા ફરતા આવેલા અફસોસીવાળા ચેહેરાથી ઉંડા વીચારમાં લીન થએલા શાંત થઇને પુતળાની માફક પોતાના બિસ્તરનો ટેકો રાખી આડા થઇને બેઠેલા દેખાયા, તેમની આગળ એક ચમત્કારીક દીવો ઘણા તેજવાળો એક પથ્થર ઉપર બળ્યાં કરે છે. તે દીવાના રક્ષણને માટે બીજો કોઇ પણ પ્રકારનો આધાર નહોતો તે દીવાને

આકાશ રૂપી આજુ બાજુનું માત્ર ફાનસ હતું અસંતપવન ફુકતો હતો તો પણ તે કરામતી દીવો હોલાઇ જતો નહોતો તે ઝુકતો ઝુકતો બલ્યાં કરે છે.—આ પ્રમાણે આશ્ચર્ય કારક (અજાયબ રચના) જોઇને પાદશાહને સંપૂર્ણ શ્રદ્ધા ચોટી. મનમાં વિચાર કરવા લાગ્યો કે હવે ખસૂસ મારા મનની ઉમેદ પાર પડશે,—મારા મનમાં ઉમેદ રૂપી જે ઝાડ સુકાઈ ગયું છે તે ઝાડ આ લોકોને મળવાથી લીલુ નથા ફલ ફુલ યુક્ત આનંદ આપે તેવું જરૂર થશે, માટે તેઓની પાસે જઇને માહારો તમામ હેવાલ કહી સંભળાવુ, તેમની મિજલસમાં દિનસ્થિતિ વાળો થઇને તથા તેમની શેવા બજાવવા રૂપ શેવક થઇને ભાગીયો થાઉ કે જેથી મારા ઉપર મેહેરબાની કરીને સારો આશીરવાદ આપે કે જે તેમનાં અમુલ્યવચન પરમેશ્વર પણ મંજુર (કબુલ) રાખે.

આ પ્રમાણે ઇરાદો કરીને, તે પાદશાહ તે ચાર ફકીરના પવીત્ર કદમમાં માથુ નમાવવાને જવાની તયારી કરતો હતો તેટલામાં એકાંએક તેને ફરીથી બીજો વિચાર આવ્યો કે એકાએક સાહસ કામ કરવું નહી જરાક. ધીરજ રાખીને બેસવું જોઇએ. ધીરે ધીરે તમાસે. જોવો જોઇએ, તેઓ પરસ્પર કંઈપણ વાત કરે છે કે કેમ તે જોવું જોઇએ તે પેહેલાં ઉતાવળ કરીને બેવકુફી કરવી એ પણ ઠીક નહી. કમકે તે કોણ છે, કદાપી કોઇ દેવ છે કે કેમ, અગર કોઇ ભુતનું ટોળુ હશે તો પછી કેમ થાય! તેથી એકદમ ઉતાવળ કરીને જવું નહી જોઇએ, હાલ એક ખુણામાં છુપી જગાએ ઠરીજવું જોઇએ;

એ પ્રમાણે વિચાર કરીને તે પાદશાહ ફકીરોની નજીક એક ખુણાની જગોમાં લપાઇને બેસી ગયો. અને હવે શું થાય છે તે સઘળું જોવાની આશામાં મસ્ત થયો.

આ તરફ જે ચાર ફકીરો બેઠા હતા. તેઓમાંથી એક ફકીરને છીંક આવી તેથી તે છીક ખાધા પછી તે ફકીરે પરમેશ્વરનું નામ યાદ કરીને ચુપ થયો. છીંકનો અવાજ સાંભળી બાકીના ત્રણ દરવેશો (ફકીરો) એકદમ ચમકી ઉઠ્યા. પોતાના આસન ઉપર બેઠા થયા પોતાની આગળ જે ચિરાગ (દીવો) હતો. તેને જરાક વધારે પ્રકાશ વાળો કર્યો, સરવે સચેત થઇને હોક્કો ભરીને પીવા લાગ્યા, તેમાથી એક ચોથો ફકીર હતો તે બીજા ત્રણ ફકીર પ્રત્યે બોલવા લાગ્યો કે હે મુસાફર મિત્રો! આપણે ચારે જણાઓ જુદે જુદે ઠેકાણેથી

ઓહોળી મુસાફરી રાત દિવસ ફરી ફરીને આ રસ્તે રખડતા રઝળતા જગત પેદા કરનાર પરવર દિગાર (પરમેશ્વર) ની મેહેરબાનીથી આવ્યા છીએ, આવતી કાલે શું થશે તેની કોઇને ખબર પડતી નથી, અથવા આગળ શું થશે, કિંવા આવતી કાલે આપણે ચારે જણાઓ ભેગા બેસીશું કે કેમ તેનું નિશ્ચય કરવાને પણ મન શક્તી આગળ વધી શક્તી નથી, હજુ રાત્રી ઘણી લાંબી છે. નિંદ્રા આવત્તી નથી; તેથી નાહક પડી રેહેવાનું મન થતું નથી. તેના કરતાં બેહેતર છે કે આપણે-પોતપોતાની મુસાફરીની હકીકત કહેવી જોઇએ.

મુસાફરી કરતાં જે જે પ્રકારની હરકતો આવી પડી હોય અથવા જે બિના બનિ હોય તે વિશેની હકીકત સાચેસાચી કહેવી જોઇએ, જેથી રાત વાતોમાં વીતી જશે કદાપી થોડી રાત બાકી રહેશે તો આપણે પડી રહીને આરામ લઇશું,

આ પ્રમાણે ત્રણમાંથી એક ફકીરની વાત સાંભળીને બીજા ત્રણ દરવેશોએ કહ્યું કે તમે જે કહો છો તે પ્રમાણે કરવામાં ગમત પડશે. માટે તમારો જે હેવાલ હોયતે કહો અમે એક ચિતથી સાંભળીશું,

પહેલો ફકીર પોતાની મુસાફરીની હકીકત કહેછે.

પેહેલો ફકીર બેઠો થઇને પોતાના ઉપર જે પ્રકારની આફત ગુજરી તેનો સવિસ્તર હેવાલ કથન કરવા લાગ્યો. ત્રણે દરવેશોને કહેવા લાગ્યો કે પરમેશ્વરની બંદગી કરનારા હે દરવેશો તમે જરા મારી તરફ મુખ ફેરવીને બેસો કે હું શેવક પોતાનો હેવાલ કહે તે સાંભળો.

બેત.

એ સર ગુજરાત મેરી જરા કાન ધર સુનો.
મુજકુ ફલકને કર દિયા જેરો જબર સુનો
જો કુચકે પેશ આઇ હે શિદદત મેરે તઇ.
ઉશકા બયાન કરતાહું તુમ શર બશર સુનો.

એક એમન નાંમનો મુલક છે તે મુલકમાં અમારા વડીલો રહેતા હતા. તેમજ તે મુલકમાં માહારો પણ જન્મ થયો છે. તે સ્થાનની રમ્યભુમિ જોતાંજ મનને અલ્હાદ પ્રાપ્ત કરે તેવી છે. ત્યાંની સઘળી જમીન ફળદ્રુપ અને રસકસને આપવા વાળી બાગ

બગીચા વન ઉપવનથી શુંશોભિત દેખાવવાળી છે; તેવા ઉત્તમ પ્રદેશમાં મલેક તુજારખાંન હેમદ નાંમનો એક મોટો સોદાગર હતો તેની વખતમાં તેના જેવો બીજો કોઇ વેપારી અથવા સોદાગર નહોતો. તેના કારભારીયો તથા ગુમાસ્તાઓ દેશ પરદેશ વેપારની મોટી દુકાંનો કરીને તથા માલની કોઠી નાંખીને રેહેતા હતા, ઘણા મુલકોમાં તેનો સર્વ પ્રકારનો કીમતીલાલ વેચાતો હતો; તેથી તેની પાસે કરોડો રૂપીઆની રોકડ તથા કીમતી જણસો હતી. એવો તે અનેક પ્રકારના વૈભવ સાથે કિર્તિવાળો છતાં તેને બે સંતાન હતા: તે બે સંતાન માહેનો હું એક પોતેજ જેકે તમારી સન્મુખ કફની તથા શેલી પેહેરીને બેઠાલો ફકીરછું. અને એક માહારી બીજી બેહેન કે જેને મારા બાપે પોતાની હયાતીમાં બીજા દેશાવરમાં એક સોદાગરના છોકરા સાથે લગ્ન કર્યું છે તે હમેશાં પોતાના સાસરામાંજ રહેછે.

જેના ઘરમાં અસંખ્ય દોલત હોય. અને સરવે પ્રકારનું સુખ હોય તે સાથે તેને એકજ પુત્ર હોય તે વખતે તેવો ધવવાન માણસ પોતાના પુત્રને લાડ લડાવવામાં કંઇ પણ કસર રાખતો નથી તેજ પ્રમાણે તમારી સન્મુખ હું જે ફકીરછું તેને અનેક પ્રકારના સુખની શીમાન હોતી. લાડ લડાવવામાં કશી કસર નોહોતી. જેમ જેમ હું મોટો થતો ગયો તેમ તેમ મને ભણાવવા માંડયો. તેમજ લખવાનું કામ શીખ્યો. ત્યારપછી સીપાઇગીરીનો હુંન્નર મેળવ્યો. અને તે પછી સોદાગીરીનો કસબ સીખ્યો, માહારી ચૌદ વરસની ઉમર થઇ ત્યાં સુધી હું બેફિકર રહયો, કોઇ પણ પ્રકારની કાળજી મને નહોતી, દુનિયામાંશું થાયછે તેની મને ખબર નહોતી, અનેક પ્રકારના સુખમાં મસ્ત થએલી માહારી સ્થિતિ હતી તેથી દુખ કેવું હશે તેસંબંધી મને બિલકુલ અનુભવ નહોતો પછી એકાએક માહારાં માબાપં ગુજરી ગયાં તેથી અનાયાસ હું દુખી થયો માબાપની મમતા અને તેમના સુખની શીમાનો પાર આવી ગયો તેથી હું ઘણો અફસોસ રહેતો હતો કોઈ પ્રકારે મને ચેંન પડતુ નહોતું, હું વગર માબાપનો દીન જેવો થઈ ગયો, મારે માથે કોઇ વડીલ રહ્યું નહી, માત પીતાના મર્ણ રૂપી એકા એક મારે માથે દુખ આવી પડયું હતું જેથી રાત્રદીવશ મને ચેન પડતું નહોતું. હું રડયાં કરતો હતો, ખાવા પીવાનું પણ મુકી દીધુ હતું. આ પ્રકારે ચાલીસ દીવશ જેમ તેમ

કરીને ગુજર્યાં પછી ચોવાળીસમે દીવશે બધાં નાંહાનાં મોહોટાં સગાં વાહાલાં એકઠાં થયા તેઓ જ્યારે ફાતિયાથી સરવે પરવાર્યા ત્યારે તે સઘળાં એ મળીને હું ફકીરનો બાપનો અફસોસ ત્યાગ કરવાના નિશાન રૂપ રૂડીને અનુસરીને પાઘડી બંધાવી, ને ઘણી ઘણી રીતની શીખામણ દઇને મને સમઝાવ્યો અને કહેવા લાગ્યા કે ભાઇ! દુનિયામાં સરવેના માબાપ મરી જાય છે તે નજરે જોવામાં આવે છે. આપણે પણ કોઇ દીવશે મરી જઇશું તેથી હવે ધીરજ રાખીને તું તાહારા ઘરનું તમામ કામ સંભાળી લે હવે તું તાહારા બાપની જગોએ સરદાર થયો છું. તેટલા માટે તું પોતાના કારભારમાં તથા લેવડ દેવડમાં હુંશીયાર રહે, એ પ્રકારે કેટલીક ધીરજની વાતો કહીને તે લોકો પોત પોતાને ઘેર રવાને થયા, પછી ગુમાસ્તાઓ તથા કારભારીયો. નોકર ચાકરો, સરવે મારી સનમુખ આવીને હાજર થયા, અને માહારા આગળ તેઓએ નજરાણાની રકમ રોકડ મુકી પછી તેઓ મને કહેવા લાગ્યા કે, હે શેઠજી! તમામ વખારો માલથી ભરેલી છે; તે તમે તમારી નજરથી જોઇને ખાત્રી કરીલ્યો, એ પ્રમાણે તેમના કેહેવા પ્રમાણે મ્હે જ્યારે વખારોમાં સુમાર વીનાનો માલ ભરેલો જોયો તથા તે શિવાય દોલત જોઈ તે વખતે માહારી આંખ્યો ઉઘડી ગઇ.

મ્હારે બેસવાને માટે દીવાનખાનું શણગારવાને મ્હેં મ્હારા નોકરોને હુકમ કર્યો, બિછાના બિછાવનારાઓએ ચંદની તથા જાજમો પાથરી દીધી, તે ઉપર મુખમલના ગાદી તકીયા ભરગચ્છીથી શોભીતા ગોઠવી દીધા, ઉતમ પ્રકારના ચક ગોઠવ્યા મને રૂચે તેવા સારા સારા ખીદમતદારો તથા ચાકરો કેટલાએક મ્હેં રાખ્યા, તેઓને કસબી પોશાક શિવડાવી આપ્યો. પછી હું ગાદી ઉપર બેઠો તે વખતે મારી પાસે ઘણા માણસો આવવા લાગ્યા, કેટલાક શોદા લુચ્ચા અને ખુસામત ખોર મફતનું ખાનારાઓ, જુઠુ બોલનારાઓ મારી પાસે આવીને મારૂ વખાણ કરવા લાગ્યા, પણ તેવા બદચાલવાળા ખુસામતીઆઓના રંગ ઢંગને તે વખતે માહારા જુવાનીના મસ્ત તોરમાં હું ઓળખી શકયો નહોતો, તેઓ મારી પાસે આવી હરેક તતબીરથી જુદી જુદી વાતો કરીને મને ખુશી કરતા, હતા, આમ તેમ આડી અવળી વાતો મેળવીને બાતમી આપતા હતાં, તેઓ મને એમ કહેવા લાગ્યા કે હે મિત્ર આપણે જુવાની-

આઓએ તો ગુલાબનો દારૂ પીવો જોઇએ, તે દારૂ પોતાના મિત્રોને પાવો એટલુજ નહી પણ ખુબ સુરત સ્રીને પોતાની પાસે રાખીને તેને પણ પાવો અને પીવો જોઇએ, પછી તેવી ખુબસુરત (નાજની) માશુક સાથે એશ આરામ કરવો જોઇએ. પરમેશ્વરે જોઇએ તેટલો જ્યારે પૈસો આવ્યો છે ત્યારે શા માટે મોજ ન કરવી ! કાલે શું થશે તેની કંઇ ખબર પડતી નથી માટે જે કંઇ એશ આરામ કર્યો તે ખરો, આ પ્રમાણે તેઓ મારી પાસે બેસીને હર વખતે વાત કરતા હતા, તેઓના કહેવાથી મારૂ મન તેવું કામ કરવામાં દોરાયું પછી દરરોજ શરાબ તથા નાચ મજરા ચલાવવા માંડયા, ખુબ સુરત માશુકોની સોબતો કરવા માંડી તેમ તેમ મિત્રો પણ ઘણા થતા ગયા, એ પ્રમાણે ઘણી મુદત સુધી વહીવટ ચાલુ રહ્યો, પછી તો એવો વખત બનતો ગયો કે સોદાગીરીનો ધંધો બાજુ ઉપર મુકીને રંડીબાજીના ફંદમાં પડીને ઘણો ખરચ કરવા લાગ્યો; આ વખતે માહારા નોકર ચાકરોએ માહારી સ્થિતિ આ પ્રમાણે જોઇ તે વખતે માહારી ગફલત તથા બે કાળજીમાં તેઓને ફાવી આવ્યું, તેઓને જેમ તક મળ્યો તેમ જે હાથ આવ્યું તે ઠેકાણે કરવા લાગ્યા, જેમ લુટ પડે અંન તેમાંથી કેટલા રૂપીયા ગયા તેમ તેઓની વર્તણુંકી તે વખતે તેવીજ થવા લાગી; જે અનિયમિત ખરચ કરે છે તેચાની આગળ ચાહે કુબેરનો ભંડાર હોય તો પણ ખુટી પડે છે; તો પછી સાધારણ માંણસોનું શું ગજુ ! ત્યારે જુવોકે હું તેવી વર્તુણુકથી ચાલતો હતો, કેટલાક દીવશ એમ ચાલ્યું ત્યાર પછી માહારી સ્થિતિ એવી થઇ કે, ફક્ત મારી પાસે ટોપી અને લંગોટી રહી, જેઓ મારી સાથે બેસીને એશ આરામ કરતા હતા, જેઓ મારા મોઢાથી કરડેલી રોટલી ખાતા હતા, જેઓ તમામ પૈશો ખરચાવીને સુખ ભોગવતા હતા. તથા જેઓ મારી ખુસામત કરતા, તથા જેઓ વારંવાર મને બલિહારી આપતા હતા અને મીઠું મીઠું બોલતા હતા તથા માહારી ખુસામત કરતા હતા તેઓ તમામ નાશી ગયા, જ્યારે મારા શરીર ઉપર કપડુ પણ રહ્યું નહી. અને કંગાળ સ્થિતિને હું પ્રાપ્ત થયો ત્યારે તેઓ જ્યારે મને મળે ત્યારે મને પોતાનું મોઢુ પણ બતાવતા નહોતા, મ્હારા નોકર ચાકરો તથા ચોપદારો વીગરે સરવે પોત પોતાને રસ્તે પડ્યા, આ વખતે માહારા દુખની વાત સાંભળનાર

કોઈ પણ રહ્યું નહી, અગર માહારી કેવી સ્થીતી થઈ છે તેની ખબર કાઢનાર પણ કોઇ રહ્યો નહી, માત્ર નિરંતર દુખ અને અફ્સોસી રૂપી મિત્રો ઉભા રહ્યા, મારી પાસે દમડી પણ રહી નહી, ખાવાને અન્ન પણ મળવાને મુસ્કેલી થઈ બેત્રણ દીવશના કડાકા કરીને ભુખ્યો પડી રહ્યો, હવે હું શું કરૂં! ક્યાં જાઉ! એ બાબત મોટી ચિંતામાં પડયો મોઢા ઉપર કપડુ મુકીને રોવા લાગ્યો, જ્યારથી મારો બાપ ગુજરી ગયો તથા મારી માતુશ્રી ગુજરી ગઇ ત્યારથી મ્હેં મારી બેહેનની પણ ખબર લીધી નહોતી, તે વખતે મોજમઝામાં. મારી બેહેનને હું ભુલી ગયો હતો. તે બેહેન દુખની વખતે યાદ આવી, માહારી માયાળુ બેહેનનો પત્ર મારા ઉપર આવ્યો હતો છતાં તેનો પ્રતિઉતર પણ મ્હેં લખ્યો નહોતો તેથી કરીને માહારૂ મન ઘણું કચવાતું હતું પણ બેહેન શિવાય આ વખતે માહારી ખબર કોઇ લે તેવું નહોતું, આખરે માહારો વીચાર બેહેનને ઘેર જવાનો થયો, જેમ તેમ કરીને પગ રસ્તે ચાલીને, મજલો કાપી કાપીને મોટી મુસીબત ભોગવીને હું કેટલેક દીવસે રખડતો રખડતો બેહેનને ઘેર ગયો; માહારી સગી બેહેને જ્યારે મારી સ્થિતિ દુખી જોઇ તથા ચીથરે હાલ વ્યવસ્થા જોઇ એક દમ અચંબો પામી, તેણીએ મને દેખતાં વાંતજ માહારાં બલૈયાં લીધાં, ઘણા પ્યારથી માહારે ગળે વળગીને રોઇ પડી અને બોલવા લાગી કે હે ભાઇ! શું ત્હારા આહાવાહાલ! એટલું બોલીને તે કેવળ મુગી થઈ ગઇ ઘણીવાર સુધી ટગર ટગર માહારા સામે જોઇ રહી પછી જેમ છાતી ફાટે તેમ રોવા લાગી, ત્યાર પછી તેણે હાથમાં પૈસા લેઇને મને વધાવ્યો, અને કહેવા લાગી કે ભાંઈ! તું મને મલ્યો તેથી મારૂ મન ઘણુંજ ખુશી થયું છે પણ એ ભાઇ! તાહારા આહાવા હાલ કેમ થયા! આ પ્રમાણે મને કહ્યું પણ મ્હેં તેનો જવાબ બિલકુલ આપ્યોજ નહી, પણ આંખમાંથી આંસુ વરસાવીને તુરત ચુપ થઈ ગયો. માહારી બેહેને મને હમામખાનામાં (નાહાવાની જગોમાં) મોકલીને સારી પેઠે શરીર માળેશ કરાવીને નવરાવ્યો ત્યાર પછી ઉતમ પ્રકારના જરીયાની પોશાક મને પેહેરવાને માટે આપ્યા, પોતાની પાડોશમાં પોતાનું બીજુ ઘર હતું તેમાં મને રેહેવાને સારૂ ઠરાવ કર્યો હું તે ઉતમ પ્રકારના અવાસમાં રહ્યો પછી મારે માટે ઉમદા ખોરાક સવારના

પોહોરમાં શરબત અને મગજીઆત (માથાને તર કરે તેવી વસ્તુ જેમકે બદામ ચારોળી પીસ્તા, દ્રાક્ષ, વીગરે) વસ્તુ અને હલવો બનાવીને નાસ્તા સારૂ આપતી હતી, બપોરની વખતે તાજો સુકો મેવો તથા રાત્રી અને દીવશે એ પ્રમાણે બે વખત પલાવ, નાન અને કલીયો તથા કબાબ સ્વાદીષ્ટ તયાર કરીને મને પોતે ખવરાવી જતી હતી, આ પ્રકારે તે માંહારી સઘળી પ્રકારની ખાતર કરતી હતી, જ્યારે હું આ પ્રકારે સારી રીતે સુખી થયો તથા આરામને પામ્યો તે વખતે હું હજાર હજાર વાર પરમેશ્વરનો મોટો ઉપકાર માનતો હતો કેટલાએક મહીના આ પ્રમાણે વીતી ગયા તો પણ મને બીજો ઉદ્યોગ સુઝયો નહી બેહેનના આશ્રય નીચે આનંદમાં દિવસ ગાળવા લાગ્યો કેમકે માહારી બેહેન મા બાપ કરતાં પણ માહારી સંભાળ વિશેષ રાખતી હતી.

એક દીવસે બેહેન મને કહેવા લાગી કે હે ભાઇ! તું માહારી આંખની કીકી કરતાં પણ વધારે પ્યારો છું. તહારા આવવાથી મને ઘણોજ આનંદ રહે છે. જ્યારે તારૂ શરીર સુખી જોઉછું ત્યારે માહારા મનમાં શાંન્તી થાય છે. અને એથીજ હું નિરંતર સુખી રહુંછું. છતાં હું તને એક હકીકત કહુંછું કે, તું મોટા નામાકીત સોદાગરનો દીકરો કહેવાય, તારા બાપની કીરતી દેશ પરદેશમાં ઘણી સારી હતી. તારા બાપ જેવો મોટો સોદાગર બીજો કોઇ હતો નહી. તે ઘણો ચાલાક અને બુદ્ધિવાન હતો તેનો તું દીકરો થઇને ઉદ્યમ કર્યા વિના બેસી રેહેછે. તેથી તારી આબરૂ વધશે નહીં, પણ બીજા સોદાગરો એમ કહેશેકે બાપની તમામ દોલત બેવકુફીથી ઉડાવી દીધી. આહાવા અપવાદને લીધે તારા બાપના નામને મોટો દાગ લાગશે અને લોકો તને અપકીરતી આપશે; જેથી દુનિયામાં તને અને મને બહુ શરમમાં પડવું થશે. માટે હું તને એટલું કહુંછું કે હવે તું વ્યાપાર રોજગાર સારૂ મુસાફરી કરવાને બહાર નીકળી પડય. જેમાં પરમેશ્વર તને મદદ આપશે. ઉદ્યોગ કરનારને પરમેશ્વર મદદ કર્યા વીના રેહેતો નથી જેટલા દીવસ તહેં દુઃખ ભોગવ્યું છે તેનો બદલો તે આપ્યા વીના રેહશે નહી.

આ પ્રમાણે બેહનનું વચન સાંભળીને હું ઘણોજ ખુશી થયો તેની સાથે બેહનની તરફથી જે દિલાસો તથા શિખામણ મને મળી તે તમામ પસંદ પડી અને હું તેનો મોટો ઉપકાર માંનવા લાગ્યો

પછી બેહેનને મેં કહ્યું કે; હે માતુશ્રીની માફક મારૂ રક્ષણ કરનાર બેહેન! માહારૂ ભલુ થવાને માટે જે તું મને કહે છે તે તમામ હું કબુલ કરૂ છું હે બેહેન! તારી શીખામણ કેવળ માંરૂ હીત કરનાર છે આ પ્રમાણે માહારૂ વચન સાંભળીતાંજ બેહેને પચાસ ૫૦ થેલીયો અશરફીની ભરેલી પોતાના મકાનથી એક લુંડીના માથે મુકાવીને મારી આગળ રજુ કરી પછી કહેવા લાગી કે હે ભાઈ! આ શેહેરના સોદાગર લોકોના કાફલાનાં જહાજ દમેશક શેહેર તરફ રવાને થાય છે માટે એ જહાજ ઉપર તું પણ વ્યાપાર કરવામાં નિધાહ પોચાડીને માલ ચઢાવ, તે માલ એક સોદાગરને સોંપીને તેની પાસેથી દસ્તાવેજ (ખત પત્ર કબુલત) લખાવી લે અને તું ખુશકી (જમીન ઉપરના રસ્તાએ થઇને) દમેશક તરફ મુસાફરી કરતો રવાને થાં, પછી ત્યાં પોહોચ્યાબાદ તાહારો ધંધો ધ્યાન પોહોચાડીને ચલાવવા માંડજે, તે શેહેરમાં સર્વ પ્રકારની હીલ ચાલ તથા વ્યાપારમાં નફો ટોટો વીગરે જોઇને વીચાર કરીને તે કામ કરજે આ પ્રમાણે બેહેને મને શીખામણ દીધી ત્યાર પછી અશરફીની થેલીયો લઇને સોદાગરીની બજાર તરફ હું ગયો ત્યાં એક લાયક અને પ્રમાણીક સોદાગર હતો તેની દુકાને હું જઈ પોહોચ્યો તે સોદાગરે મને ઉતમ પ્રકારનું માન આપીને પોતાની પાસે બેસાર્યો પછી પુછવા લાગ્યો કે, કેમ શા કામે આવ્યા છો! કઇ કામ કાજ છે કે! જે હોય તે ફરમાવો, તે વખતે દમેશક બજાર જોગ જે માલ મ્હેં ખરીદ કર્યો હતો તે તેને સોંપ્યો પછી તે સોંપ્યા બાબતનો તેના હાથનો દસ્તાવેજ જે માલ ખરીદ કર્યો હતો તેનો લખાવી લીધો; ત્યાર બાદ તેમની સાથે કેટલીક વ્યાપાર સંબંધીની વાત ચીત કરી, ત્યાર બાદ સોંપેલો માલ બે ત્રણ દીવશમાં તે સોદાગરે જહાજમાં ચઢાવી દીધો તે ઝાઝ દમેશક શેહેર ભણી રવાને થયું, પછી મ્હેં પણ ખુશકીને રસ્તે થઇને જવા ધાર્યુ તે પેહેલાં હું બહેનને મળવા માટે ગયો બેહેને મને અનેક પ્રકારની આશીશ દીધી તે સાથે ઉમદો પોશાક મને આપ્યો, એક ઘોડો જેના ઉપર તમામ જરીરનો સામાન ચઢાવેલો મારે બેસવાને માટે આપ્યો, રસ્તાની ખરચીને માટે કેટલાક દીનાર આપ્યા, રસ્તાની ખોરાકીને માટે કેટલીક મીઠાઈ અને જુદી જુદી પ્રકારના મેવા વીગરે આપ્યું, તે તમામ તજવીજથી ઘોડાના જરીયાની હડફીમાં

નરી દીધુ હતું આ પ્રમાણે તજવીજની સાથે મને રવાને કર્યો અને છેવટે કહેવા લાગી કે હે ભાઇ ! તને જગત કરતા પરમેશ્વરને હું સોંપુ છું તે તાહારૂ હરેક ઠેકાણે રક્ષણ કરશે જેવી રીતે તું અત્યારે પીઠ દેખાડીને જાય છે તેવી રીતે તું આ તરફ ખુશીથી મસ્ત ચેહેરે પાછો આવજે અને તાહારૂ સુખી શરીર બતાવીને તું મને આનંદ બક્ષાસી કરજે આ પ્રમાણે બેહેનનુ પ્રેમ ભરેલુ પવિત્ર વચન સાંભળીને તેને મારૂ માથુ નમાવી ઘોડા ઉપર બેસીને પંથ કાપવા લાગ્યો; તે કામમાં હુ એટલી બધી ઉતાવળ કરવા લાગ્યો કે બે દીવસની મજલ તે એક દીવશમાં કાપવા લાગ્યો. અને તે શેહેરની લગભગ હું જઇ પોહોચ્યો જ્યારે તે શેહેરના દરવાજા નજીક હું ગયો ત્યારે તે વખતે રાત્રી પડી હતી, તેથી દરવાન લોકોએ દરવાજાનાં બારણાં વાસીને તાળાં લગાવી દીધાં હતાં, તે જોઇને દરવાનને મ્હે ઘણો પોકાર કર્યો તે સાથે ઘણી આજીજી કરવા લાગ્યો પણ કોઇએ મને જવાપ આપ્યો નહી, પછી મ્હે ફરીથી ઘાંટો પાડીને દરવાનને બોલાવ્યો અને કહ્યુ કે હું દુરનો મુસાફર છું, ઘણી મજલ કાપતો કાપતો થાકી ગએલો આવ્યો છું ભુખ અને તરસથી હેરાન થએલો છું માટે જો તમે મેહેરબાની કરીને દરવાજો ઉઘાડો તો શેહેરમાં દાખલ થઇ જાઉ અને કોઇ પણ મકાનમાં રહીને વિશ્રાંતી લઇને રસોઇ બનાવીને ખાવાની તજવીજ કરૂ આ પ્રમાણે માહારૂ વચન સાંભળીને તે દરવાનો એકદમ ક્રોધથી બોલવા લાગ્યા કે હે જુવાન ! આ વખતે દરવાજો ઉઘાડીને કોઈ પણ મુસાફરને શેહેરની અંદર લેવાને અમને હુકમ નથી, તું શા માટે આટલી મોડી રાત્રે આવ્યો ! આ પ્રમાણે દરવાનનું વચન સાંભળીને તુરત હું ઘોડા ઉપરથી ઉતરી પડયો; અને કોટની દીવાલ (ભીત)ની બાજુ પકડીને તે નજીક જીનનું બીછાનું બીછાવ્યું; તે ઉપર વિશ્રાતી લેવાને હુ બેઠો, ચારે તરફ નજર કરવા લાગ્યો જ્યારે અરધી રાત્રીનો વખત થયો ત્યારે માહારી નજર કોટની દીવાલ (ભીત) તરફ પડી, તે તરફ જ્યારે હુ જોઉ છુ ત્યારે તે કીલ્લાની દિવાલ ઉપરથી એક પેટી ઉતરતી જણાઇ, તે પેટી છેક જમીન ઉપર નીચી આવતી જોઇને હુ મોટા વીચારમાં પડી ગયો; તેની સાથે કેટલોક ભય પણ પ્રાપ્ત થયો; મારા મનમાં એવો અંદેશો થયો કે આ જગા ઉપર કોઈ જાદુનો ચમત્કાર હોવો જોઇએ કે

પરમેશ્વર જાણે શું હશે, વળી એવા પણ વિચાર આવ્યો કે કદી પરમેશ્વરે મારૂ દુખ ફેડવા સારૂ તથા દારીદ્ર દુર કરવા સારૂ અનાયાસ આ પેટીમાં કોઇ વસ્તુ પ્રાપ્ત થવાનું પરીણામ કહી હોય, જ્યારે તે પેટી જમીન ઉપર આવીને ઠરી, તે વખતે હું બીહીતો બીહીતો ધીમે ધીમે તે વસ્તુ નજીક જઇ પોહોચ્યો; જ્યારે જોયું ત્યારે લાકડાની પેટી પડેલી માલુમ પડી. તે પેટીમાં કંઈ પણ વસ્તુ હોવી જોઈએ એવી મતલબની લાલચે તેને ઉઘાડીને જોયું. ત્યારે તેમાં એક સ્વરૂપવાંન (ખુબસુરત) માશુક માલુમ પડી તેને જોતાંજ

માહાર સઘળુ ભાંન ભુલી ગયો તેનો ચેહેરો એટલો બધો ખુબસુરત હતો કે તેનું વર્ણન કરવાને હું અશક્ત થયો જ્યારે મે તેને તપાસી ત્યારે તેને ઘાયલ થએલી લોહીથી ખરડાયલી દુખમાં મગ્ન થએલી પડેલી જણાઇ તે ઘાયલ થએલી બે ભાનમાં પોતાની આંખ મિચીને ઝીણા સ્વરથી રૂદન કરતી હતી, આંખમાંથી આંસુ નીકળતાં હતાં તે ધીમે ધીમે સાદથી દુખનો પોકાર કર્યા કરતી હતી, તેના કંઠમાંથી એવો અવાજ નીકળતો હતો કે, અરે કમબખ્ત. (દુષ્ટ કર્મ કરનાર) નિર્દય ! આ પ્રમાણે ગેરવ્યાજબી માહારા ઉપર જુલમ ! અરે માહારી ભલાઇનો અને મોહબતનો બદલો તેં આ હાવોજ બતાવ્યો કે ! અરે હવે એક ઝખમ તું બીજો લગાવ કે જેથી કરી આખર વખતે મહારો અને તાહારો ઇનસાફ પરમેશ્વરની હજુરમાંજ સોંપેલો છે, આ પ્રમાણે તે ખુબસુરત સ્ત્રી વચન બોલીને પોતાના મુખ ઉપર પડદો દીધો તેણે માહારા તરફ જોયુ નહી, હું ત્યાંજ ઉભો રહ્યો. તેણીની આવી આશ્ચર્ય જનક વાણી સાંભળીને મારૂં અંતઃકરણ ઘણું ગ્લાનીને પામ્યું. અને હું વિચારમાં પડયો કે એવો કોણ ચંડાલ. દુષ્ટ હશે કે આહાવી ખૂબ સુરત સ્ત્રી પર આહાવો કસબ કર્યો હશે ! અરે શામાટે આ સ્ત્રી ઉપર તલવાર નો હાથ ચલાવ્યો હશે !

આટલુ થયુ છે તોપણ તેણીના અંતાકરણમાં પ્રેમનો અંકુર હજુ તુટયો નથી, જો કે તેના બુરા હાલ થયા છે તે મરવાની અણી ઉપર આવે તેવી તેના શરીરની સ્થિતિ થઇ છે તો પણ તેવુ કત્લ કરનારની યાદગીરી તેના અંતઃકરણમાં હજુ પણ રહી છે પછી તે ખુબ સુરત સ્ત્રીના નજીકમાં જઇ ધીમા સાદથી હું બોલવા લાગ્યો કે, તમે કોણ છો ! આ પ્રમાણે માહારો કહેલો સ-

ઇદ તે ખુબસુરત નાજનીના કાન ઉપર અવાજ આવ્યો, ત્યારે તેણે પોતાના મુખ ઉપરથી પડદો ઉઠાવ્યો, અને તેણી એ મારા તરફ જોયું, એટલે એક એકની ચારે આંખ્યો દ્રષ્ટી સાથે મળી, એટલે ફરીથી મોટા અવાજથી તેણીને મ્હેં કહ્યું કે તું સાચે સાચુ બોલકે કોણ છુ! ત્હારી આહાવી હાલત કેમ થઇ છે! એ વાત તું ખરે ખરી કહીશ તો માહારા જીવને શાંતી થશે, આ પ્રમાણે મ્હે તેને કહ્યું તે તેણી એ સાંભલ્યું જો કે તેણીનામાં બોલવાની શક્તી નોહોતી, તો પણ તે ધીરે ધીરે બોલવા લાગી, હું શું બોલી શકું! કર્મ યોગે માહારો હાલ આહાવોજ થયો છે, હું ફકત આજ રોજની મહેમાન છું, કેમ કે હવે માહારી આખરની સ્થિતિ છે. જ્યારે માહારો પ્યારો જીવ (પ્રાણ) માહારા શરીરમાંથી દુર (મુક્ત) થાય તે વખતે તમે પરમેશ્વર ખાતર માહારા ઉપર મેહેરબાની રાખજો અને આ પેટીમાં ગોઠવી જમીનમાં દાટજો કે જેથી હું ભલાઇ અને બુરાઇના બોજથી તથા બોલથી મુક્ત થાઉ આ પ્રમાણે બોલીને તે ચૂપ રહી,

રાત્રીનો સમય હોવાથી તેણીની સારવાર મારાંથી કંઇ થઇ શકી નહી. પણ તે પેટીને તતબીરથી ઉઠાવીને હું મારા બિછાના પાસે આવી પોહોચ્યો, રાત્રીનો અંત કયારે આવે! તેના માટે રાત્રીની ઘડીયો ગણવા લાગ્યો તેમજ આકાશના તારા તરફ હરવખતે દ્રષ્ટી કરી રહ્યો હતો તે સાથે સંપૂર્ણ આશા રાખતો હતો કે કયારે પ્રાતઃકાળ થાય અને જગતના ચક્ષુરૂપ સુર્યનો ઉદય થાય! કે હું શેહેરમાં જઇને કોઇ માણસને બોલાવી લાવું અને તેનો બને તેટલા પ્રયત્નથી ઇલાજ કરૂ પણ રાત્ર એવી પાહાડ જેવી લાંબી છે કે, તેનો અંત આવતો નથી આ પ્રમાણે હું અનેક પ્રકારનો વિચાર કરતો હતો, તેટલામાં કેટલીક વાર થયા પછી સુર્યના પ્રતાપ કારી કીરણો રૂપી તલવારની ઝલક આકાશમાં જણાવા લાગી તમાંમ જંગલ તથા પાહડ ઉપર તેના પ્રગટ કીરણો ફેલાવા લાગ્યાં તે વખતે હું નિમાજ પઢવાનું કામ અટપી લેવા લાગ્યો, પછી પેલી લાકડાની પેટી હતી તે ઉપર કપડુ લપેટી, ને ઘોડા ઉપર ગોઠવી તે ઉપર બંધ બાંધીને તે ઘોડાને દોરીને શેહેરમાં પ્રવેશ કર્યો, ઉતારો કરવાને માટે ઘરનો તલાસ કરવા લાગ્યો એમ કરતાં એક મકાન સારૂ ન

જરે આવ્યું તે જગો પસંદ કરીને તેમાં મ્હે ઉતારો કર્યો માહારો તમામ સામાન તેમાં ઉતારીને ગોઠવ્યો પેટીને પણ જાળવીને તે ઘરમાં ગોઠવી ત્યારબાદ તે પેટી ખુલ્લી કરી, તેમાંથી ખુબ સુરત માસુ-કને બહાર કાઢી પછી તેને તે ઘરમાં એકાન્ત સગવડ વાળી જગો હતી તેમાં લઇ જઇને રૂઉનું બિછાનું બિછાવી તે ઉપર તેને યુક્તીથી સુવાડી તેની સાર વાર કરવાને માટે એક વૃદ્ધ અવસ્થાની બાઇને નોકર રાખી પછી હું મલમ પટાનું કામ કરનાર તથા ઝખમ રૂ-ઝવનારને બોલાવવા માટે શેહેરમાં નિકળી પડયો, જ્યાંત્યા પુછવા લાગ્યો કે મલમ પટા કરનાર હુશિયાર વૈદ્ય કોણ છે એ પ્રકારે તપ-જવીજ કરતો કરતો હકીમ લોકોના મેહલો તરફ જતો હતો તપાસ કરતાં એક માણસે મને કહ્યું કે એક હજામ છે તે વૈદ્યકના કામમાં તથા મલમ પટાના કામમાં ઝખમ રૂઝાવવામાં ઘણો હુશિ-યાર છે તે એવો ચાલાક છે કે એક વખત કોઇ પણ માંણુસ મ-રવાની અણી ઉપર આવ્યો હોય અને તેની આશા મુકી દેવામા આવી હોય તેવા માંણસને દવા આપીને હુશિયાર કરે છે, આ પ્ર-માણે તેનું કહેવું સાંભળીને મ્હે તેને પુછયું કે તે કયાં રહે છે પછી તેણે તે હકીમનુ મકાન બતાવ્યું અને તેનું નામ ઇશાક છે એમ જણાવ્યું.

આ પ્રમાણે ખુશ ખબર સાંભળીને તે મેહેલ્લામાં હું ગયો અને તેના મકાનની નજીક હું આવી પોહોચ્યો. ત્યાં જ્યારે જોઉછું ત્યારે એક માણુસ સફેત દાહાડી વાળો દરવાજાની નજીક બેઠેલો હતો તેની આગળ કેટલાક દરદી માણસો દવા લેવાને માટે હકીમ ને આજીજી કરતા હતા, આ પ્રમાણે મ્હે દેખાવ જોયો. તેથી હું પણ તેમના નજીક જઇ પોહોચ્યો. તે વૈદ્ય પ્રત્યે નમ્રતા પુર્વક માથુ નમાવીને હું કહેવા લાગ્યો કે હે નામદાર હકીમ! આ શેહેરમાં તાહારી ઘણી તારીફ સાંભળી છે તેથી કરીને હું દરદનો માર્યો તારી પાસે આવ્યો છું. માહારી મુખ્ય હકીકત એટલીજ છે કે હું માહા-રા દેશથી અહીંયાં સોદાગીરી ધંધાને માટે આવ્યો છું; માહારી સ્ત્રી પ્રત્યે માહારો ઘણો પ્યાર હોવાને લીધે તેને પણ મારી સાથે લા-વ્યો છું જ્યારે હું આ શેહેર નજીક આવી પોહોચ્યો અર્થાત શેહેર નો દરવાજો થોડેક દુર રહ્યો તેટલામાં રાત્રીનો સમય થઇ ગયો,

આ અજાણ્યા મુલકની મને ખબર નહોતી, તેથી રાત્રીની વખતે ચાલવું દુરસ્ત નથી એમ મારા મનમાં આવ્યું તેથી જંગલમાં એક મોટું ઝાડ દીઠું તે ઝાડની નીચે અમે મુકામ કર્યો. જ્યારે પાછલી રાત્રીનો વખત થયો ત્યારે લુટારાઓ હથિયાર બંધ આવીને અમારી પાસેથી તમામ માલ તથા પૈસો ટકો વગેરે જે કાંઈ સામાન હતો તે તમામ છીનાવી લીધો તે સાથે મારી સ્ત્રીના અંગ ઉપર જે જરિયાન તથા દાગીના હતા તે વગરે ઉતારી લેને ઝખમી કરી. આ પ્રમાણે તેઓએ તોફાન કરીને ત્યાંથી જતા રહ્યા. પરમેશ્વર જાણે કે તેઓ ક્યાંથી આવ્યા હતા અને ક્યાં ચાલ્યા ગયા, જ્યારે પ્રાતઃકાળ થયો તે વખતે લાચાર જેવા થઇને આ શહેરમા અમે પ્રવેશ કર્યો જે એક મકાન ભાડે લઇને તે સ્ત્રીની માવજત કરવાને માટે યોગ્ય બંદોબસ્થા કરી છે પણ હું આ અજાણ્યા શહેરમાં સોધતો સોધતો તાહારૂં નેક નામ સાંભળી ને તાહારા આગળ હું આવી પોહોચ્યો છું તે માટે અમો લાચાર અને દુખી ઉપર મહેરબાન (દયાળુ) થઇને મહારી સ્ત્રી જ્યાંહાં છે ત્યાં સુધી આવવાને તસ્દી લેશો તો મોહોટી મેહેરબાની જો કે તેની આયુષ્યબળની દોરી મજબુત હશે તો પરમેશ્વર તારી મહેનતને યશ આપશે; જ્યાંસુધી હું જીવતો રહીશ ત્યાં સુધી તને યાદ કરી અને આ જગતનો પાલન કરનાર પાસે દવા માગીશ આ પ્રમાણે મહારી આજીજી તે ધસાક હજામે સાંભળી. તે વખતે તેના અંતઃકરણમાં દયા આવી, તુરત તે માહારી સાથે પેલા મકાન સુધી આવ્યો; તે સ્ત્રીના શરીર ઉપરના ઝખમ ઉપર દ્રષ્ટી કરી, અને દીલાસો આપવા લાગ્યો તે સાથે કહેવા લાગ્યો કે, હે ભાઈ જો કે પરમેશ્વરની ઇચ્છા હશે તો તાહારી સ્ત્રીના ઝખમ ચાળીસ દીવસમાં આરામ કરી થઇ જશે. તેનું તમામ શરીર સાફ કરી નાંખીશ, એમ કહીને તેણે લીંમનાં પાદડાં પાંણીમાં નાખીને ઉકાળાવ્યાં. તે પાણીથી ઘાયલ શરીરને સાફ કરી નાંખ્યું તે ઉપર કપડથી સાફ કરીને દવાની પટી જારી કરવા માંડી તે હજામ હકીમ ખરા પ્યારથી તથા દયાએ કરીને મલમની પટીયો લગાડવા લાગ્યો. તે ઉપર કેટલીક પ્રકારની પથ્ય (પરેહજી) પાળવાને માટે જણાવ્યું જે પ્રમાણે હકીમે કહ્યું તે પ્રમાણે પરેહજી પાળવાની તજવીજ કરી. અને કેટલીક વસ્તુ હજામ હીકમને આપી ને તેને વિદાય કર્યો, પછી

હું તે સ્ત્રીની પાસેજ નિરંતર રેહવા લાગ્યો. તેની મહાવજત (ચાર-વાર) મહારો ધંધો રોજગાર ત્યાગ કરીને તથા નિંદ્રા અને સુખનો ત્યાગ કરીને ખરા દીલથી કરવા લાગ્યો. પરમેશ્વરની પાસે તેનું શરીર સારૂ થવાને માટે દવા માગવા લાગ્યો.

હવે જે સોદાગરને મ્હેં માલ સોંપ્યો હતો તે સોદાગર પણ આ શેહેરમાં આવી પોહોચ્યો તેણે માહારો માલ મને સોંપ્યો તે માલ બજારમાં ભાવ તાલ વીગરે જોઇને મ્હેં વેચ્યો તેના જે રૂપીયા આવ્યા તેમાંથી ઘાયલ થએલી સ્ત્રીની સારવાર કરવામાં વાપરવા માંડયા, તે શીવાય બીજો પણ ખરચ કરવા માંડયો હતો, પેલો હજામ હકીમ પણ દરરોજ ઝખમની પટીયો ફેર બદલ કરવાને માટે આવતો હતો, એમ કરતાં કરતાં પરમેશ્વરની મેહેરબાનીથી તે સ્ત્રી હુશીયાર થઇ તેના તમામ ઝખમ રૂઝાઇ ગયા, જેવું પ્રથમ શરીર હતું તેવું થઇ ગયું તેના શરીરમાં જોઇએ તેવું કૌવત (બળ) પ્રગટ થયું તેના નખમાં પણ રોગ રહ્યો નહી. તેને સુગંધી પદાર્થથી સ્નાન કરાવ્યું પછી તેના અંગ ઉપર ઉતમ પ્રકારનાં વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યાં, તદન શરીરમાં કોઇપણ પ્રકારનો રોગ રહ્યો નહી તેથી હું ઘણો ખુશી થયો પછી પેલા ઇસાક હજામને બોલાવીને તેની મેહેનતના બદલામાં સારો પોશાક પેહેરાવ્યો તથા કેટલોક દામ આપ્યો અને રવાને કર્યો ત્યાર પછી દીવાન ખાનામાં જાજમ તકિયા વીગરે પાથરીને સુશોભિત બેઠક બનાવી તે ઉપર ખુબસુરત પરીના દેખાવવાળી તે સ્ત્રીને બેસારીને ફકીર વીગરે લોકોને ધરમાદાકેડલી વસ્તુઓ આપી તે માશુકનો ચેહેરો આ વખતે પુનમના ચંદ્રમાના જેવો તથા ઉદય થતા સુર્યના જેવો દેખાવા લાગ્યો, તેને જોતાંજ મારા મનમાં હું મસ્ત થઈ જતો હતો. કેવળ તેનાજ તરફ હું જોયાં કરતો હતો મને મારા સરીરનું પણ ભાન રેહેતું નહોતું હું તેની આજ્ઞામાંજ હાજર રેહેતો હતો જે જે વખતે તેના મુખમાંથી વચન નિકળતાં હતાં તથા જે કંઇ મને ફરમાવતી હતી તે કામ તુરતા તુરત હું કરતો હતો, તો પણ તે એમ ધારતી હતીકે માહારા જેવી સ્વરૂપવાન આ નગરમાં કોઇ પણ નથી ખરૂ જોતાં તે વાત ખરી હતી તે કેવળ રૂપ ગર્વિતા નાયકા હતી જેવી રીતે તેણીને પોતાના ઉતમ રૂપને માટે ગર્વ હતો તેના બદલામાં મને કોઈ પ્રકારનો

ગર્વ નહો તો હું તેના ઉતમ સ્વરૂપના મોહમાં કેવળ વિંધાઇ ગયે લો હતો તેથી તેના પ્રત્યે માહારો ગર્વ ચાલી શકે તેમ નહોતો, તેથી કોઇ વખતે તે માહારી સાથે બોલવામાં ઉતરી પડતી હતી ત્યારે તે સકત તાકીદ મને કરતી હતી કે ખબરદાર તને એટલું કહું છું કે જ્યારે માહારી સાથે બોલવું હોય તો સભ્યતાથી બોલવું, અને જે પ્રમાણે હું તને ફરમાવું તે કામ અદબથી બીજું કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના કરવું અમારી વાતમાં વીના કારણે ત્હારે દાખલ થવું નહી, તેમ છતાં વગર કારણે તું બોલીશ તો છેવટે ત્હારે પસ્તાવો ખાવો પડશે.

આ પ્રમાણે તે નાજની (ખુબ સુરત સ્ત્રી) નું બોલવું માહરા પ્રત્યે થયું તેથી મને એમ માલુમ પડતું હતું કે તે નાજની માહારા પ્રત્યે ઉચી મમતા રાખે છે. અથવા જેકંઇ તેની આજ્ઞા પ્રમાણે તુરત કામ કરૂછું તે કામની કદરનો હક જાણે ખાસ પોતાનો જ છે એમ હક રાખે છે તે સાથે પોતાના મનમાં અભિમાન રાખે છે. આ પ્રમાણે હું સમજ્યો હતો અને તેનાજ લોભથી હું પણ તેની આજ્ઞા પ્રમાણે ચાલતો હતો. આ પ્રમાણે ચાલવામાં કેટલાક દીવસો વીતી ગયા, એમ કરતાં જે કાંઇ મારી પાસે માલનો અવેજ તથા નફો હતો તે તમામ તે નાજનીના ખરચમાં ફના થઇ ગયો, શહેરમાં માહારે કોઇની સાથે પિછાન તથા લેવડ દેવડનો વ્યવહાર નો હોતો તેથી ખરચ કરવાને માટે મોટી હરકત આવી પડી. આમ થવાથી મારૂ મન ઘણુ ઉદાશ રેહેવા લાગ્યું. હવે કેમ કરવું ! એ વીગેરે ફિકરથી માહરા શરીરનો તમામ ચેહરો પીળો પડી ગયો. તથાપી મારા મનની તકીકત હું કહોને કહું !

ઘરડાઓની કહેવત છે કે “ ફકીરનો ગુસ્સો ફકીરના શરીર ઉપરછે.” તે પ્રમાણે માહારી પણ હાલત થઇ મારા મનનો પરિતાપ હુંજ ભોગવતો હતો. તેમાં કોઇના તરફથી પણ મને શાંન્તિ મળે તેમ નહોતું. એમ કરતાં કરતાં એક દિવશ તે નાજનીએ પોતાના મનમાં વિચાર કર્યો કે આ માણસ હવે બહુ તંગીમાં આવી ગયો છે, તેની પાસે ખરચી પાણી જણાતી નથી તેથી તે ઘણું ગભરાય છે. એ પ્રમાણે તેણીને ચોક્સ અનુભવ થયાથી તે માહારા પ્રત્યે કેહેવા લાગીકે હે નેકીથી ચાલનાર મરદ! હું તાહરો

હક સારી રીતે જાણું છું. ત્હે મારા જીવનો બચાવ કર્યોછે. પણ તેનો બદલો મારાથી અપાઇ શકયો નથી. તેટલા માટે હું લાચારછું તેમ છતાં કંઇપણ જરૂરીયાતનું કાંમ હોયતો તે વાતનો અંદેશો ત્હારા મનમાં લાવીશ નહી, આ પ્રમાણે કહીને મને ફરમાવ્યું કે એક કાગળનો કકડો અને કલમ તથા શાહીનો ખડીયો મારા આગળ લાવ, આ પ્રમાણે તેંણીનો સવાલ મારા પ્રત્યે થયો તે વખતે મેં મારી થોડી બુદ્ધિના યોગે એવો વિચાર કર્યો કે આ સ્ત્રી મારા પ્રત્યે ગર્વ ભરેલો દિમાક બતાવે છે. તે જાંણે કોઇ મુલકની પાદશાહજાદી હોય એમ નજરમાં આવે છે; જ્યારે તેના હુકમ પ્રમાણે હું કલમદાંન તેની પાસે લઇ ગયો ત્યારે તે વખત તેંણીએ એક ચીઠી પોતાના હાથે લખીને માહરા હાથમાં આપી. પછી મને કહેવા લાગી કે શેહેરના કિલ્લા પાસે એક ચબુતરો છે તેની એક બાજુની ગલીમાં એક હવેલી નજરે દેખાશે તે હવેલીનો જે માલીક છે તેનું નાંમ સીદી બાહાર છે ત્યાં તું જા અને તે સીદી બહારને આ ચીઠી આપજે, આ પ્રમાંણે કહીને મને રવાને કર્યો.

હું તે ચીઠી લઇને તેના ફરમાવ્યા પ્રમાણે તે હવેલીની નજીક જઇ પોહોચ્યો. દરવાજામાં એક દરવાન બેઠેલો હતો. તેની મારફતે ખબર પોહોચાડી ખબર પોચતાંજ એક હબસી ખુબ સુરત જુવાંન કે જેણે પોતાના માથા ઉપર જરકસી ફેંટો બાંધેલો હતો. તે પોતે જલદીથી બાહાર આવ્યો તે મારા હાથમાંથી ચીઠી લઇને તેવોજ તુરત હવેલીમાં ચાલ્યો ગયો, તે મારી સાથે કંઇ પણ બોલ્યો ન હોતો તેમ હકીકત પણ પુછી નહોતી. જરાક વાર થઇ એટલામાં તે અગીયાર તોડા (કોથળીયો) મોહોરના ભરેલા તે ઉપર જરીનો રૂમાલ ઢાંકીને પોતાના ગુલામોના માથે ચઢાવીને બાહાર આવ્યો; ગુલામોને ફરમાવ્યું કે તમે આ માંણસની સાથે સાથે જાઓ અને આ કોથળીયો તેમના મકાનમાં પોહોચાડીને તુરત અહીંયાં આવો; તે સદીને સલામ કરીને હું તે ગુલામોની સાથે ચાલ્યો મકાંન ઉપર આવ્યો અને તે તમાંમ કોથળીયો લઇને આવેલા ગુલામોને બાહેરથી પરભારી રજા આપી દીધી. તમાંમ અશરફીયોના તોડા તે ખુબસુરત સ્ત્રીની આગળ રજુ કર્યા તે ઉપર નજર કરીને તેંણીએ મને ફરમાવ્યું કે આ અશરફીયો ના તોડા તાહારી

પાસેજ રાખ્ય; પછી જેમ જેમ હું કહું તેમ તેમ તેનો ખર્ચ ક-રવો, આ પ્રમાણે તેણીના કેહવાથી તે અશરફીયોના તોડા મ્હેં મારી પાસે રાખ્યા. તેમાંથી જેટલું માગતી હતી તેટલો અવેજ હું આપતો હતો તથા ચીજ આંણી આપતો હતો. મારા ઉપર તેં-ણીનો સંપૂર્ણ ભરોસો છે એમ મારા સમજવામાં આવ્યું હતું. પણ મારા મનમાં એટલું આશ્ચર્ય લાગતું હતું કે હે પરમેશ્વર ! આમાં કેવો ભેદ સમાયલો હશે ! કેમકે મારી સાથે તે નાજનીની ગાઢી પ્રીત થઈ નથી. અજાંણી પ્રીત છતાં આટલો બધો ખજાનો મને સોપ્યો. એ શું કહેવાય ! તેમજ તે હબસીએ કાગળ વાંચ-તાંજ આટલી બધી અશરફીઓ આપી એ પણ કોઇ જુદો ભેદ હોવો જોઇએ, આ ભેદની વાત જો કે હું તે નાજનીને પુછું પણ આગળથી તેંણીએ મને મનાઇ કરી છે કે માહારી સાથે માહારા હુકમ શિવાય જાસ્તી કાંઇ પણ બોલવું નહી, આટલા કારણથી બોલવાને માટે અદબ પકડવી પડે છે.

એક દીવસે તે નાજની માશુક મને કહેવા લાગી કે પરમેશ્વરે માણસોને વીવેકરૂપી (ઇનશાનીયતનો) ડાપણનો એવી પ્રકારનો જામો (વસ્ત્ર અંગનું ઢાંકણુ) પેહેરાવ્યો છે કે તે જામાને દાગ લા-ગતો નથી. તેમ ફાટી પણ જતો નથી, તેમજ તેની કુદરતમાં કંઇ ફેર પણ પડતો નથી, માટે હું ફરમાવું છું કે! આ અશરફીના તોડા ૨ બે તારી પાસે રાખ અને બજારમાં જા, જે જગોએ યુસફ નામે એક સોદાગરની દુકાન છે ત્યાં જઇને તેની દુકાનેથી જે ઉતમ વ-ખાણાતી વસ્તુ હોય તે તથા એક જરીયાન પોશાક ઉચી જાતનો એ પ્રકારે બે વસ્તુ ખરીદ કરીને લાવ,

આ પ્રમાણે હુકમ થયાથી, હું તે ઝવેરીની દુકાંને ગયો ત્યાં જ્યારે હું જોઉં છું તો ત્યાં એક ખુબ સુરત જુવાન જાફરાંની (કે-સરી રંગનો) પોશાક પેહેરીને તથા માથા ઉપર જરીયાંની ફેંટો બાંધીને ગાદી ઉપર બેઠેલો હતો, આહાવા ખુબ સુરત જુવાનને જોવાને માટે શેહેરના કેટલાક લોકો બજારમાં ઉભા રહેલા હતા; તેમાં હું પણ જોવાને માટે ગયો હતો તેજ માણસને સલામ કરીને તેની નજીક હું ઉભો રહ્યો જે વસ્તુ ખરીદ કરવાની હતી તે ચી-જને માટે તેને મ્હેં કહ્યું. ત્યાંના રીવાજની મને ખબર નહોતી.

તેથી તેને એમ જણાઇ આવ્યું કે આ કોઇ પરદેશી મુસાફર છે તેથી તે વેપારીએ મને મોટા માનની સાથે બેસાડયો અને પુછવા લાગ્યો કે હે ભાઇ! તમે કયા મુલકમાં રેહેનાર છો! આ શેહેરમાં કયા કારણથી આવવું થયું છો કીંવા અહિયાં તમે રેહેવાનો જે વીચાર કર્યો હશે તે કયા ઉદમ ઉપર છે! આ પ્રમાણે તેનો સવાલ સાંભળીને તેનો ઉતર સાચેસાચો આપવાને યોગ્ય નથી એમ મને જણાયું. તેથી કેટલીક આડી દોહોડી વાત ચલાવી લીધી, પછી જે જે કાંમે હું આવ્યો હતો તે કામની ચીજો કઢાવીને નાજનીના ફરમાવ્યા પ્રમાણે વસ્તુનો સોદો કર્યો તેના દામ ચુકાવી આપીને તે સોદાગરની પાસેથી રજા માગી, એટલામાં તે સોદાગર ઘણી આજીજી પૂર્વક માહારા પ્રત્યે બોલવા લાગ્યો કે ઓ મ્હારા પ્યારા મીત્ર! મ્હેં તાહારી સાથે જે કંઇ ચાર વાતો કરી તે સંબંધમાં માહારે હજુ કેટલાક ખુલાસાની જરૂર છે તમારી સાથે મીત્રતા બાંધવામાં મને મોટી ઉમેદ છે માટે તું મારી પાસે બેસ, જેથી આનંદની સાથે એક બીજાની સાથે વાતચીત કરીએ આ પ્રમાણે તે સોદાગરે મને ઘણી આજીજી કરીને બેસાર્યો પછી હું તેની ગાદી ઉપર નજીક બેઠો પછી મ્હે તેને કહ્યું કે તારૂ તમામ કહેવું હું કબુલ કરૂંછું ત્યારે જે કંઇ મારા પ્રત્યે હુકમ થશે તે હુકમને હું બંધાયલો છું તે સાંભળીને સોદાગર ઘણો ખુશી થયો. પછી કહેવા લાગ્યો કે હે મીત્ર આજનો દીવસ આ દુનીઆદારીમાં અનેક કામકાજથી કંટાળો પામેલું મન હોય છે તે કામથી મુક્ત થઇને આનંદમાં કાઢવાનો વીચાર છે માટે તું માહારે ઘેર આવવાને કબુલ થા કેમકે બે ત્રણ રોજ મીજબાંની કરીને તેમાં મોજમઝામાં વખત કાઢીએ જેથી અંતઃકરણ પણ સુખને પાંમ,

હું જે કાંમે આવ્યો હતો તે કામ અપેટીને મકાન તરફ જવાની જરૂર હતી. તથા જે નાજનીથી હું એક ક્ષણભર દુર રહેલો નહોતો છતાં આ જગોએ સોદાગર મને રોકવાને માટે ભલામણ કરે છે તે ઉપર ધ્યાન આપીને સોદાગરને મ્હેં કહ્યું કે. હેમીત્ર ! તું ફરમાવે છે તેટલા માટે હું હાજરછું પણ મને મારા મકાન ઉપર જવાને હાલ રજા આપ, જે ચીજ તારી પાસેથી ખરીદ કરીછે તે ઠેકાણે મુકીને તારી પાસે હું જલદીથી આવીશ, તેના માટે હું સોગન ખાઉં છું તથા આ વચન આપુ છું, આ પ્રમાણે કહ્યાથી

તે નવિન મિત્રે મને રજા આપી એટલે હુ તુરત મકાન પાછો આવ્યો, ખરીદ કરેલી ચીજો નાજનીના આગળ મુકી દીધી તે વખત પરીજાદીએ નવિન હકીકત બજાર વીગરેની શી છે તે વીશે પુછ્યું ત્યારે મ્હે તમામ વર્ણન કરી ચુકયો. ઝવેરીને ત્યાં મહેમાન તરીકે માહારે જવાનું છે તથા મ્હેં વચન આપ્યું છે તે સઘળું કહી દીધું.

આ પ્રમાણે માહારી કહેલી હકીકત સાંભળીને તે ખુબસુરત પરી મને કહેવા લાગી કે હે મરદ! જેને વચન આપવું તે વિચાર કરીને આપવું જોઇએ, અર્થાત તે વચન આપ્યા પ્રમાણે પાળવું જોઇએ. તારા ઉપર પરમેશ્વરની મેહેરબાની (કૃપા) થાઓ એવો મહારો ઉદગાર છે, વચન આપ્યા પ્રમાણે પેગંબરનો હુકમ છે.

આ પ્રમાણે તે સ્વરૂપવાંન સ્ત્રીએ મને કહ્યું ત્યારે તેના પ્રત્યે મ્હેં જવાબ દીધો કે. તમને મુકીને હું એકલો જવાને મારૂ મન માનતું નથી, છતાં જ્યારે તમ મને આજ્ઞા કરોછો તેથી બળાત્કારે લાચારીથી જઇશ. પણ જ્યાં સુધી મિજમાન તરીકે તેને ત્યાં રોકાઇશ અને અહીયાં પાછો આવીશ ત્યાં સુધી મારૂ મન તારા વીયોગથી ઉદાશ ઘણું રહેશે, આ પ્રમાણે કહીને પેલા નવિન વેપારી તરફ હું ચાલ્યો. પેલો ઝવેરી પોતાની દુકાનમાં બેઠેલો મારી રાહ જોતો હતો, એટપોમાં હું તેની દુકાને જઇ પોહોચ્યો. મને જોઇને તેને ઘણો આનંદ થયો. અને કહેવા લાગ્યો કે હે મારા પ્રિય મિત્રો હું તાહારી રાહ જોઇને ઘણું બેશી રહ્યો હતો, ઘણું થયું કે તમે આવી પોહોચ્યા હવે ચાલો આપણે જઇએ. એમ કહીને તે ઝવેરી મને એક બાગ તરફ લઈ ગયો, તે બાગ ઘણો વિશાળ અને જુદી જુદી જાતના વૃક્ષ ઘટાથી શોભિ રહેલો હતો તેમાં સ્વચ્છ પાણીના હોંઝ ભરેલા હતા, તથા કરંજામાંથી ફુવાંરા છુટતા હતા; દ્રાક્ષનાં લાંડવાઓ ઘણાં દેખા હતા જેમાં લીલી દ્રાક્ષના ઝુમખા હતા, અનેક પ્રકારના મેવાના ઝાડ તથા પુષ્પનાં ઝાંડ શોભતા હતાં. રંગબેરંગી જાનવરો તથા પક્ષીયોનો કોલાહલ મધુર સંભળાતો હતો, તેમાં અતિ સુંદર મકાનો (અવાસ) હતા તેમાં અનેક પ્રકારના ચિત્ર વિચિત્ર બુટ્ટાદાર ગાલીચા બિછાવલા હતા, તેમાં એક અતિ ઉતમ બંગલો હતો તે બાગ નજીક પાણીની નહેર હતી તેથી તેની શોભા ઘણી સરસ દેખાતી હતી, તે બંગલામાં અમે જઇને બેઠા, તે સોદાગર

અને ઉત્તમ પ્રકારના બીછાના ઉપર બેસાડીને, તે મહેલના બીજા ભાગમાં ગયો પછી થોડીક વારમાં તે કીમતી પોશાક પેહેરીને બાહેર મારી પાસે આવ્યો તને જોઇને મ્હેં આશીરવાદ દીધો કે હે મિત્ર જેઓ તેને જોઇને અરિષ્યા કરનારા દુર્જન માણુસો છે તેમની ખોટી દ્રષ્ટિનો નાશ થજો. કેમકે આ વખતનો તાહારો પોશાક અને તાહારો દેખાવ મોહ પમાડે તેવો છે. તે સાંભળીને ઝવેરી મારા સન્મુખ જોઈ હસવા લાગ્યો અને મને કહેવા લાગ્યો કે મિત્ર ! હવે તું તારો પોશાક ઉતારી નાંખ કેમકે હવે આપણે અહીંયાંજ આનંદમાં બેશી વાતો કરીશું તેના કહેવા પ્રમાણે મ્હે મ્હારો પોશાક ઉતારી નાંખ્યો, અને સાદો પોશાક પહેરી લીધો.

આ વખતે તે ઝવેરીએ ઉત્તમ પ્રકારની મિજલસ બનાવી દીધી જે જે પ્રકારનો સામાન જોઈએ તે તમામ હાજર કરતો હતો, પછી તે મારી સામે ઘણીજ નમ્રતાથી અને મિત્રાચારીના હકથી મીઠી વાણીથી બોલવા લાગ્યો—એટલામાં તેના નોકર વર્ગના ઉમદા માણુસો શરાબની સીસી તથા રંગ બેરંગી પ્યાલા અમારા આગળ ગોઠવી દીધા તેમજ જુદી જુદી પ્રકારની ખાવાની ચીજો રકેબીમાં ગોઠવીને અમારા આગળ હાજર કરી, પછી શરાબ આપવા માંડયો શરાબ સારી પેઠે હદ ઉપરાંત લેવામાં આવ્યો તે વખતે સરવે આનંદના લેહરમાં આવી ગયા, એ વખતે દાઢી મુછ વગરનાં જુવાન ચાર છોકરાઓ સંગીત કરવા લાગ્યા, તે છોકરાઓનું સંગીત એવું હતું કે જેથી મનને અત્યંત આનંદ થવા લાગ્યો આ વખતે જેવો સંગીત કુશળ હોય તો પણ તે પોતાના અભીમાનને તાનસેન દુર કરે તેવી મજાહ થઇ રહી હતી; તે વખતે બાવલા નામનો ગવૈયો ગાયનમાં મસ્ત થઇને બાહાવરો થઇ જતો હતો. આ પ્રમાણે ખરેખરી આનંદ આપનારી મઝા થઇ રહી છે એવામાં તે જુવાન જેકે ઝવેરી હતો તે પોતાના મસ્ત હાલમાં કોઈ જુદીજ પ્રીતીના હાલમાં પોતાના આંખમાં આંસુ લાવીને મને કહેવા લાગ્યો કે હે ભાઈ! હવે આપણી મિત્રાચારી આગળ વધતી જાય છે. માટે આપણે પરસ્પર પોતાના મનની વાત છુપાવવી જોઇએ નહી, એટલા માટે તાહારી આગળ માહારી ખાનગી વાત છુપાવતો નથી જો કે તાહારી આજ્ઞા હોય તો હું માહારી પ્યારીને આ મિજલસ

(સભામાં બોલાવું જેથી મને પણ આનંદ થાય, તેની જુદાઇથી મારૂં મન ઉદાસ રહે છે આ પ્રકારે તેનું બોલવું સાંભળીને મ્હે તેને કહ્યું કે પ્રિય મિત્ર ! ત્હેં ખુશીથી તારા દીલની વાત મને કરી તેથી કંઈજ અંદેશો નથી તમે તમારી પ્યારી સુંદરીને આ ગમતમાં બોલાવશોતો તેથી વધારે આનંદ થશે, એવું સાંભળતાંજ તેણે પડદા તરફ નજર કરીને ઇસારો કર્યો એટલે તે પડદામાંથી તે ઝવેરીની પ્યારી (માશુક) સભામાં આવીને ઝવેરીની જોડે બેઠી તેની કાન્તી કેવળ ડાકણ જેવી હતી. તેના શરીરનો રંગ કાળો મેશ જેવો હતો, દેખાવમાં એવી બદસિકલ અને ભયંકર આકૃતિની હતી કે તેને જોતાંજ હરકોઇ માણસ છળીને મરી જાય, તેવી કદરૂપી સ્ત્રી માહારા મિત્ર ઝવેરીની જોડે આવીને બેઠી તે સ્ત્રીને જોઇને મને પણ બીક લાગી, અને મારા મનમાં હું વિચાર કરવા લાગ્યો કે આ બલા અહિયાં ક્યાંથી આવી અરે આ માહારો મિત્ર એટલો બધો ખુબ સુરત છે કે તેને જોઈને પરી જેવી સ્ત્રી પણ મોહ પામે છતાં આ માણુસો આ ડાકણ જેવી ખરાબ ચેહેરા વાળી સ્ત્રી સાથે શા કારણથી પ્રેમ બાંધ્યો હશે એમ વીચારમા હું—ડી ગયો તે સાથે તે ઝવેરીને ધીકાર આપવા લાગ્યો આ પ્રમાણે હું મારા મનમાં વીચાર કરીને ચુપ રહ્યો, આ પ્રમાણે ત્રણ દીવસ સુધી તે ઝવેરીને ઘેર ખાવા પીવાનો મોજ શોખ કર્યો ચોથે દીવશે રાત્રીની વખતે ઘણો શરાબ પીવામાં આવ્યો હતો જેથી પ્રાતઃકાળમાં હું ઘણો નરમ થઈ ગયો હતો. તે ઝવેરી મિત્રે એક પ્યાલામાં પીવાની વસ્તુ મને આપીને મને હુશિયાર કર્યો. ત્યાર પછી તે જુવાન પોતાની પ્યારી સાથે કહેવા લાગ્યો કે હવે આપણે આ મિજબાનને બહુ વખત ન રોકવા ન જોઇએ, એમ કહીને તે ઝવેરીએ તે મિજલસમાંથી ઉભો થયો એટલે મ્હે તેમની પાસેથી આજીજી કરીને રજા માગી, તેણે મને ખુશીથી રજા આપી, પછી જલદીથી હું માહારાં કપડાં પેહેરીને માહારા મકાનનો રસ્તો પકડયો અને પરીની પાસે આવી પોહોચ્યો; તે સ્વરૂપવાન રૂપશીલ લાવણ્યતાથી ભરપુર એવી પરીને મુકીને કોઇ પણ દીવશે હું ગયો નહોતો જેને માટે હું કાળજી રાખતો હતો. જેના ઉપર મારો અથાગ પ્રેમ હતો જેના ઉપર માહારો સંપૂર્ણ મોહ હતો જેની કાન્તી એવી હતી કે

તેને સરખાવવાને બીજી કોઇ સ્ત્રી જોવામાં આવતી નોહોતી તેને મુકીને હું ત્રણ દીવસ સુધી મિત્રને ઘેર જાફત માટે રંગરાગમાં રોકાયો એમ ચમકીને હું બોલ્યા ચાલ્યા વીના શરમીંદો થઇને તે પરીની પાસે ઉભો રહ્યો. તે પરીએ માહારી ખબર પુછી ત્યાર બાદ તે ખુબ સુરત પરીઅને માહારા ઝવેરી મિત્રને ત્યાં જે જે પ્રકારની રચના બની તે તથા પેલી કદરૂપી ડાકણ જેવી કાળી મેશ સ્ત્રીની વાત કરી તે વાત તેણીએ સાંભળી લીધી થોડીકવાર સુધી તે મુગી રહી, પછી નરમ શબ્દથી મારા પ્રત્યે બોલવા લાગી કે, એ વાતનો કાંઇ અંદેશો લાવવા જેવો નથી, તું પોતાનું મન ધુંચવણમાં નાંખતોમાં, તુ મને મુકીને તારા મિત્રને ત્યાં થોડીક વખત ટકવાને બદલે ત્રણ દીવસ સુધી રહ્યો તેના માટે તારૂ મન જે નાખુશ થયું છે, તો તેમ કરવાની જરૂર નથી; વખતે એમ પણ બને છે, એવા ગુણી માણસોની મિત્રાચારીનો હક સાચવવામાં તેની મરજી સંપાદન કરવી પડે છે હવે તેને પણ મિજબાન તરિકે બોલાવીને ગમત કરવી તથા તેને આ મંત્રણ કરવું તને યોગ્ય છે. તે સોદાગરને અહીયાં લાવવોજ જોઇએ, જયાફતમાં જે જે ચિજો તયાર કરવાની તેને માટે તુ કશી પ્રકારની કાળજી રાખતો નહી, જે જે પ્રકારનો સામાન જોઇએ તે તમામ મારી પાસે તયાર છે.

આ પ્રમાણે તે લાવણ્યવતી સ્ત્રીના કહેવા ઉપરથી તથા તેની આજ્ઞા થવાથી તે સોદાગર પાસે ગયો અને તેને કહેવા લાગ્યો કે હે મિત્ર તારો પ્રેમ મારા ઉપર હોવાથી તું મને મિજબાન તરીકે તાહારે ઘેર લઇ ગયો. તે પ્રમાણે હવે માહારો આગ્રહ કબુલ કરવો પડશે, માહારી સાથે બેશીને બેત્રણરોજ માહારે ઘેર રહી ગમત કરવી જોઇએ આ પ્રમાણે સાંભળી સોદાગરે જવાપ આપ્યો કે હું તાહારા વચનથી દુર નથી, હે મિત્ર! હું ખુશીથી તાહારે ત્યાં આવીશ, આ પ્રમાણે ઝવેરી મિત્રનું વચન સાંભળી મ્હેં કહ્યું! કે મિત્ર! તમે મારો મકાન પવિત્ર કરો જેથી મને પણ ઘણો આનંદ થશે, આ પ્રમાણે સાંભળી તે માહારી સાથે મહારા મકાન તરફ આવ્યો રસ્તામાં હું વીચાર કરવા લાગ્યો કે અનેક પ્રકારની યુક્તિયો કરીને આ મિત્રને મારા ઘર તરફ લાવુ છું પણ જેવી રીતે તેણે મારી સરભરા કરી તેવી સરભરા મારાથી શી રીતે થઇ શકશે! કેમકે

હું અને નોજની શિવાય ઘરમાં બીજું કોઇ માણુસ નથી. આ પ્રકારે વીચાર કરતો કરતો મિત્રનો હાથ પકડી વાતો કરતો કરતો હું મારા મકાન આગળ જઇ પોહોચ્યો ત્યાં જઇને જ્યારે હું જોઉં છું ત્યારે ત્યાં જુદીજ પ્રકારનો રંગ ઢંગ માલુમ પડયો, ચારે તરફ કામ કરનારા નોકર ચાકરોની હીલચાલ જણાઇ આવી, બારણાં આગળ પાણીનો છંટકાવ કરાવેલો દેખાયો, દરવાજા આગળ દરવાનો (પેહેરે ગીર) અદબથી ઉભા રહેલા દેખાયા, આ પ્રમાણે જાદુઇ રચના જોઇને મને ઘણીજ અજાયબી લાગી, તો પણ આ મકાન માહારો છે એમ સમઝીને હું છેક અંદર ગયો ત્યાંની ગોઠવણુ જોતાં તો માહારી આંખ્યો કેવળ અંજાઈ જવા લાગી, થોડીક વખતમાં મેહેલને એટલે દરજ્જે શણુગારેલો હતો કે તેનું વર્ણન કરવાને પણ શકતી રહી નહી, ચારે બાજુએ ઉતમ પ્રકારના ચિત્ર વિચત્ર ગલીચા બિછાવેલા હતા, તરેહ તરેહની ખુશબો ચારે તરફ ફેલાઈ રહેલી હતી, જુદી જુદી આકૃતીની ચાંદી અને સુવર્ણની રકાબીઓ ગોઠવેલી હતી. તેમાં દરેક રકાબીઓ મેવાથી ભરેલી હતી, ઠેર ઠેર અબરખનાં બનાવટી ઝાડની વચમાં દીપક પ્રગટાવેલા જણાતા હતાં અને બીજી તરફ બિલોરી કાચના મોટા ઝુમરખમાં દીવા કરી દીધા હતા, જેમાં કપુરની બતિયો ગોઠવેલી હતી, કેટલાંક માણુસો જુદી જુદી પ્રકારની ચીજો તયાર કરવામાં મચી રહેલા જણાતા હતા, આ પ્રકારે અત્યંત કૌતકી રચના જોતો જોતો રસોઇખાના તરફ હું તપાસ કરવા લાગ્યો. અને જોયું ત્યારે જણાઈ આવ્યું કે ત્યાં તરેહ તરેહવારની ખાવાની ચીજો બનાવેલી દેવતાના અંગારા ઉપર ગોઠવેલી હતી, એક તરફ સોના અને રૂપાના ખુમચા મુકેલા હતાં, તેની ચોકી કરવાને માટે ઘણા માણુસો ઉભા રહેતા હતા, એક તરફ સરાબની સુરાહીયો રંગ બેરંગી ગોઠવી મુકેલી દેખાતી હતી; તમામ પાદશાહી ખાણું તયાર કરેલું હતું;

કેટલી નૃત્યકરનારી વારાંગનાઓ અને એક તરફ ગવૈયાઓ બેઠેલા હતા, જેના અંગ ઉપર બાદશાહી પોશાક હતો આ પ્રમાણે બાદશાહી મિજલસ (સભા) જોઇને હું ઘણોજ ખુશ થયો એટલુંજ નહી પણ મને સેજ સાજ અભિમાન થયો કે ઝવેરીને ત્યાં અત્રેની રચના કરતાં પચાસમો હીસ્સો પણ નહોતો. એમ સમઝી

હું પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો આ વખતે માહારા પ્યારા દોસ્તને ઉતમ પ્રકારના. બીછાના ઉપર મ્હેં બેસાર્યો ત્યારપછી હું પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે હે જગતના પેદા કરનાર ! હું એક ઘડીની અંદર કોઈ જુદીજ પ્રકારનો ખેલ જોઉ છું, આ પ્રકારે વિચાર કરતો કરતો હું ચારે બાજુ જોતો હતો પણ લાવણ્યવતી પરી જોવામાં આવી નહી. તેથી ફરીથી હું રસોઇખાનામાં જઇ પોહોચ્યો. ત્યાં જ્યારે હું જોઉ છું ત્યારે તે નાજની રસોડામાં ઉભી રહેલી દેખાઇ તેણીએ પોતાના બદન ઉપર ઝીણું મલમલનું એક કુરતું સાદું પેહેર્યું હતું પગમાં નાજુક જોડા પેહેરેલો હતો માથા ઉપર સફેદ રેશમી રૂમાલ બાંધી દીધો હતો, અંગ ઉપર આ વખતે બિલકુલ દાગીના નહોતા આ વખતે તે સાદો પોશાક પેહેરીને પોતાની દેખરેખ નીચે તમામ રસોઇ ખાનાનું કામ કરાવતી હતી.

બેત.

નહિ મોહતાજ જેવરકા, જીસે ખુબી ખોદાનેકી
કે જેસા ખુશ નુમા લગતાહે દેખો ચાંન બિન ગેહનેહ

અર્થ.

જેને પરમેશ્વર ખુબ સુરતિ (ઉત્તમ પ્રકારની કાંતી આપી છે તેને દાગીના વિગેરેના અલંકાર ધારણ કરવાની શી જરૂર છે ! જેમકે ચંદ્રમા અલંકાર અને દાગીના વીગેરે નહીં છતાં આનંદ પ્રાપ્ત કરે તેવો લાગે છે.

આ પ્રમાણે તે સ્વાભાવિક દેખાવવાળી રૂપ લાવણ્યતાથી ભરપુર એવી પરીએ મારા મિત્રની ખાતર અત્યંત સુંદર રચના તયાર કરી હતી, આ વખતે સઘળી ગોઠવણને માટે તે તાકીદ કરી રહી હતી. તેનુ શરીર ગુલાબના પુષ્પ સરીખું સુગંધમય હતું. ગરમીના જોરથી તેણીના શરીર ઉપર પરશેવાના બુંદ (ટપકાં) મોતીની આપેઠે છુટતાં હતાં, તે વખતે હું તેની પાસે જઇ પોહોચ્યો તેની સન્મુખ આજીજીનાં બે વાક્ય બોલીને હું ઉભો રહ્યો તે વખતે તેણીએ માહારી સન્મુખ ચકળતી આંખે દ્રષ્ટી કરી; અને કહેવા લાગી કે હે જુવાન ! જે તું રચના જુવેછે તે દેવ દાંનવ ઇત્યાદીકથી પણ બનિ શકે નહિ છતાં માણુસ જાતી શી રીતે કરી શકે આ પ્રકારે સંકલ્પ વિકલ્પમાં તું કેમ પડયો છે ! કે જેથી કરી આશ્ચર્ય પામી

ગએલો તું માહારી સાંહામો માત્ર ઉભોજ રહ્યો છે; એ ઠીક નહી, તું તાહારા મિત્રને એક જગોએ એકલો મુકીને, માહારી નજીક ઉભો રહ્યો છે, તેથી મને લાગે છે કે તારામાં શાણપણ જણાતું નથી. માટે તું આ સન્મુખ શૃંગારેલી જગોએ જઇને સર્વ પ્રકારની વસ્તુઓ ઉપર ધ્યાંન આપી સારી પેઠે મિજબાંનને ખુશિ કરો, જેથી તેનું અંતઃકરણ પણ આનંદમાં રહે એટલુંજ નહિ પણ તે મિજમાનને બલામણ કરો કે તે પોતાની પ્યારીને પણ આ જગોએ બોલાવે, આ પ્રકારે તેની આગ્ના થવાથી હું તે મિત્રની પાસે જઇને બેઠો. તુરત ખાવા પિવાની તજવીજ કરવા લાગ્યો, મિજલસમાં ખાંણું લાવનાર માંણુસો ખુમચાં ભરીને જુદી જુદી જાતની વસ્તુઓ લાવીને ગોઠવવા લાગ્યા, એટલામાં બે ગુલામો શરાબની ચાંદીની સુરાહીયો અમારા આગળ લાવીને મુકી, તે સાથે સુવર્ણના જામ ગોઠવી દીધા, શરાબ લેવા માંડયો અને ખાણું ખાવાની શરૂઆત કરવા માંડી તે વખતે મ્હેં મારા મિત્રને કહ્યુ કે હે મિત્ર! ત્હેં જે મહારી સરભરા કરી હતી તેવી હું તાહારી સરભરા કરવાને અશક્તછું કેમકે હું અનેક પ્રકારના દુખમાં ફસાયલો મુસાફર છું. છતાં હું માહારી શકતી પ્રમાણે જે કાંઇ તાહારી શેવા બજાવુંછું તે આપ સ્વીકારશો, એવી આશા રાખું છું. વળી હું તાહારી પાસે એક વાતની માગણી કરૂંછું તે તું કબુલ કરીશ એમ હું ધારૂંછું. તે એવી રીતે છે કે તું તાહારી માશુક (પ્યારી) ને આ મિજલસમાં બોલાવે તો તેના માટે મને ઘણો આનંદ થશે, આ પ્રમાણે સાંભળીને તે વાત તેણે કબુલ કરી. રાત્રી અંધારી હતી તે વખતે પોતાની માસુકને બોલાવવા માંણસ મોકલ્યું, થોડીક વાર થઇ એટલે તે કદરૂપી ચુડેલ જાણે બલા હોયની તેની માફક એકા એક ડોલીમાં બેસીને આવી પોહોચી, આ પ્રમાણે કેવળ ધીક્કારવા જેવી ખરાબ સ્ત્રી હતી તો પણ માહારા મીત્રની આબરૂ ખાતર તે ચુડેલને ઉત્તમ પ્રકારનું માન આપીને તેને મારા મિત્રની જોડે બેસાડી તેને જતાંજ પેલો ઝવેરી મિજમાંન જે કે મારો મીત્ર છે તે અત્યંત આનંદમાં મગ્ન થવા લાગ્યો. જેમકે કોઇ અલભ્ય વસ્તુ પ્રાપ્ત થવાથી ખુશી થાયછે તેમ તે કાળી મેશ જેવી ચુડેલને જોઇને અભંગ રંગમાં મસ્ત થવા લાગ્યો, તેજ પ્રમાંણે તે બદસીકલ ચુ-

ડેલ પણ ઝવેરીને જોઇને લંપટ થઇને ખુશીની સાથે ઝવેરીની જોડે બેઠી બધમી ચંદ્રમાને જેમ રાહુ ઘેર છે તેમ ને મરદ તેની સોબતથી દેખાતો હતો. પણ તેમની પરસ્પર પ્રીતી તો જાંણે કમળ ને ભમરો વળગે તેવી અનહદ દેખાતી હતી. તે મિજલસમાં જેટલા માંણુસો બીજા બેઠાં હતાં તેઓ મોટા વિચારમાં પડીને આંગળી દાંતમાં ભરાવી દીધી હતી; તેઓ ખાવાનું પડતું મુકીને આ અજબ ખેલ જોવાનાં ગુમ થવા લાગ્યા, તેમાંથી એક મરદ એમ એમ બોલવા લાગ્યો કે હે ભાઇયો! અક્કલ અને ઈશકમાં ઘણો ફેરફાર હોયછે કેમકે તે વાત વીવેક દ્વારાએ અકલમાં સમાસ કરતી નથી. તેને માટે આ દાખલો જે નજરે જણાયછે તે જુઓ જેમાં જણાશેકે લેલી અને મજનુનની માફક છેકે નહી! આ પ્રકારે મિજલસના લોકો પરસ્પર હાસ વિનોદ કરતા હતા પણ હું તો તેમની સરભરામાંજ રોકાયો હતો, પરીની આજ્ઞાથી અને તેની સીખામણથી તેમની સેવા બજાવતો હતો, તે મિજલસમાં ખાવા પીવામાં કે આનંદ લેવામાં બીલકુલ ભાગ લેતો નહોતો, આ પ્રમાણે ત્રણ દીવસ અને ત્રણરાત્રી ગુજારી જે વારે ચોથા દીવસનો પ્રાતઃકાળ થયો તે વખતે પેલા ઝવેરીએ મને પોતાની પાસે બોલાવ્યો અને મને કહેવા લાગ્યો કે હવે હું માહારે ઘેર જવાની રજા માગુછું તાહારા કેહેવાથી, માહારો વ્યાપાર રોજગાર વીગરે કેટલાંક કામ પડતાં મુકીને તારી સાથે રંગ રાગ મઝામાં ત્રણ દીવસ ગુજાર્યા, હવે માહારી ઇચ્છા એવી છે કે આજ મિજલસમાં આપણે જોડે બેશીને ખાવાનો પદાર્થ ખાઇએ અને શરાબ બાજી કરીને મનને આનંદ આપીએ આ પ્રમાણે તેનું કેહેણ સાંભળીને મ્હેં કહ્યું કે જ્યારે તાહારી મરજી તેમ છે તો હું તાહારી આજ્ઞાને તાબે છું. હે મિત્ર! તારા વચનથી હું બીજી વસ્તુને વિશેષ માનતો નથી; આ પ્રમાણે તેને કહ્યું એટલે તેણે મને શરાબનો માપ ભરીને મારા હાથમાં આપ્યો, તે પ્યાલો પકડીને તેને મોટુ માન આપીને શરાબ પીધો; આ દીવસે મીજલસના તમામ મેહેમાનો પણ શરાબમાં ખુબ લટુ બનિ ગયા હતા, તેમનામાં બીલકુલ ભાન પણ રહ્યું નહોતું એટલો બધો શરાબ તમામ મીજલસમાં વપરાયો હતો હું પણ શરાબની કેફથી બેભાન થઇ ગયો તમામ રાત સરવે મેહેમા-

નેએ બેભાનીમાં ગુજારી જ્યારે પ્રાતઃકાળનો વખત થયો અને સુર્યના કીરણ આકાશમાં દેખાવવા લાગ્યાં. તે વખતે માહારામાં કંઇક હુંશીયારી આવવા લાગી, ઉભો થઇને જ્યારે જોઉં છું ત્યારે પેલો ઝવેરી પણ નહી અને મિજલસ પણ નહી, આ પ્રમાણે ચમત્કારીક બનાવ જોઇને હું તો ધાભરો બની ગયો, અને કેવળ માણુસવીના સુના મેહેલમાં હું ફરવા લાગ્યો, જ્યારે હું નજર કરૂં છું ત્યારે એક ખુણામા કાળી કામળી પડેલી જોવામાં આવી. તેને ઉઠાવીને જોઉંછું ત્યારે પેલો મિજબાન જે કે ઝવેરી તથા પેલી ચુડેલ જેવી કાળી ઓરત જોવાંમાં આવી પણ તેમના ધડ ઉપરથી છુટા માથાં થએલા હતાં, તે જોતાંજ મહારા હોશ ખટ્ટા થઇ ગયા, કેવળ બાહાબરો અને ગાભરો બની ગયો ચારે બાજુ જોઉંછું છતાં કોઇ પણ જોવામાં આવતુ નહી એટલામાં એક ખોજો ફરતો હતો તેને જોયો, તેને જોતાંજ માહારામાં હીમ્મત આવી, તેના નજીક જઇને મ્હે પુછ્યુ કે આ બીના-શી રીતે બની છે! ત્યારે તે બોલ્યો કે એ વાત પુછવાથી તને શો ફાયદો છે! કે જેની તું પડપુછ કરેછે! ત્યારે મ્હેં કહ્યું કે આ હકીકત વીશેનો ખુલાશો તુમે નહી કરો તો ખેર પણ મેહેરબાની કરી એટલો ખુલાસો આપ કે પેલી નાજની ક્યા મકાનમાં છે! ત્યારે તેણે જવાબ દીધો કે તને જે કહેવા લાયક હશે તે કહીશ પણ તાહારા જેવો આકૂલ અને બેવકુફ બીજો જોવામાં આવ્યો નહી; કેમકે તું આખરે શરાબ બાજી કરીને બેભાન થઇ પડી રહ્યો એ કેટલી બધી તકસીર! આ પ્રમાણે તે ખોજાએ મને ઠપકો દીધો જેથી હું ઘણો શરમીંદો થયો. મ્હે માહારી કસુર કબુલ કરી તેના પ્રત્યે મ્હેં કહ્યું કે મને માફ કરો, મને કોઇ પ્રકારનો રસ્તો બતાવો હું લાચાર છું તેવું સાંભળીને ખોજાએ મારા ઉપર ઉપકાર કરીને તે રૂપશીલ પરીના રેહાણ તરફ આંગળી કરીને મને ઇસારો કર્યો અને તે ખોજો પેલાં મડદાં પડેલાં હતાં તેને દાટવાની તજવીજમાં રહ્યો અને હું તે ગડબડથી વેગળો રહ્યો. પણ તે પરીજાદીને મળવા માટે હું તો કેવળ દીવાનો બની ગયો હતો, ગાભરો થયેલો તેને જોવાને માટે હું ફરતો હતો, રાત્રીની વખતે પેલા ખોજાના બતાવ્યા પ્રમાણે એક ગલીમાં હું જઇ પહોંચ્યો તેના દરવાજા નજીક જઇને એક છુપી જગો સોધી કાઢીને તેના વિયોગ

દુ:ખવડે આખી રાત બેશી રહ્યો પણ કોઇ માણુસ જોવામાં આવતું નહી. તેમ હુ આ જગોએ શામાટે બેઠો છુ તેને માટે કોઇ પુછનાર પણુ નહોતું. એમ કરતાં રાત્ર વીતી ગઈ અને પ્રાત:કાળનો વખત થયો એટલે પેલો મકાન હતો તે ઉતમ પ્રકારે શણુગારેલો માલુમ પડયો ત્યાં જ્યારે જોઉછું ત્યારે તે ચંદ્રમુખી માહારા જોવામાં આવી તેનું મુખ જોતાંજ મને ઘણો આનંદ થયો આવખતે મને સુખની શીમા રહી નહી, પરમેશ્વરનો મોટો ઉપકાર માનવા લાગ્યો એટલામાં એક ખોજો આવી પોહોંચ્યો અને મને કહેવા લાગ્યો કે હે ઉમેદવાર માણુસ; તું ફલાણી જગોએ એક મસીદ છે ત્યાં જઇને પરમેશ્વરની સ્તુતી કર્યાંકર જેથી તાહાદી ઇચ્છા પરમેશ્વર પાર પાડશે, આ પ્રમાણે તે ખોજાનું વચન સાંભળીને હું ત્યાંથી જલદીથી ઉઠયો અને મસજીદમાં જઇ પોહોચ્યો ત્યાં જગતના પેદા કરનારની સ્તુતી કરવા લાગ્યો, પણુ માહારી નજર તો તે મોહક ચંદ્રમુખી નાજનીના દરવાજા તરફ હતી, હું એજ આશા રાખતો હતો કે હવે મારી આશારૂપી વસ્તુ ઉપર જે પડદો પડયો છે તેને માટે મારી નજરમાં શું આવે છે જેમ રોજો કરનાર અર્થાત આખો દીવસ ભુખ અને તરસથી પીડાયલો રાત્રી પડવાની જેવી આશા રાખે છે. અથવા જેમ બપૈયો વરશા બુંદની આશા રાખે છે. તેવી રીતે હું તે તરફ આશા રાખતો હતો. જ્યારે રાત્રી થવાની ઉમેદ રાખુ ત્યારે તે પર્વત જેવી મોટી લાગતી હતી, આ પ્રમાણે રાત્રી અને દીવસ ગુજારવામાં આવ્યાં. તે વખતે જે ખોજાએ પેલી પરીનો મકાન મને બતાવ્યો હતો તેજ ખોજો જ્યાં હું હતો તેજ મસજીદમાં આવી પહોચ્યો અને તે સાંજના વખતની નીમાજં કરવા લાગ્યો, જ્યારે તે નિમાજથી અટકી રહ્યો ત્યારે તે માહારી તરફ આવ્યો, કેમકે તે મારા તમામ ભેદનો જાણુનાર હતો તેણુે મને દિલાસો આપીને મારો હાથ પકડી પોતાની સાથે લીધો એક બાગ તરફ મને લઇ ગયો. તે બાગમાં મને બેસારીને કહ્યું કે તું અહીયાંજ બેસી રેહેજે, હું તારી પાસે થોડીવાર પછી આવું છું એવું કહીને તે ખોજો ચાલ્યો ગયો, તે સઘળી હકીકત ચંદ્રમુખીને કેહેવા માટે ગયો હતો, હું તો તેના કેહેવા પ્રમાણે બાગમાંજ રહ્યો તેમાં જુદા જુદા પ્રકારના પુષ્પ ખીલેલાં હતાં. તેની ઘટામાં ફરતો

હતો જેમાં ઠેર ઠેર ફુવારા છુટતા હતા તે બાગ જોતાંજ આનંદ થયા વીના રહે નહી તેવો હતો પણ પેલી નાજનીવીના વીયોગથી તે સઘળુ શુળ જેવુ લાગતું હતું. એમ કરતાં પરમેશ્વરની દયાથી તેણીના અંતઃકરણમાં કાંઇક મારા ઉપર દયા વસવાથી, તે ક્ષણવારમાં બાગમાં આવી પોહોચી. તેના તરફ જ્યારે હું જોઉં છું ત્યારે તે પુર્ણ ચંદ્રમાં જેવી દેખાતી હતી, તેણીએ પોતાના બદન (અંગ) ઉપર ઉતમ પ્રકારના દાગીના ધારણ કર્યા હતા, તે કેવળ વીજળી જેવી દેખાતી હતી, તેના આવવાથી આખો બાગ દીપી આવવા લાગ્યો, તેને જોતાંજ માહારાં તમામ દુખ દુર થઇ ગયાં. એટલુંજ નહી પણ કેવળ દીવાનો થઇ ગયો. તેણી તરફનો જે મોહ પાશ હતો તેથી હું પ્રથમથીજ બંધાઈ ગયો હતો. તેવી ચંદ્રમુખી તે બાગમાં મુખમલનું ઉમદુ બિછાનું બિછાવ્યું હતું તે ઉપર જઇને બેઠી. તેજ વખત હું જલદીથી તેના સન્મુખ જઇને ઉભો રહ્યો. જેવી રીતે કમળ પુષ્પ ઉપર ભમરો દોડે છે તેવી રીતે તે ચંદ્રમુખી નાજની પરીના સન્મુખ જે ગુલામ લોકો ઉભા રહેલા હતા તેઓના ભેગો તેણીના સન્મુખ અદબ બજાવીને હું ઉભો રહ્યો તે વખતે તે નાજની માહારા સન્મુખ કેટલીકવાર સુધી જોઇરહી એટલામાં પેલો ખોજો બોલે છે તેની દરમીયાંન હું પણ બોલવા લાગ્યો કે, હે ચંદ્રમુખી! હું તાહારો ગુન્હેગાર છું. માહારો કોઇપણ રીતનો અપરાધ થયો હોય તેના માટે જે સીક્ષા કરવી હોય તે તું કર એવું સાંભળીને નાજની જોકે મારા ઉપર રીસાઇ હતી, તેથી તે ભભકાથી બોલવા લાગી કે, હવે આ માણસને ૧૦૦ સો તોડા અશરફીના આપવા અને તે પોતાનો સરસામાન જે કંઇ હોય તે સઘળો લઇને પોતાના દેશ તરફ ચાલ્યો જાય; તે ખુબસુરત ચંદ્રમુખીના મુખથી આ પ્રમાણે સાંભળતાંજ હું કેવળ નિસ્તેજ થઇ ગયો, મારા બદનમાંથી તમાંમ લોહી ઉડી ગયું, મારી તમામ આશા ભંગ થઇ ગઇ. એટલુજ નહી પણ હું બેભાન થઇ ગયો, મારા શરીરમાં જીવ છે છતાં નહી જેવો થઇ ગયો. મારી છાતીમાં ચ્છુરો બાઝી ગયો: અને નેત્રમાંથી આંસુની ધારા ચાલવા માંડી આ વખતે મને સાહ્ય કારક પરમેશ્વર વિના બીજુ કોઇ નહોતું, પણ શું કરૂં માહારા હૃદયમાંજ દુખ હતું તે હું કહોને કહું! મ-

નમાં ધીરજ આણીને તે નાજની પ્રત્યે હું બોલ્યો કે—

ભલા ! કોઇ વખતે મને મહેરબાની કરીને યાદ કરજો, હું આ દુનિયામાં કમ નસીબનો છું. જો મ્હેં આહાવું જાણ્યું હોતતો હું મારા માલની ખુંવારી કરત નહીં. મારૂ તન મન ધન તને અરપણ કરીને અત્યાર સુધી તાહારી શેવા બજાવી છે. એક વખત હું તાહરો તાબેદાર થઇને રહ્યો છું. તે સરવે ગુણનો વિસારો ક- કરીને મારા ઉપર આફત લાવો છો તેથી પરમેશ્વર રાજી રહેશે નહી, ખેર હવે હું આ જીંદગીની પણ પરવા રાખતો નથી તારા જેવા માશુકની બેદરકારીથી આશકના શરીરનો નાશ થાય એમાં શું કહેવું. એ પ્રમાણે તે નાજનીએ સાંભળ્યું કે તુરત તેના નેત્રની ભમરો ક્રોધથી ચઢી ગઇ. અને મોટા અવાજમાં બોલવા લાગી કે ભલા માણુસ ! શું ! તું માહારો આશક છે ! અરે બેવકુફ ! તું પોતાના ગુમાનથી આ પ્રમાણે મારી સાથે બોલવાને લાયક નથી, માટે યોગ્યછે કે તું બોલવું બંધકર, એવી ના લાયક વાત મારી સાથે કરવી નહી, જો કોઇ બીજો માણુસ આ પ્રમાણે માહરા પ્રત્યે બોલ્યો હોતતો તેના શરીરના ટુકડે ટુકડા કરીને ચીલ પક્ષીને ખવરાવી દેત, પણ શું કરૂ! ત્હેં માહારી ચાકરી કરી છે તેનો ઉપકાર જાણીને મને ઘણો વીચાર આવે છે. માટે જો તાહારૂ ભલુ ઇચ્છે તો તું પોતાનો માર્ગ પકડ તારા નશીબમાં અત્યાર સુધીને માટેજ અનજળ મારી પાસે લખાયલું હશે. માટે હવે તેનો અંત આવ્યોછે સબબતું તારો રસ્તો પકડ આ પ્રમાણે તેની આજ્ઞા સાંભળી ને મારી આંખમાંથી આંસુ વરસવા લાગ્યાં હાય હાયનો પોકાર લાગ્યો, અરે મારા નસીબમાં એવુંજ લખ્યું હશે કે.મારી આશા પૂર્ણ નહી થાય, અરે હવે હું જંગલ અને પહાડમાંજ ફરવાનોછું કે કેમ ! આ પ્રમાણે માહારો વિલાપ સાંભળીને તેણીએ મારા ઉપર ક્રોધ કરીને કેહેવા લાગી કે તાહારી સઘળી વાતો મશ્કરી ભરેલી હું પસંદ કરતી નથી. આ પ્રમાણે ઢોંગ અને ફિતુરનો ડોળ કરીને કોઇ બીજી સ્ત્રીને તું બતાવ એટલે તું સુખી થઇશ, આ પ્રમાંણે કહીને તે ચંદ્રમુખી નાજની પરી, પોતાના દોલતખાંનામાં ચાલી ગઇ, મ્હેં તેને ઘણી નમ્રતા પૂર્વક વીનંતી કરી પણ તેણે બીલકુલ મારી તરફ લક્ષ આપ્યો નહી,

તેમ ઉભી પણ રહી નથી, જ્યારે તેનો સ્વભાવ ક્રુર તથા ક્રોધીષ્ટ જોયો તે વખતે હું નારાજ થઇને ત્યાંથી ચાલતો થયો, ચાળીશ દીવસ સુધી દીલગીરીમાં દીવસ ગુજાર્યા. શેહેરમાં ગલીએ ગલી ફરતો હતો. તેમજ જંગલ તરફ પણ નીકળી જતો હતો, વેરાંન જંગલમાં જ્યારે મને ભય લાગતો હતો ત્યારે પાછો શેહેરમાં આવતો હતો, દીવશે ખાતો નહોતો અને રાત્રીમાં ઉંઘતો પણ નહોતો ભુખ તરશની પીડા તે ચંદ્રમુખીના વીયોગથી ભોગવતો હતો, તેના વીયોગથી માહારી તમામ બુદ્ધીનો નાશ થયો, જેથી ગલીએ ગલીએ ભટકતો હતો અને ઉભો રહીને રડતો હતો જીંદગીને વધારનાર ખોરાકછે તથા નાહાવું ધોવું વીગેરે સાધનો છે તે તમામનો મ્હેં ત્યાગ કર્યો હતો જેથી ભુખના દુખથી હું કેવળ અશક્ત થઇ ગયો હતો છેવટે હું માંદો થઇને પેલી મસજીદની દીવાલ પાસે બેઠો હતો, એટલામાં પેલો ખોજો તે મસજીદમાં નેમાજ પઢવાને આવ્યો હતો તે વખતે હું આ પ્રમાણે બેત બોલતો હતો.

બેત.

ઇસ દર્દ દિલશે મૌતહો યા દિલકો તાબ હો
કિસમતમે જો લિખાહો ઇલાહિ સિતાબ હો

અર્થ.

આ શરીરમાં જે દરદ છે તેથી કદી મૃત્યુ થાઓ અગર આરામ થાઓ માટે જે નસિબમાં લખેલું હોય તે હે પરમેશ્વર! તું જલદીથી મને બક્ષીસ કર,—

જો કે મારી શીકલ બદલાઇ ગઇ હતી, કેવળ દુબળો અને અશક્ત થયો હતો, માહારા શરીરનો દેખાવ જે પ્રથમ હતો તે જોતાં હાલ મને જોનાર માણુસ બીલકુલ ઓળખી શકે નહિ તેવો થઇ ગયો હતો. જે માણુસ મને ઓળખતો હતો તે ખોજો નીમાજ ભણીને બાહેર નીકળે છે એટલામાં માહારો અવાજ તેના કાંન ઉપર પડયો તે સાંભળીને તે માહારી નજીક આવ્યો તે માહારી તરફ ઘણીવાર સુધી જોઇ રહ્યા પછી તે કેવળ દીલગીર થયો. પછી મને કહેવા લાગ્યો કે હે મરદ! આખર તારી આહાવી દશા થઇ! મ્હેં જવાબ દીધો કે હે ભાઇ! જે બનાવ બનવાનો હતો

તેતો બની ચુકયો. હું જાન માલથી પણ ખરાબ થયો, છતાં તે નાજનીની જ્યારે એમજ મરજીછે તો પછી શું કરૂ ! તે ખોજાએ મારી વિનંતી સાંભળીને પોતાનો નોકર એક હતો તેને મારી પાસે ઉભો રાખ્યો અને મસજીદમાં નીમાજ પઢવા ફરીથી ગયો. તે કાંમથી અટપીને પાછો મારી પાસે આવીને મ્યાનામાં બેસારીને તે પરીની પાસે મને લઇ ગયો. પડદામાંથી બાહેર કાઢીને તે મેહેરબાને મને નાજનીની પાસે બેસાડો પરંતુ મારામાં બોલવાની બીલકુલ તાકાદ નોહોતી, તેથી તે ખુબસુરત ચંદ્રમુખી પરી મારા તરફ ઘણીવાર સુધી દ્રષ્ટી કરી જોઇ રહી ઘણી મુદત સુધી તેના તાબામાં હું રહયો હતો તેથી તેણીએ મને ઓળખ્યો, તોપણ જાણે તે બિલકુલ મને ઓળખતી ન હોય તેવી પરવા વીનાની થઇને બેઠી હતી, અને ખોજાને પુછવા લાગી કે આ કોણ છે ! એવું સાંભળી ખોજાએ જવાબ આપ્યો કે જે તારી પાસે નીરંતર રહેતો હતો તેજ દુખથી પીડાયલો માંણસ છે. તારી નજર આગળથી જ્યારથી દુર થયો છે ત્યારથી આ માણસ અનેક પ્રકારનું દુખ ભોગવે છે, રાત્ર દીવસ જંગલમાં ભટકે છે જેણે પોતાના પેટના પોશણ માટે અન્ન પણ લીધુ નથી, તે દીવાનાની માફક દુખ પામીને બાહાવરો બની ગયો છે, ઇશ્કરૂપી અગ્નીમાં પોતાના દેહરૂપી કાઠી (લાકડાં) ને બાળીને ખાખ કર્યુ છે જોતાં એમ જણાય છે કે તેના બદનમાં ખુન પણ જણાતું નથી, તેના નેત્રમાંથી અફસોસને લીધે રાત્ર દીવસ પાણી વહ્યાં કરે છે. તે પોતાથી થએલા ગુન્હાથી માર્યો ગયો છે આ પ્રમાણે સાંભળી તે નાજની મશ્કરી કરીને કહેવા લાગી કે હે ખોજા! તું શામાટે જુઠ્ઠુ બોલે છે! તેતો ઘણા દીવસથી પોતાના ઘર તરપ ગયો છે એમ હું જાણું છું, પરમેશ્વર જાણે કે તું કોહોને માટે આ વાત કરતો હશે, આ પ્રમાણે સાંભળી ખોજાએ હાથ જોડીને વિનંતી કરીકે, જો આપ માફ કરો તો હું અરજ કરૂ, ત્યારે તે પરી બોલીકે, તું જે કહેવા ધારે છે તે કહીદે હું માફ કરૂ છું, ત્યારે ખોજાએ કહ્યું કે, તાહારી જાત, કદરદાંન છે તેમજ તું કદર કરવાવાળી અથવા જાણવા વાળી છે માટે જગતનો પેદા કરનાર પરમેશ્વરને યાદ કરીને આ પડદો ઉઠાવ અને આ મરદના સન્મુખ ખુબ દ્રષ્ટી કરીને જો અને ઓળખ, તેમજ

તેના કાર્ય ઉપર નજર કર, પરમેશ્વરને માટે તેના ઉપર દયા લાવીને સારી દ્રષ્ટી કર તે ખોજાનું આ પ્રમાણે વચન સાંભળીને ઉત્તમ સ્વરૂપ વાળી પરી તે ખોજાને કહે છે કે તમે સત્ય કહોછો, કાંઇ ઉમદા હકીમને બોલાવીને આ માણુસની દવા દારૂ કરવી જોઇએ, જ્યારે તે તંદુરસ્તને પામશે ત્યારે તેના કામની તતબીર કરવામાં આવશે.

ખોજાએ કહ્યું કે તેના શરીરમાં કૌવત આવવાની માત્ર તાહારી કૃપા ભરેલી તેના ઉપર નજર થાય તો તેજ છે. તું પોતાના હાથે ગુલાબનું પાણી તેના ઉપર છાંટ, તું તેની નજીક આવ્ય, અને અમૃત મય વાણી વીલાસ વડે કરીને તેને શક્તી આપ, તે માણુસ તાહારી અકૃપાને લીધે ના ઉમેદ થયો છે છતાં જ્યારે ત્હારા કૃપા ભરેલા કટાક્ષ જોશે તે વખત તેનું દરદ ધીરે ધીરે દુર થશે, માણુસને ના ઉમેદ શરીરને નુકશાન કરનાર છે માટે તેના આશારૂપી વૃક્ષના મુળ સુકાઇ ગએલાં છે તે ઉપર તાહારી પ્રેમ ભરેલી દ્રષ્ટી રૂપી અમૃત છાંટીશ એટલે તે આશાનાં અંકર બાહાર નીકળી આવશે, આ પ્રમાણે તે ખોજાએ નાજનીને કહ્યું તો પણ તે ખુબ સુરત નાજની પાછો ઉતર આપતી નથી, છતાં તે ચુપ થઈ ગઇ આ પ્રમાણે બન્યો જણનો પરસ્પર સંવાદ સાંભળીને મ્હેં વિચાર કર્યો કે હવે ચુપ રહેવાનો વખત નથી, તેથી મ્હે મારૂ મન ખુલ્લુ કરીને તેણીના પ્રત્યે હું બોલવા લાગ્યો—કે હું દુનિયાનો ડર રાખતો નથી, હું મૃત્યુને પ્યારૂ માનું છું માહારા બન્યો પગ કબરમાંજ ફસાયલા છે તેમજ એક દીવશે મોહોત તો છેજ તોપણ એટલુક હું છું કે માહારા સુકાઇ ગએલા શરીરને 'પુષ્ટી આપવાનો ઇલાજ તો માત્ર પાદશાહ જાદી જે કે આં નાજની છે તેનાજ હાથમાં છે માહારૂ કહેતું ધ્યાનમાં લે કિંવા ન લે તે તેના હાથમાં છે—

જ્યારે તે નાજનીના અંતઃકરણમાં પરમેશ્વરે દયાનો તથા સદ વિવેકનો નિવાસ કર્યો ત્યારે તેણીનું અંતઃકરણ મારી સ્થીતી જોઇને તથા માંહારા 'નમ્ર વચન સાંભળીને પોતેજ નરમ થઇ, માહારા બોલેલા વચન ઉપર તેણીએ ધ્યાન આપ્યુ અને મંજુર કર્યુ પછી તે; ખરા અંતઃકરણથી બોલવા લાગી કે જલદીથી કાંઇ સારા હકીમને અહીયા લાવો તેણીનો હુકમ સાંભળતાંજ પાદશાહી હકીમ

હાજર થયો તે હકીમે માહારો હાથ પકડીને નાડી તપાસી, તે ઘણી વાર સુધી વીચારમાં ગર્ક થયો, પણ કયા પ્રકારની વ્યાધી છે તે વીશે નિશ્ચય કરી શક્યો નહી પછી ઘણો વીચાર કરીને તેણે મનમાં નિશ્ચય કર્યોને અને બોલ્યો કે, આ માણુસ કોઇ માશુક ઉપર આશક પડેલો છે માટે એક ઇલાજ શિવાય બીજો ઇલાજ ચાલવાનો નથી, તે એજ ઇલાજ કે પોતાની માશુકને મળે તોજ તેનો રોગ દુર થશે, આ કામમાં હકીમનું કામ નથી, આ પ્રકારે હકીમના કહેવાથી નાજની સઘળો હેવાલ સમાઝી ગઇ તે વખતે તેણીએ પોતાના નોકરોને હુકમ કર્યો કે આ માણુસને હમામાખાનામાં (સ્નાન કરવાની જગોએ) લઇ જઇને તેનું તમામ શરીર સ્વચ્છ કરો પછી તેને પાદશાહી લાયક પોશાક પેહેરાવીને માહારી હુંજુરમાં લાવો.

તે નાજનીના હુકમ પ્રમાણે જલદીથી મને હમામખાનામાં લઇ ગયા, ત્યાં ઉતમ પ્રકારની ખુશબો (સુગંધી) વસ્તુઓથી મને સ્નાન કરાવ્યું પછી પાદસાહી પોશાક પેહેરાવીને તેનાજની પરી પાસે મને લઇ ગયા, પછી તે માહારા પ્રત્યે બોલવા લાગી કે હે મરદ ! ત્હેં મને નાહક બદનામ કરી છે હવે તું ત્હારા મનમાં બીજી કઇ પ્રકારની ઇચ્છા રાખે છે। તેનો તું ખુલાસો કર આ પ્રકારે, જ્યારે તેનાજની મારા પ્રત્યે રહેમ નજરથી બોલી ત્યારે મને હદથી ઉપરાંત આનંદ થયો માહારા શરીર ઉપર સ્વરૂપની ચીનગી કાંઇ ચંદ્રમાના જેવી ઝલકવા લાગી, મારૂ હદય આનંદથી છલકવા લાગ્યું મારા નેત્ર સારા શુકન આપે તેવાં પલકવા લાગ્યા, આ વખતે પરમેશ્વરનો હું મોટો ઉપકાર માનવાલાગ્યો પછી તેનાજનીને હું કેહેવા લાગ્યો કે—હે મેહેરબાન ! આ માહારા શરીરને સુધારવાને દવાઇ રૂપ તુજ છો મારા શરીરમાંથી પ્રાણની ફળી જવાને વાંર નોહોતી પણ હવે માહારી જીંદગીને રક્ષણ કરનારી તુજ થઇ છે એમ કરીને તેના પ્રત્યે હાથ જોડીને હું ઉભો રહ્યો. પછી મ્હેં કહ્યું કે તુ માહારા ઉપરજે હુકમ કરે તે પ્રમાણે કરવાને હું હાજર છું. મારી વિનતી એટલીજ છેકે આ શેવકને તાહારી દ્રષ્ટી નીચે રાખ જેથી હું મોટી પાદશાહીનું સુખ પામ્યો એટલુંજ સમઝીશ, એટલું સાંભળી તેનાજની મંદહાસથી આંખથી

ઇસારત કરી પોતાની પાસે મને બેસાડયો, પછી બોલવા લાગી કે ત્હેં માહારી તાબેદારી ખરા પ્રેમ ભાવથી કરી છે તે બાબત મ્હેં મારા અંતઃકરણમાં તારા ઉપકારનું ચિત્ર ચીતર્યું છે. તેના બદલામાં જે ત્હેં મને કહ્યું તે હું ખરા અંતકરણથી કબુલ કરૂંછું. એ પ્રમાણે તેણે કોલકરાર કરીને તુરત જોસીને બોલાવીને લગ્ન કરવાને વખત ઠરાવ્યો પછી કાજીને બોલાવીને મારી સાથે લગ્ન કરાવ્યું. પ્રથમ હું ઘણું દુખી થયો પણ પછીથી સુખ ચૈન ભોગવવાનો વખત પરમેશ્વરે આપ્યો. પણ માહારી આગળ મારા દેખતાં જેજે આશ્ચર્ય ઉપજાવે તેવી નવાઇની હકીકત તેણીને પુછવાની મારી મરજીહતી, આ ખુબસુરત ચંદ્રમુખી પરી કોણ છે! તેમજ પેલો હબસી કોણ હતો કે જેણે એક ચીઠી જોતાંજ અશરફીયોની થેલીયો મોકલી દીધી, વળી પાદસાહી જાફત થોડીવખતમાં ચમત્કાર ઉપજાવે તેવી કેવા સાધનથી કઈ યુક્તીથી કરી શકી, તેમજ તે ઝવેરી અને તેની માશુક કાળારંગની ડાકણ જેવી કોણહતી તથા તે એકાએક તે મિજલસમા શાથી કપાઇ મુવો કોણે કાપ્યો અને શું થયું, । જોકે તેને જમવાંને માટે મિજબાન તરીકે ગણીને તેની શરભરા ઉત્તમ રીતે કરી હતી છતાં તેનો છલબલથી શી રીતે નાશ કર્યો—આ ઉતમ પ્રકારની પરીને પેટીમાં ઘાલીને ઉતારનાર કોણ તથા તેના અંગ ઉપર ઝખમ કોણે માર્યા હશે, આ પ્રમાણે ચાર હકીકતનો સાર જાણવાને માહારી ઇચ્છા ઘણી હતી,—જોકે તેની સાથે મારૂ લગ્ન થયુ અને આઠ દીવશ ગુજરી ગયા તોપણ તેનાજની સાથે કંઇશક રંગભોગ કર્યો નહોતો કારણ કે પેલી છુપી હકીકત જ્યાં સુધી મારા જાણવામાં આવી નથી ત્યાં સુધી આનાજની માંહારી સ્ત્રી થઇ છે તોપણ તેનાથી સંસાર ભોગનો સંબંધ રાખ્યો નહી, રાત્રી પડે તે વખતે ફક્ત તેની સાથે બીજી વાત ચિતકરૂ તેમજ તેનું માથુ મારા ખોળામાં મુકીને હાસ વિનોદ કરૂ જ્યારે પ્રાતઃકાલ થાય ત્યારે ઉઠી જતો હતો. આમ કરવાનું કારણ એજ કે પેલી ચાર હકીકતો જાણવાની મને જરૂર હતી,

એક દીવસ મ્હેં લુડીને ફરમાવ્યુ કે મને ન્હાવાની ઇચ્છા થઇછે માટે સ્નાન કરવાની જગોએ ઉનું પાણી પોચાડી દે, આ પ્રમાણે લુંડીને કહેલું ફરમાન પેલી નાજનીએ સાંભળ્યું તે વખતે

મંદહાસથી મશ્કરી તરીકે મને કહેવા કે શું ! તને કેઇ સ્ત્રીએ લાલચમાં નાંખ્યો ! અથવા કોની જોડે રંગ વિલાસ કર્યો ! કે જેથી તને નાહાવા જવાની જરૂર પડે છે ! તેણીએ આ પ્રમાણે મામિક શબ્દો કહ્યા તો પણ હું કંઇ બોલ્યો નહી, કેટલાક દીવસ સુધી હું આ પ્રકારની વર્તણુંકીએ ચાલ્યો જેથી પેલી નાજનીનું મન વીચારથી ભરાઇ ગયું તેથી તે એક દીવશે મને કહેવા લાગી કે એ મરદ ! તું કોઇ વીચીત્ર પ્રકૃતિનો માંણસ જણાયછે આજ સુધીનું મરદીનો અભિમાન ધરાવતો હતો. અર્થાત માહારી સાથે પ્રેમ બાંધવાને ત્હેં ઘણાં સંકટો વેઠયાં, અને મને પ્રાપ્ત કરી છતાં હવે તું ઠંડો કેમ જણાયછે, જોકે તાહારામાં મરદીની કોવત નહોતી તો શા માટે આહાવો કસબ કર્યો.

આ પ્રકારે તેનાં વાકય સાંભળી, મ્હેં તેને જવાબ આપ્યો કે હે પ્રાણથી પણ પ્યારી ચંદ્ર મુખી ! જ્યારે આપણું એક બીજાનું મન મલ્યુ ત્યારે તેમાં અંતર કે પડદો રાખવો એ મોટુ પાપછે, તારા તરફથી જે ખુલાસાની બારે જરૂર છે તે ખુલાસો મને મળવો જોઇએ.

નાજની બોલીકે હજુર ! તાહારે શાંનો ખુલાસો જોઇએ છીએ ! આપણા નસીબમાં જે થવાનું હતું. તે તો થઇ ગયું છે,

ત્યારે મ્હેં કહ્યું કે જે વાતમાં શંકા રહેછે તે વાતથી આદમી જાતનું મન બે દીલ રહેછે તેથી તારી સાથે બીજો કોઇ પ્રકારનો વ્યવહાર બની શકતો નથી. ખુશીની વખતે હું તેનો સવાલ પુછવાનો છું મને બીજી વાતનું ધ્યાનજ નથી, માટે તું મારા ઉપર કૃપા કરીને તે વાતની માહીતી આપે મારા મનનો ઉભરો શમી જાય.

આ પ્રકારે તે નાજની માહારી હકીકત સાંભળી ને કહેવા લાગીકે હે મરદ ! આવી બાબતનો વેહેમ તારા મનમાં શા માટે લાવેછે હમણાં તું તારી મા શુક જે કે હું છું તેનાથી તું દીલ ઉદાશ કેમ રાખેછે ! મ્હે તને પ્રથમથીજ કહ્યુ છે કે મારી બનેલી વાત તુ હર વખતે પુછતો માં તમજ તેમજ બનેલી વાત કોઇની આગળ કહેતામાં, આ પ્રમાણે કહેલું છતાં પુછવાનું શું કારણ છે ! આ પ્રમાણે તેનું બોલવું સાંભળી મને ખુબ હસવુ આવ્યું અને કહેવા લાગ્યો કે, કેટલીક માહારી કસુર ત્હેં માફ કરીછે તે પ્રમાણે

આ વખતની કસુર પણ માફ કરવી જોઇએ. કેમકે તે છુપીવાત જાણવાની મને ઇચ્છા થઇ છે. પછી તે નાજની પોતાના મનમાં ક્ષમા લાવીને કહેવા લાગી હે મરદ ! તું માહારી સાથે આનંદથી રંગ મઝા કર નાહક તે વાત પુછવાની શી જરૂર છે ! મ્હેં તને સંતોષ કારક જવાબ આપ્યો કે આપણા પ્રેમમાં પરસ્પર પડદો રાખવો યોગ્ય નથી.

નાજની ઓરતી—તમારૂ કહેવું સત્ય છે. પણ જે વાત હું તમને કહું તથા ખુલાસો આપું તે વાત જો બીજી જગોએ ઝાહેર થઇ તો મોટી આફત પેદા થશે. એ સાંભળીને મ્હેં જવાબ દીધો હું એવો મુર્ખ કે બાળક જેવો ગાફલ નથી કે જે વાતથી જાંન માલનું નુકશાન થાય એવું કાંમ હું કદી પણ કરૂં નહી, માટે જે વાત તમે કરો તેમાં કોઇ પ્રકારની શંકા નહી લાવતાં જે બની ગઇ હોય તે તમામ ખરેખરી કહો તેમાં તમે કોઇ પ્રકારની કાળજી રાખસો નહી, એ વાત કયામતનો રોજ આવશે ત્યાં સુધી પણ મારે મોઢેથી નીકળવાની નથી.

આ પ્રમાણે સાંભળીને તે નાજની માશુકે વિચાર કર્યો કે હવે વાતનો ખુલાસો કર્યા વીના ચાલે તેમ નથી. પછી લાચાર થઇને કહેવા લાગી કે હવે તું તમામ હકીકત સાંભળવાને તયારથા.

હું કમજાત ઓરત દમાસ્ક શેહેરના બાદશાહની પુત્રી છું. મારો બાપ બીજા બાદશાહો કરતાં મોહોટો બાદશાહ છે, તેને સંતાનમાં મારા શીવાય બીજુ કંઇજ નહતું. જ્યારે મારી માએ મને જન્મ આપ્યો તે વખતે મારા મા બાપને આનંદનો પાર રહ્યો નહોતો તેઓ ખુશિથી પોતાના દીવશો વ્યતિત કરતા હતા, જ્યારે હું દીવશે દીવશે યોગ્ય ઉમરની થવા લાગી તે વખતે મારી પાસે ચાલાક અને ચતુર સાહેલીયો રહેવા લાગી, તે સાહેલીઓ રંગ રાગ કરીને હમેશા મને રીઝવતી હતી. જેથી હું પણ નીરંતર આનંદમાં રેહેતી હતી. દુનિયામાં સારૂ અને ખોટુ શુંછે તે હુ જાંણતી નહોતી, સર્વ પ્રકારે સુખની સ્થીતી માહારી જોઇને હું પરમેશ્વરનો ઉપકાર માંનતી હતી, એક દીવસ એકાએક માહારી તબિયત બગડી, તેથી હું શરીરમાં વેદનાને લીધે દુખી થઇ તે વેળાએ રાગરંગ મજા મને ગમી નહી. તેથી તે સઘળું બંધ

રાખ્યું, શરીરમાં સુસ્તી હોવાથી. ખાવા પીવાનું પણ મન થતું નહોતું, કોઇની સાથે બોલવાનું પણ મન થતું નહોતું, આ પ્રમાણે માહારી સ્થિતી જોઇને મારી પાસે રેહેનારા વીગેરે સરવેને ફીકર થવા લાગી, મને પાલણ પોશણ કરનાર તથા મારા ઉપર દેખરેખ રાખનાર દાઇ તથા, દાદી વીગેરે મારે માટે ફીકર કરવા લાગ્યા, માહારા શરીરને તેઓ તપાસવા લાગ્યા,—માહારા અંતઃકરણુની સઘળી હકીકતનો જાણનાર વૃદ્ધ અવસ્થાનો અત્યારે જે ખોજો તમારા જોવામાં આવે છે તે ખોજો તે વખતે અમારા પાસે હતો તે મારા શરીરની સ્થીતિ આ પ્રમાણે જોઇને કહેવા લાગ્યો કે—હે પાદશાહજાદી! તું થોડોક શરબત પીયે તો તારા શરીરને આરામ થશે, આ પ્રમાણે તેના કહેવાથી, શરબત જલદીથી હાજર કરો એવી આગ્ના તેઓ જે શરાને મ્હેં કરી, તે ઉપરથી તે ખોજેશરાએ શરબત બનાવી એક સુરાહીમાં ભરીને એક છોકરાના હાથમાં આપીને માહારા તરફ મોકલી, તે છોકરો શરબત લઇને માહારી પાસે આવ્યો, તેની સાથે ખોજો પણ આવ્યો હતો તેણે મને શરબત પાયું, ત્યારપછી તે શરબતનો કેહેવા પ્રકારનો ઉત્તમ ગુણ છે તેનું વર્ણન કર્યું; તે શરબત પીતાંજ મારા મનને આનંદ વ્યાપ્યો તેથી તે ખોજેશરાને મ્હેં ફરમાવ્યું કે દરરોજ આ પ્રમાણે શરબત તયારકરી મારા તરફ લાવો; એમ તેને કહ્યાથી તે ખોજેશરા એક સુરાહી શરબતની ભરીને એક છોકરા પાસે લેવરાવી મારી પાસે આવતો હતો, તે શરબત હું પીધામાં લાવતી હતી, જ્યારેતે શરબત પીધાપછી તેની કેફ મને આવતી હતી ત્યારે તેની લેહેરમાં તે છોકરાની સાથે મસ્કરી સાથે વાણી વીલાસથી રમુજ કરતી હતી, તે છોકરો મારી મરજી મુજબ માહારા સન્મુખ અદબ રાખીને ઉભો રહેતો. હતો, દરરોજ તે છોકરો શરબત લઇને મારી પાસે આવતો હતો, તે માહારી પ્રકૃતિનો જાણીતો થયો હતો તે છોકરો રમુજ આપે તેવી મીઠી મીઠી વાતો તરેહવારની કરવા લાગ્યો, તેના શરીરની કાંન્તી પણ મનહર અને લાયક હતી, તેના ઉપર માહારૂ અંતઃકરણ વળવા લાગ્યું જેથી હું તેના ઉપર ખુશી થઇને હરેક વસ્તુનું ઇનામ આપતી હતી, પણ તે ભાગ્યહીન કમબખ્ત માહારો આપેલે પોશાક હરવખત પેહેરતો નહતો, તે પોતાનો સાદો અને

અને ફાટા તુટયો પોશાક દરરોજ જે પેહેરતો હતો તે પેહેરીને આવતો હતો, એમ કેટલાક દીવસ ગુજરા પછી તે છોકરાને મ્હેં પુછ્યું કે, હે છોકરા ! હું જે જે પ્રકારના ઉમદા પોશાક તને બક્ષિસ કરૂછું તે કેમ પેહેર તો નથી ! છતાં આ હાવો ખરાબ પોશાક પેહેરીને માહારી પાસે શામાટે આવે છે ! તું કોઇ પ્રકારના ફીકરમાં પડેલો હોય એમ તને જોતાં જણાય છે. તેનું કારણ શું છે તેમજ હું તને અશરફીયો આપુંછું તે તું વાપરી નાંખે છે કે ભેગી કરી મુકે છે !

આ પ્રમાણે કહ્યાથી તે છોકરાએ જવાબ આપ્યો કે જે જે ચીજ હું તાબેદારને તું આપે છે તે ચીજો તમામ માહારા ઉસ્તાદ (સેઠ) મારી પાસેથી લઇ લેછે મારી પાસે પૈશા કે લુગડાં કંઇ પણ રેહેતું નથી; માટે એ વાતમાં માહારી ગફ્લત થતી નથી, આ પ્રમાણે તે છોકરાની ગરીબ સ્થિતિની વાત સાંભળીને તેના ઉપર વીશેષ દયા ઉત્પન્ન થઇ, તે વખતે તે ખોજેશરાને આજ્ઞા કરીકે આ છોકરાની તું સંભાળ રાખ એટલુંજ નહી પણ તેને તારી પાસે રાખ, તેને ઉતમ પ્રકારનો પોશાક પેહેરાવીને ખાંન પાનથી તેને ફેરવ, બીજા લુચ્ચા તથા ફુચ્ચીંદીની સોબતમાં જાય નહી તેવી સંભાળ રાખ, આ છોકરો દરેક શબ્દો રમુજી ભરેલા મારી સાથે બોલે છે તેથી હું તેના ઉપર વધારે પ્યાર રાખું છું તેમજ તેને જોવાથી મારૂ મન બહુ ખુશ રહે છે માટે માહારૂ કહેવું એટલું છે કે તેને પાદશાહી રીવાજનું ઉતમ જ્ઞાન આપીને માહીત કરો, આ પ્રમાણે મ્હેં તે ખોજેશરાને કહ્યું તેણે મારી આંજ્ઞા નમૃતાની સાથે માન્ય કરી, તે છોકરા ઉપર માહારી મેહેરબાની છે એમ તેને ખાત્રી થઇ, ત્યારે તેંણે તે છોકરા ઉપર વધારે પ્યાર રાખવા માંડ્યો એમ કરતાં તે છોકરો થોડાક દીવસમાં પાદશાહી રીવાજમાં માહીત થઇ ગયો મારા પ્રત્યે પ્રથમ તે છોકરો ગાંડુ ઘેહેલુ બોલ તો હતો તે તમામ ભુલી ગયો એટલુજ નહી પણ સ્થિર વૃતિનો ચાલાક ચતુર અને ડાપણવાળો જણાયો, તે જ્યારે મારી પાસે કોઈ વખત આવી શકતો નહી ત્યારે મને કોઇ રીતથી ચેન પડતું નહોતું આ પ્રકારે તે છોકરા ઉપર માહારો પ્યાર બંધાયો, તેને મારી પાસેથી એક પળ પણ દુર કરતી નોહોતી, એમ કરતાં મ્હે તેને મારી હજુ-

રમાંજ તેને રાખ્યો હર વખતે તરેહ તરેહવારના તેના માટેપોશાક હું તયાર કરાવી રાખતી હતી તેનો મોહક ચહેરો હર વખતે હું જોયાં કરતી હતી, તેના ઉપર હું કેવળ ફિદા થઇ ગઇ, જેમ બને તેમ તેની ઉતમ રીતે સરભરાતથા સાભાળ રાખતી હતી, માહારા ખાંનગી જરૂરીયાતના કામેજ હુ તેને બાહેર કાઢતી હતી, છતાં તેટલો જે વિલંબ પડતો હતો તેમાં પણ મને ચેન પડતું નહોતું, આ પ્રમાણે કેટલાંક વરસ સુધી એમ ચાલ્યુ ગયું તે છોકરો ઉમર લાયક જુવાન થયો અને હું પણ ઉમર લાયક ભરયૌવનમાં આવી, તેને હોઠ ઉપર મુછ્યો ફરવા આવી તેથી દરબારમાં ગુપચુપ વાતો થવા માંડી, તમાંમ ખિદમતદાર તથા ચોપદાર તથા દરબારી લોકો સરવે પેલા છોકરાને માહારી પાસે આવવાને બંધ કર્યો જ્યારે તેનું આવવુ બંધ થયુ ત્યારે મને ઘણી ચિંતા થઇ તેને દીઠાવીના મને બિલકુલ ચેન પડતુ નહી, આખો દીવશ મોહોટા પાહાડ જેવો દેખાવા લાગ્યો રાત્રી કેવળ ભંયકર લાગવા માંડી અરે ! તેણે ન ચાલે મારી પાસે આવવાનું બંધ કર્યું, તેથી રાત્ર દીવશ તેના વિયોગથી દુખમાં ગર્ક થઇ ગઈ, મારૂ શરીર દુબળુ થવા લાગ્યું મા રામનની હકીકત કોઇને કહેવા જેવી નહોતી તેથી હું બહુ ગભરાતી હતી, આ પ્રમાણે મારા દીવશો દુખમાં ગુજરવા લાગ્યા, પછી જ્યારે કાંઈ પણ પ્રકારનો ઇલાજ નહિ ચાલ્યો ત્યારે છેવટે ખોજે શરાને મ્હેં બોલાવ્યો, તેને પાશે બેસારી હું કહેવા લાગી કે, હે ખોજે શરાં ! મારૂ અંતઃકરણ તે છોકરા સાથે જોડાયુ છે મારો પ્રેમ તેની સાથે સજજડ છે તે હવે કદી પણ છુટો થવાનો નથી, તેના વિયોગથી માહારો પ્રાણ જરૂર આ દેહથી છુટો થશે, માટે મારી સલાહ એ છે કે તું એક હજાર ૧૦૦૦ અશરફી મારી પાસેથાં લઇને બજારમાં જઇ એક ઝવેરીની દુકાંન મંડાવ, જેમાં તમામ જવાહીર તથા મોતી ખરીદ કરીને રાખે તેને વેચી નાંખે તેમાંથી મોતી વીગેરે લઇને પાછો વેચે; એવો લાયક સોદાગરી ધંધાથી તેને માહીત કર, અને માહારા મેહેલના નીચે એક મકાન બનાવી આપ કે તેમાં તે રહી શકે તેના તાબામાં નોંકર ચાકરો, તથા ગોલા અને ગુલામ વીગરે પગાર ઠરાવી આપીને રાખ, હરેક રીતથી તેનું મન આનંદમા રહે એવો રસ્તો કરીદે, આ પ્રમાણે તે ખોજાને

મ્હે કહ્યું તેણે અદબ બજાવીને તે કામ કરવાને માટે પોતાની કૃતિજાણાવી તે બજારમા ગયો અને ભભકાદાર દુકાન લઇને જવાહીર વગરે ઉતમ પ્રકારનો અવેજ તેમાં રાખી દીધો, પછી તે તમામ પેલા છોકરાને સોંપી દીધો.

કેટલાક દીવશ ગુજરા બાદ તે છોકરાના દુકાનની તારીફ શેહેરમાં થવા લાગી, પાદશાહી લાયક ઝવેર તથા મોતી તેની દુકાનનો જે કોઇ માલ હતો તે સરવે લોકોને પસંદ પડવા માંડયાં, તેની દુકાને ઘણા લોકો ગ્રાહક થઇ માલ લઇ જવા લાગ્યા, એમ કરતાં કરતાં તેના દુકાનની રચના એવી વધી ગઇ કે જેને ઉમદી વસ્તુ જોયતી હોય તો તે છોકરાની દુકાનેથીજ જવાહીર લે પણ બીજી દુકાને કોઇ જાય નહી—એ શેહરમાં તે મોટો નામદાર અને પ્રખ્યાત ઝવેરી કહેવાયો, બીજા મોહોટા સોદાગરો હતા તે પણ તેની દુકાનની રચનાં તથા હાલત અને આબરૂ જોઇને. આશ્ચર્ય પામતા હતા, એના જેવો નાંમીઓ સોદાગર શેહેરમાં બીજો કોઈ હતો નહી. આ પ્રમાણે તેને મદદ મારા તરફથી થગી, જેથી તેના ધંધામાં તેનો ખજાનો ભરપૂર થવા લાગ્યો, મારૂ અંતઃકર્ણ તેને જોવાને માટે ઘણું તરસાતુ હતું. જેથી હર વખતે મારૂ અંતઃકરણ બેચેનીમાં રહેતું હતું, કોઇ પણ પ્રકારથી તેને જોવા પામુ એવો રસ્તો જોતી હતી, પેલા ખોજે શરાને બોલાવીને મ્હે કહ્યું કે એક વખતે પેલા ઝવેરીને હું મળુ તો મારા મનનું દુખજાય એટલા માટે કોઈ પણ રીતની પેરવી કરવી જોઇએ, તે પેરવી કરવામાં માહારી સલાહ એવી છે કે, જમીનમાં એક સુરંગ એવી કરવી જોઇએ કે માહારા મકાનથી તેહેને હું મળી શકું, એ ખોજે શરાએ તે પ્રમાણે કાંમ કરવાનો આરંભ કર્યો ફરમાવ્યા પ્રમાણે તેણે ભોયરૂ એવું બનાવરાવ્યું કે તે ઝવેરી પોતાના મકાનમાંથી કોઇને ખબર પડે નહી એવી રીતે માહારી પાસે આવી શકે; તેવુ ભોયરૂ તયાર કરનારા કારીગરોને સંતોશ કારક ઇનામ આપીને રવાને કર્યો, તે ભોયરામાં થઇને રાત્રીની વખતે તે ઝવેરીને ઘેર હું જતી હતી, જુદી જુદી પ્રકારની ખાવાની ચીજો તથા શરાબ બાજી કરતી અને મૌજમઝામાં રાત હું ગાળતી હતી, તે ઝવેરીની સાથે વાત ચીત કરવાથીજ માહારૂ દીલ આનંદમાં રેહેતું હતું જ્યારે પ્રાતઃકાળ

થાય ત્યારે એક બિજા સાથે પ્યારથી ભેટીને માહારા ખોજા સાથે હું પાછી ઘર તરફ આવતી હતી, આ વાત તે ખોજા સિવાય બીજી એ દાઇયો કે જે મારૂ રક્ષણુ કરતી હતી તે જાણુતી હતી, શિવાય બીજા કોઇને બિલકુલ ખબર નહોતી આ પ્રમાણે કેટલીક મુદત વિતી ગઇ, એક દીવશ દરરોજના નિયમ પ્રમાણે માહારો વિશ્વાસુ માણુસ જે ખોજો હતો તે પેલા ઝવેરી તરફ તેને બોલાવવા સારૂ ગયો તે વખતે તે જુવાન કેવળ ફિકરમાં અફસોસ થઇને બેસી રહેલો હતો, ખોજાએ તેને પુછયું કે તૂં શામાટે આટલો બધો ચિંતાતુર છે, તું ચાલ, તને પાદશાહજાદી બોલાવે છે, આ પ્રમાણે ખોજાએ તે ઝવેરીને કેહ્યું પણુ તેનો ઉતર તેણે બિલકુલ આગ્યો નહી તેખોજો મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે તે જુવાન ચિંતામાં લીન થઇ ગયો. મ્હે ઘણી ઘણી તતબીરથી તેને પુછયું પણુ ઉતર આપ્યો નહી, આ પ્રમાણે ખોજાએ મ્હને કહ્યું તે સાંભળી મારૂ મન નારાજ થયું તો પણુ પરસ્પર ઘણા દીવસનો પ્રેમ હોવાથી મારા અંતઃકરણનું આકર્ષણુ તેના તરફ વધારે હતું, તે જુવાનનાં કૃત્ય કેહેવા છે તેની મને આગળથી ખબર પડી હોત તો હું માહારૂ તન મન અને ધન તેને અર્પણુ કરત નહી તેમજ તેના કૃત્ય ઉપર ધિક્કાર આંપીને હું દુર રહત તેનું નામ મારા અંતઃકરણમાંથી કાળી નાખત પણુ તેની વર્તણુંકી કેવી છે તે હું આગળથી સમજી શકી નહોતી તેથી મારૂ મન તે જુવાન ઉપર ઘણુંજ ખેંચાતુ હતું, તેનું મીઠું મીઠું બોલવું તથા તેનાં નખરાં જોઇ હું મોહ પાંમી હતી. પણુ તેના પ્રત્યે જે પ્રેમ મ્હે ચોખો રાખ્યો હતો તેનો બદલો મને એવો મળ્યો કે હવે તમને માલુમ પડશે.

તે ઝવેરી જુવાનને ફરીથી બોલાવવાને માટે મ્હેં એક બાજો માણુસ મોકલ્યો તેની સાથે એવું કહેવરાવ્યું કે, જો તું આ વખતે આહંયાં નહી આવે તો હું કોઇપણુ યુક્તિથી તારી પાસે આવીશ, પણુ તારા તરફ આવવાથી તેને મોટું નુકશાન થશે; મારો અને તારો જે કાંઇ પ્રકારનો છુપો ભેદ છે તે જોકે જાહેર થશે તો તારા હકમાં ઘણું નુકશાન થશે. માટે મારૂ મન નારાજ થાય તેવું કામ તું કરતો નહી. આ પ્રમાણે હકીકત કહેવાને માટે માહારા તરફથી એક એ ગાંમ તે જુવાંન તરફ જઈ પહોચ્યો તે

પેગામે તમામ હકીકત માહારા તરફની તેને જણાવી તે વખતે તે જુવાન માહારી પાસે આવ્યો. આ વખતે જાણે ગુસ્સામાં હોય તેવું તેનું મુખ જણાતું હતું. તે જોઇને મ્હેં તેને પુછ્યું કે તમારી શી ખબર છે ! દરરોજ તું આનંદ ચેહેરાથી મારી પાસે બેસતો હતો અને આજ તું ઉદાશ કેમ જણાય છે. તે સાંભળી કેહેવા લાગ્યો કે પ્રથમ હું કેવળ ગરીબ સ્થિતિનો હતો; દરમિયાંન તાહારી મ્હેરબાંનીથી હું મોહોટા દરજ્જાએ પોહોચી ગયો છું. જેથી હું મારી જીંદગી અનેક પ્રકારના સુખમાં ગુજારૂં છું. તારા હકમાં પરમેશ્વર પાસે ભલું ચાહુંછું. પણ તમે પાદશાહજાદી છો છતાં મ્હેં તમારો એક ગુન્હો કર્યો છે જેને માટે હાથ જોડી માફી માગુંછું. આ પ્રમાણે તે મારા પ્રત્યે બોલ્યો તેથી મારા મનને તુરત તેના ભલાને માટે અસર થઇ ગઇ. હું તેને એટલી બધી ચાહાતી હતી કે જે શબ્દ બોલીને મારા પ્રત્યે માગણી કરતો હતો તે હું તેને તુરત આપતી હતી. હું માહારી પોતાની બુદ્ધિ ઉપર ધ્યાંન આપી શકી નહી. પણ પ્યારને માટે જે દુનિયાદારીનો ખાસ રીવાજ છે તે રીવાજને અનુસરીને હું તેના પ્રત્યે વળી ગઇ. અને તે જુવાનને મ્હેં સઘળી કારણ પુછ્યું તેથી તે કહેવા લાગ્યો કે, એક મોહોટો બાગ કે જેના માટે ઘણા લોકો વખાણ કરતા હતા તેવો કેટલીક ઇમારતોની સાથેનો છે જેમાં મોહોટો હોજ ફુવારા અને વિસ્તર્ણ તળાળ છે તેવો મોટો ભાગ માહારી હવેલીની પાસે છે તેને કાંઇ શ્રીમંત માંણસ વેચે છે. તે બાગની સાથે એક લુંડી વેચાય છે તે લુંડી અનેક પ્રકારનો રાગ રાગણીઓ ગાવામાં કુશળ છે, તે લુંડી સાથે બાગ વેચાયછે. ઇલાયકુ જુદુ જુદુ વેચતો નથી. જે લુંડીને ખરીદ કરે તે બાગ પણ લે એવો ઠરાવછે, બાગની કીમત એક લાખ રૂપિઆ થાયછે અને લુંડીની કીંમત પાંચ લાખ રૂપિઆ થાયછે; એટલા બધા રૂપીઆ મને કંઇ મળી શકે તેવા નથી. તેટલા કારણથી હું ઘણોજ દીલગીર હતો, અનેક પ્રકારના વિચારમાં હું ગુંથાઇ ગયો હતો એટલામાં તમારા તરફથી ખોજો મારી પાસે આવ્યો, તમારા તરફનું આમંત્રણ સાંભળતાંજ હું આ તરફ આવ્યો છું.

તે સોદાગરની હકીકત સાંભળીને તુરત મારી પાસે જે ખોજા

ખોજા હતો તેને મ્હેં હુકમ કર્યો કે તું તે બાગમાં જા અને તે બાગ તથા હુંડીની જે કીંમત માગે તે કીંમત જે કંઇ અવેજ જોઇએ તે માહારા ખજાનામાંથી લઇને આપ અને તે સઘળું ખરીદ કરો; તેનો દસ્તાવેજ મહોર છાપની સાથે કરાવીને આ જુવાનને હવાલે કરો તે. ખોજેશરા માહારી આજ્ઞા સાંભળીને તે બાગ તથા હુંડી વગેરે ખરીદ કરીને તે જુવાનને હવાલે કર્યું જેથી તે ઝવેરી ખુશી થયો. જ્યારે રાત્રીની વખત થાય ત્યારે તે છુપી રીતે માહારા મકાનમાં આવીને ઇશ્કબાજી ગુજારવા લાગ્યો. જ્યારે પ્રાતઃકાળ થાય ત્યારે તે જુવાન પોતાના મકાન તરફ ચાલ્યો જાય.

એક દીવસ એવો બનાવ બન્યો કે ચોમાસાની શરૂઆતમાં આકાશમાં પાંણીથી વાદળાં ભરેલાં શામ વર્ણનાં માલુમ પડતાં હતાં આવખતે મંદ મંદ હવા ઠંડી ચાલતી હતી, તે વેળા હું કેફમાં મસ્ત હતી; માહારા મનમાં એવો વીચાર ઉત્પન્ન થયો કે વાદળમાંથી જે પાંણી પડે છે તે તાજુ પાંણી હું પીઉં તો ઠીક એમ ધારીને બે ત્રણ પ્યાલા ને વરસાદનું ઠંડુ પાણી હું પી ગઇ દુર જંગલ ઉપર જ્યારે મારી નજર ગઇ ત્યારે તમામ હરીયાળી જગો દેખાતી હતી, તે જોતાંજ મને યાદ આવ્યું કે જે બાગ મ્હેં ખરીદ કરીને ઝવેરીને સોંપ્યો છે તે બાગ મ્હારે જોતાંજ જોઇએ તે બાગમાં એકવાર ફરીને શેલ કરૂં તો ઠીક એવો વિચાર મ્હેં કર્યો કવિ અને પંડીતોનું કહેવું એવું છે કે; જે માણસ કેવળ નિખાલસ છે તથા જેના અંતઃકરણમાં બિલકુલ મળ નથી તે માણસનો પ્રાંણ લેવાને કોઇ દુષ્મન દગો ફટકો કરવાને તેને સોમલનો કડકો આપે તો તેને શરબત પ્રમાણે ગણીને તેનો અંગીકાર કરેછે. પણ તેની કીરતીને આંચ લાગતી નથી પણ તે દુષ્મનની ઉમેદ આખરે પણ ફળી ભુત થતી નથી. પણ તે મોટી હરકતમાં આવી પડે છે, જ્યારે દાનત સારી હોતી નથી. છતાં ઉપર ઉપરની ઇશ્કનો ફાંકો બતાવી સાંહામા માંણસને ફરેબ રૂપી પ્યાર જે બતાવે છે તે માંણસ પોતાની તકસીરથી ફાંસીએજ ચડેછે એવું સાયરોનું કહેવું છે.

પેલો બાગ જોવાની માહારી ઈચ્છા હતી તેથી જલદીથી માહારી ભરોંસાવાળી એક દાઇ હતી તેને બોલાવીને તેની સાથે ભોંયરાના માર્ગે તે ઝવેરીના મકાન ઉપર હું જઇ પોહોંચી. ત્યાંથી પેલા બાગ તરફ હું જઇ પોહોંચી. ત્યાં જઇને જોઉં છું તો બાગ બગીચાજ ખુશાલિત દેખાતો હતો, તમામ વૃક્ષ તથા વેલીઓના પાંદડાં

ખીલ્યાં હતાં. તે પાંદડાં ઉપર કુદરતી તેમ ... આરજું ... હતું. તે જાણે જમરૂખની પત્રી ઉપર મોતી જડેલાં હોય તેમ જણાતું હતું. તે ... રંગ બેરંગી પુષ્પની અજાયબી આપે તેવી શોભા હતી, તેજે ... સાયંકાળની વખતે સુર્યના કીરણોથી આકાશમાં વાદળાનો રંગ બેરંગ જુદો જુદો માલુમ પડે છે તેમ પાંદડાની ઘટામાં પુષ્પની શોભા આખા બાગમાં દેખાતી હતી, પાણીથી ભરેલાં હોજ કે જે ઉપર પવનના સપાટાથી તેમાં ઘણી લેહેરો આવતી હતી; તે તરફ હું ફરતી ફરતી શોચ કરતી, તમામ બાગની રચના હું જોતી હતી. એમ કરતાં કરતાં આકાશમાંનો સુર્ય અસ્ત થયો અને રાત્રી પડવાનો વખત થયો, તે વખતે તે મરદ જે કે ઝવેરી તે બાગની અંદરના એક મોહોટા વિસ્તિર્ણ મકાનની અગાશી ઉપર ઉભેલો જણાયો. તે મને જોતાંજ જલદીથી નીચે આવ્યો. માનપુર્વક મારા પ્રત્યે ઘણી ખુશીથી બોલવા લાગ્યો). મારો હાથ પકડીને ઉતમ પ્રકારના મકાન તરફ ચાલ્યો, તે મકાનમાં ગયા પછી જ્યારે હું જોઉં ત્યારે તરેહ તરેહવારના રંગ બેરંગી આરસના પથરોનું કામ ભીંતો ઉપર જડીત્ર કરેલું જોવામાં આવ્યુ. -બીલોરી કાચના જુમરોમાં તમામ દીપક પ્રગટાવી દીધેલાં જોવામાં આવ્યાં, દીવાલો ઉપર મોટા મોટા આયના. તકતા જડેલા હતા, એ શિવાય જોવા લાયક ઘણીક વસ્તુઓ ગોઠવેલી હતી દીવસે સુર્ય પોતાનો જેટલો પ્રકાશ આપે છે તેના કરતા આ મકાનમાં રાત્રીની વખતે જુમરોની ખુબીથી તથા કાચના મોટા મોટા તકતાઓના પરાવર્તનથી ઘણો પ્રકાશ થઇ રહ્યો હતો, રાત્રીનો વખત ગુમાવાનો થયો એટલે આકાશમાં જે શામતા હતી તે મટીને ચંદ્રનો ઉદય થયો આ વખતે મધ્ય રાત્રીનો સમય હતો, તેમ ચદ્રમા પણ પૂર્ણ રીતે ખીલેલો માલુમ પડયો. હું મારા આશકના ફંદમાં મોહ પામેલી હતી. આ વખતે તે જુવાન મને કહેવા લાગ્યો કે. હે મેહેરબાન આપણે અત્યાર સુંધી બાગની હવા લીધી . હવે આપણે છેક અગાશીમાં બેશીએ અને તેથી તમામ બાગના શોભા જોવામાં આવશે. તેનુ કેહેવું કબુલ રાખીને અગાશીમાં અમે બન્યો જણ બેઠા તે અગાશી એટલી બધી ઉંચી હતી કે તમામ બાગના જુદી જુદી જાતના વૃક્ષ નજરે પડતાં હતાં હું તે આશકના ગળામાં હાથ નાંખીને અત્યંત આનંદમાં બેઠી હતી. એટલામાં એક સ્ત્રી જે કે ... જેવી ... સરખી ... પોતાના ... ની ... ને અમારી ... આવી. તે ...

જોતાંજ હું બાબરી બની ગઇ. તે કેવળ બીક લાગે તેવી ચુડેલ જેવી બદરૂપી હતી. તમામ મારૂં અંગ કાપવા લાગ્યું પછી તે જુવાનને મ્હેં પુછ્યું કે આ બદ શીકલ વાળી દેવી કોણ છે ! તેમજ તે ક્યાંથી આવી છે? આ પ્રમાણે માહારો સવાલ સાંભળતાંજ તે માહારો પ્યારો આશક ઘણોજ લાજવા માંડ્યો. અને અદબ બજાવી માહારા સન્મુખ બોલવા લાગ્યો કે મેહેરબાંન ! તમે ઘણો પૈસા ખરચીને જ લુંડી ખરીદ કરાવી આપી તેજ આ છે. જેણે પોતાના શોખને માટે આહાવી લુંડી ખરીદ કરી તેથી તેનું દીલ તે બદશીકલ ચુડેલ ઉપર વીશેષ હોવું જોઇએ. એવો અનુમાન તે જોતાંજ મને ખાર પ્રગટ થયો. તે સાથે હું ચુપકીથી બેશી રહી. તથાપિ હું નારાજ થઇ ગઇ, જે આનંદ તે બદશીકલ લુંડીના આવતા પેહેલાં અમો બન્યો વચે ઝામી રહેલો હતો તે આનંદમાં કેવળ નાખુશી ઉત્પન્ન થઇ, એટલામાં પેલો મરદ જેકે મર્યાદામાં હતો તે લાજ શરમનો ત્યાગ કરીને પેલી બદશિકલ લુંડીને સાથે જઇને બેઠો જો કે હું તેની નજીક હતી તોપણ તેણે માહારી શરમ બિલકુલ રાખી નહીં; એવો એ શરમો તે લુંડી સાથે ઇશક બાજી ગુજારવા લાગ્યો. પોતાની એબ ખુલ્લી કરીને તેણે તેનાથી ઇશકબાજી કીધી; એવી ગેરવર્તણુંકની ચાલ હું જોઇને મને ઘણુંજ માઠું લાગ્યું તેથી હું ઘણી ઉદાશ થઇ ગઇ. આ વખતે તમામ જમીન અને આકાશ એકજ નજરે પડવા લાગ્યું. મારા શરીરમાં હીમ્મત રહી નહીં; મારા મકાન તરફ જવાની પણ મારામાં શક્તિ રહી નહી. એ પ્રકારે મોટી ચિંતામાં મારૂ મન કેવળ અટવાઇ ગયું. પેલી ખરાબ શીકલની લુંડી તે વખતે શરાબના ૪ ચાર પ્યાલા ભરીને પેલા મરદને પાયા આ વખતે તે મરદ મારા તરફ દ્રષ્ટી કરીને શરાબનું એક પ્યાલુ ભરીને માહારી પાસે મને આપવા આવ્યો. ઘણા ઘણા પ્રકારની નમ્રતા મારા પ્રત્યે કરવા લાગ્યો કે પ્યારી ! આ શરાબનું પ્યાલુ તું માહારા હાથનું પીજા તે વખતે મ્હે વિચાર કર્યો કે, શરાબનો જામ પીધા વિના આ વખતે મને ચેન પડશે નહીં. એમ સમજીને લાચાર થઇને તેના હાથનું પ્યાલું મ્હે પીધું. આ વખતે તે બદશીકલવાળી લુંડી શરાબ પીને ઘણી મસ્ત થઇ હતી. તેણીએ પેલા મરદની સાથે બેઅદબી ગુજારવા લાગી તે મરદ માહારી શરમ નહી રાખતા છેક લુંડી સાથે ઇશકબાજી કરવા લાગ્યો તેથી હું એટલી બધી ઉદાશ થઇ ગઇ કે તેથી કરીને મારો મીજાજ સ્થિર રહ્યો નહી, તોપણ માહારે ખામોશ રાખવી

પડી, શા માટે કે બાલ્યાવસ્થામાં તે મરદ સાથે માહારૂ દીલ લાગ્યું હતું. તેનાથી માહારી કોઈ પ્રકારની અદબ રહી નહોતી. તેનાથી જે મોજમઝા મને મળેલી તે મને હરવખત યાદ આવ્યા કરતી આ વખતે શરાબ પીઇને તે મરદ ઘણો મસ્ત થઇ ગએલો કાબુમાં રહેલો નહોતો તે કેવળ લુંડી ઉપર મોહ લુબ્ધ થઈ ગયો હતો જેવી રીતે મક્ષિકા મધ ઉપર જઇને ચોટે છે તેજ પ્રમાણે તે લુંડી સાથે જઇને બેઠેલો હતો, આ વખતે હું માહારી ભલાઇ તથા મારા ભોળપણને હું ધિકારવા લાગી, તે કંગાલ સ્થિતિનો હતો તેને મ્હેં તવંગર બનાવ્યો હતો, તે સાથે હું ધારતી હતી કે આ માણસ વિવેકની સાથે સારા આચરણથી મારી સાથે વર્તશે; પણ તેનાથી ઉલટો ખોટા પરીણામ જણાયો જેમ બાવળના ઝાડને ઉછેરવાને અમૃતનું પાણી સીચવામાં આવે અને પરીણામે તેમાં સારૂ ફળ ઇચ્છવાને બદલે જેમ મોટા મોટા કાંટા નજરે પડે છે તેમ આહાવા નીચ માણસની સોબતથી જોખમ ભરેલી અને દુખદાયક હકીકત નજરે પડી આ પ્રમાણે અનેક વિચારથી માહારૂ દિલ ઘણું નાખુશ થયું હું ત્યાંથી જળદીથી ઉઠીને તે મોટી અગાશી ઉપરના ભાગમાં આગળ ચાલવા લાગી તે જોઇને પેલો મરદ પોતાના મનમાં વીચાર કરીને માહારા મુખ સાંમુ જોવા લાગ્યો તે વખતે માહારૂ મોઢું છેક ફીકરથી ફીકુ પડી ગયેલુ તેને જણાયું, આ પાદશાહજાદી ગુસ્સે થઈ છે તથા માહારી બદ ફેલી જોઇને તેને તિરસ્કાર આપતી નાખુશ થએલી પોતાના મકાન ઉપરજવાની ઇચ્છારાખે છે પછી તે કોઈ પણ પ્રકારનો દાવ પેચ લાવીને માહારૂ મોહોત આણશે આ પ્રમાણે શરાબથી મસ્ત થએલો સોદાગર મરદ પોતાના મનમાં વીચાર લાવીને તે મરદ માહારા નજીક તુરત આવી પોહોચ્યો, પોતાના માથા ઉપરની પાઘડી ઉઠાવી હાથમાં પકડીને માહારા પગ ઉપર ધરી દીધી તે માહારા સન્મુખ નીચો પડી પગમાં માથુ મુકી ઘણી માફી માગવા લાગ્યો ઘણી પ્રકારની આજીજી કરવા લાગ્યો એ પ્રમાણે તેણે મારા પ્રત્યે યુક્તી રચી તેથી હું ત્યાં ઉભી રહી એટલે જલદીથી તે શરાબની સુરાહી હાથમાં પકડીને આવ્યો તેમાંથી એક પ્યાલો પોતે પીધો અને એક પ્યાલો ભરીને મને પીવા આપ્યો તેના આગ્રહથી તે પ્યાલુ મ્હેં પીધું; આ વખતે મને હદ ઉપરાંન્ત નિશો થઈ જવાથી, હું બેહોશ થઇ ગઈ તે વખતે તે પર ઘાતકી કામ કરનાર કૃતઘ્નિએ તલવાર મ્યાંનમાંથી બાહાર કાઢીને જખમ કર્યો પછી હું મારા ઉપર બેભાન થઇને પડી ગઈ તે વખતે

તેણે જાણ્યું કે આ સ્ત્રી બેભાન થઈ છે એમ સમઝીને તેણે તલવાર મ્યાન કરી, મને કારી ઝખમ વાગ્યો હતો તો પણ જરાક બોલવાની શક્તી રહી હતી, તેથી તે વખતે માહારા મુખમાંથી એટલા શબ્દ નીકલ્યાકે, ભલા મ્હેતો જેવું ઝાડ જમીનમાં વાવ્યુ હતું કે જે ઝાડથી ઉમેદનાં ફળ ખાવાને આશા ઘણી રાખી હતી પણ હવે તું પેલી બદશીકલ જે કે તાહારી માશુક છે તેની સાથે મૌજ મારા કર અને તું પોતાની કરણી ભોગવ.

બેત—મબાદા હો કોઇ જાલેમ તેરા ગિરેબાન ગીર
મેરે લોહુ કું તો દાગ નકો ધોહું આસો હુ આ,

આખરે ત્હારો કોઇ જાલમ ગીરેબાન પકડવા વાળો જ્યારે પેદા થાય તે વારે તું માહારા લોહીથી તાહારો દામન ધોજે કંઇ થવાનું હતું તે થઇ ગયું—

તું કોઈની આગળ ઝાહેર કરતો નહી મ્હેતો તેને જીવ પણ આવ્યો છે પછી મ્હે તેને પરમેશ્વરને ન્યાય માટે સોંપ્યો, પછી મારામાં બોલવાની શક્તી રહી નહી પછી તે દુષ્ટ કમબખ્ત મને મરી ગએલી જાણીને એક લાકડાની પેટીમાં શુવાડી તે પેટી વાશીને તેને તાળુ લગાવી દીધુ તે પેટી તેવામાં તે જગોએ તાહારૂ આવવું થયું તે વખતે તે સિંદુક (પેટી) ઉપર તાહારી નજર ગઇ, હે પ્રિય, મ્હે તેનું બીલકુલ ખોટુ ચાહ્યું નહોતું હું તેના ભલામાં હર વખતે હાજર રહેતી પણ માહારા નશીબમાં તેમ બનવાનું લખેલુ તેથી તે મુર્ખના હાથથી મારો આ પ્રમાણે પરીણામ થયો હું તેને મારા નેત્રની કીકી કરતાં પણ વિશેષ પ્યારો જાણુતી હતી તેનો ચેહેરો જોયા વીના મને બીલકુલ જંપ વળતો નહોતો, તેની સાથે મ્હે મારૂ તન મન અને ધન અર્પણ કરીને તથા તીખાલસ વૃતીથી પ્યાર કરી સુખ ભોગવ્યું છતા તેણે મારા શરીરને છેવટે હાની પોહોચાડી પણ તે દુષ્ટ કૃત્ય કરનારનાં કાર્ય યાદમાં રેહેવાનું કોઇ પણ નીમીત હશે કે તે વખતે તું આવી પોહોચ્યો પરમેશ્વરની કૃપાથી ત્હેં મારી બરદાસ્ત કરી, પરમેશ્વરનો આ વખતે ઉપકાર માંનવો જોઇએ અને મનમાં શીખામણ લેવી જોઇએકે આ દુનીયાં દારીમાં એક દોસ્ત. દોસ્તી કરીને છેવટે શરીરનો નાશ કરે છે અને એક દોસ્ત પરોપકારી થઇને પોતાનું તનમન અરપે છે એટલે ત્હે પરોપકાર કરીને માહારૂ રક્ષણ ભલી રીતે કર્યું તમારી મારફતે પરમેશ્વરે મને જીંદગી બક્ષી છે હવે શું થસે તેની ખબર પડતી નથી, પણ આ

વખતે તો ત્હે સઘળુ એટલે માલ તથા તારૂ દીલ મનેજ બક્ષેલુ છે એમ મને ખાત્રી થઈછે જ્યારે મ્હે તને પૈસા વીના તંગીમાં જોયો તે વખતે મ્હે ચીઠી લખીને તે હબસી તરફ આપી હતી તે હબસી માહારો ખજાનચી છે ચીઠીમાં મ્હે એવું લખ્યું હતું કે હું રક્ષણની સાથે અમુક જગોએ છુપતી છું માહારી ખબર મારી માતુશ્રીને કહેજે ચીઠીમાં લખ્યા પ્રમાણે તેણે અશરફીયોની પોટકી તારી સાથે મોકલી દીધી હતી. જે અશરફીઓ તુમારી પાસે લાવ્યો હતો જમાંથી કેટલીક અશરફીયો આપીને મ્હેં તને બજારમાં યુસફ ઝવેરીની દુકાન ઉપર મોકલ્યો હતો, તારી પાશે કેટલાંક ઝવેર અને જરીનો પોશાક ખરીદ કરાવ્યો હતો, તે ઝવેરી કંજુશ મુર્ખ અને અને લાલચુ હતો તેથી તેણે તારી સાથે મિત્રાચારી કરી હતી.— હું તે ઝવેરીની વર્તણુંકી સારી પેઠે જાણતી હતી, તે ઝવેરી અજાણ્યા માણસને મિઠી મિઠી વાણી સંભળાવીને મિત્રતાનો હક બતાવે તેવો ખગ તથા લુચ્ચો હતો, તે હરેક પ્રકારે ખુશામત કરીને ખાણું ખવરાવીને અજાણ્યા માણસને બોળવીને પોતાના પાશમાં નાખી દે તેવો હતો. તેથી તેણે તને જમવાનું આમંત્રણ કરીને બે ત્રણ દીવસ રાખ્યો હતો ને વાત તને તમામ ખબર છે જ, અને તે સઘળી બનેલી હકીકત ત્હેં મને કહી હતી. જે ઉપરથી. તે ઝવેરીને તેડવા સારૂ ગયો, તે વખતે મ્હેં વિચાંર કર્યો કે મારી પાસે સામાન સરેજામ વિગેરે કંઈજ નથી; અને મિજબાનતો આવશેજ માટે માહારે હવે શાં તજવીજ કરવી! એમ વિચાર કરતાં કરતાં મને યાદ આવ્યું કે હાલ માહારા પીતા જે બાદશાહ છે તે આઠ મહીના માટે પોતાના મુલકમાં મુસાફરી માટે ગયા છે તે જ્યારે મુસાફરી માટે જાય છે ત્યારે તેટલા પુરતી તમામ ગોઠવણ અને બંદોબસ્ત મકાન ઉપર ઉતમ પ્રકારનો કરતા જાય છે. તે મારા પીતા એક માસથી પોતાના મુલકમાં ફરવા નીકળી પડયા હતા, તું ઝવેરીને બોલાવવા ગયો એટલે હું મારી માતુશ્રી પાસે તે વખતે જઈ પોહોચી. મારા ઊપર જે જે આફતો આવી પડી હતી તે સઘળી મ્હેં મારી માતુશ્રીને કહી બતાવી; ઘણી મુદત સુધી હું મારી માને કે બાપને મળી નોહોતી. તેટલા સારૂ તેમણે મારી શોધ કરી નહોતી, તેમના મનમા એવો અંદેશો આવલો કે કોણ જાણે તે છોકરીયે કેવો કસબ કર્યો હશે અથવાતો તે ક્યાં જતી રહી હશે. જ્યાં તેની શોધ કરીશું અને બીજા અમીર ઉમરાવ આવાત

જાણશે તો આપણી અપકીર્તી થશે. એવી સમજુતથી તેમણે મારી તજવીજ કરી નહોતી; તેમજ તે વાત તેમણે છુપી રાખી હતી, જ્યારે હું દુખી અવસ્થાવાળી મારી માની પાસે જઇને ઉભી રહી. તે વખતે મને જોતાંજ જલદીથી મારો હાથ પકડી પોતાના ખોળામાં બેસાડી ઘણી મમતાની સાથે મારો હાલ જોઇને બોર બોર જેવડાં આંસુ કાઢવા લાગી. અને કહેવા લાગી કે બેટા ! તુ એવી કેવી ખરાબ રસ્તે ચાલનારી નીકળી કે તારો અત્યાર સુધી પતોજ નથી ! તારો બાપ જેકે જેની આ દુનયામાં મોટુ માન છે તેને પણ લાંચ્છન લાગે તેવું તેં કર્યું ! તને ધીક્કાર આપવામાં આવે છે કે તું આહાવા ડોળથી ઘણા દીવશે અહીયાં આવી છતાં તુ ક્યાં રહેતી હતી ! અરે ! તું અમારે પેટ ન આવી હોત તો ઘણુંજ સારૂ હતુ અગર તું મૃત્યુ પામી હોત તો અમને બીલકુલ અફસોસી થાત નહી.

હવે જે થવા કાળ હતું તે થયું. અને તારા નસીબમાં જે કંઇ દુખ વેઠવાનુ તે બન્યું પણ હવે પછી પરમેશ્વર જાણેકે તારા હાથથી કેહેવાં કાર્ય થશે,

હે મેરબાન ! આ પ્રમાણે મારી માતુશ્રીના મુખમાંથી નીકળેલા શબ્દો જ્યારે મેં સાંભળ્યા તે વખતે જાણે છાતીમાં ખંજર વાગે તે પ્રમાણે મને દુઃખ થયું, તે સાથે શરમને લીધે નીચું માથું રાખી એક શબ્દ પણ હું બોલી શકી નહી. પછી નમૃતા સાથે માતુશ્રી પ્રત્યે જવાબ આપ્યો કે હે માજી ! માહારા નસીબમાં જે પ્રકારે દુખ વેઠવાનું નિર્માણ થએલું હશે તે પ્રમાણે મ્હેં દુખ વેઠયું છે. અને હવે કેમ થશે તે જાણનાર પરમેશ્વર વિના બીજો કોઇ છેજ નહી; પણ અત્યાર સુધી મ્હેં એવું કામ કર્યું નથી. કે જેથી તમને એમ લાગે. પણ હવે હુ એવી આશા રાખુંછું કે પેલા બે માણસો જેકે મારા દુષ્મન છે જેઓએ મારા શરીર ઉપર ઝખમ મારીને મારા ઉપર આફત ગુજારી છે તેનો બદલો લેવાને માટે જાફતનો સામાન તયાર કરવાનો છે. જાફત એવી સરસ કરવાની કે છે કે તે ખાણું તયાર થયા પછી તેઓને છેલી વખતે તેમના કૃત્યનો બદલો આપવો છે. જેવી રીતે તેણે મારા ઉપર હાથ વાપર્યો છે તેવીજ રીતે તેઓનાં માથા ધડથી દુર કરાવવા ધારૂછું: એમ કર તોજ મને ચેન પડશે તેના દુષ્ટ કૃત્યનો બદલો વાળવો એજ મારા અંઃકરણમાં નિશ્ચય થયો છે, જો

કે તેમ મારાથી નહીં બને તો મારૂ તમામ શરીર જેમ અગ્નીમાં બાળીને ખાખ કરૂ. તેમજ મારૂ શરીર તેના પ્રત્યેના દુઃખને લીધે ખાખ થશે. હે મહેરબાન ! એ પ્રમાણે મ્હેં માતુશ્રીને મારો વીચાર સંભળાવ્યો તે સાંભળતાંજ તેંણીએ મારા ઉપર મેહરબાની કરીને માહારા કામમાં સંપૂર્ણ રીતે મદદ કરી. જાફતના કામમાં જે જે પ્રકારનો તમામ સામાન કીમતી હતો તે મંગાવરાવી જલદીથી તયાર કર્યો મારા છુપા ભેદનો જાંણનાર માત્ર એક ખોજો હતો તેની સાથે સરવે સામાન તથા બબરચી તથા ચાકર નફરો સરવેને રવાને કર્યા તે ખોજાએ તે મકાંન ઉપર જઇને જાફતની સામગ્રી તયાર કરવાને શરૂવાત કરી. જ્યારે ત્યાંથી હું મકાંન ઉપર આવી અને હું જોઉંતો તે વાકેફગાર ખોજો તમામ તતબીર ઉત્તમ પ્રકારથી રચતો હતો, એટલામાં તું પેલા મુર્ખ ઝવેરીને લઇને મકાંન ઉપર આવી પોહોચ્યો, તે વખતે મ્હેં નજર કરીને જોયું ત્યારે તે ઝવેરીની સાથે બદશીકલ વાળી ઓરત નહોતી એમ ખાત્રી થઇ તેથી તને બોલાવીને તે ઓરતને બોલાવવાને માટે ભલામણ કરી હતી. તેને બોલાવવા તે ઝવેરીએ એક માણુસ મોકલ્યો હતો જેથી તે પણ આવી પહોંચી તેઓએ મેહેમાંન તરીકે રહીને ત્રણ દીવસ આનંદ ગુજાર્યો ચોથે દીવસે રાત્રીની વખતે જ્યારે તેઓ ખાવા સારૂ બેઠા તે વખતે મ્હેં શરાબની સુરાઇ એવી નીશાવાળી મોકલી હતી કે તેથી ગમે તેવો માંણુસ બેભાંન થયા વીના રહે નહી. તેવો શરાબ તે બન્યે જણુને પીવામાં આવ્યો જેથી તેઓ કેવળ ભાન વીનાના થયા હતા તે વખતે તે શરાબ તાહારા પીવામાં આવ્યો હતો તેથી તુ પણ બે ભાન થયો હતો આ વખતે જેઓ જોઇએ તેવો તક મળયો છે એમ સમજીને મ્હે જલદીથી જલાદ (મારી નાંખવાનું કામ કરનાર માંણુસો) ને બોલાવ્યો તેને હુકમ ફરમાવતાની સાથે તેઓએ તે બંન્યો દુષ્ટ માંણુસોનાં માથાં ધડથી જુદાં કરી નાંખ્યાં—હું તારા ઉપર એટલા માટે ગુસ્સે થઇ હતી કે મ્હેં તને પ્રથમથી કહ્યું હતું કે બીજબાનની સાથે બેશીને તાહારે શરાબ લેવો નહી છતાં તુ શરાબ લઇને બે ભાન થયો માટે તું ગાફલ છે એમ જાણીને, મને તારા પઉર ખોટું લાગ્યું હતું. પણ ત્હેં મારી શેવા બજાવી હતી તેનો ઉપકાર હું માનતી હતી, તેટલા માટે તે તકસીર હું માફ કરછું. હે મેહરબાન ! આ પ્રમાણે માહારી હકીકત તમને કહી હવે જોકે

તાહારો બીજો કોઇ હુકમ હોયતો તે બજાવવા હું હાજર છું. આ કહેલી વાત દીલમાં રાખવા જેવી છે. હવ દરેક વખત સંભાળવા જેવા છે હવે આ શેહેરમાં રેહેવું યોગ્ય નથી કેમકે માહારા અંગે તારા હીતનું નુકશાન થાય તેમ છે પછી જેમ તમારી ધ્યાનમાં આવે તે ખરૂ.

આ પ્રમાણે ફકીર પેલા ત્રણ ફકીરોને કહે છે કે હે સાહેબો તે શાહજાદી આ પ્રમાણે મને કહીને ચુપ રહી હું ફકીરતો તેનો મિત્ર હતો, તેની જે કાંઇ આજ્ઞા થાય તે બર લાવવાને હું તાબેદાર હતો તેના પ્યારમાં હું મળી ગએલો દરદી હતો, તે શાહજાદીને મ્હેં કહ્યુ કે હે માશુક (પ્યારી)! જેમ તાહારી મરજીમાં આવે તેમ કરવા હું તાબેદાર તયારછું તે ખુબસુરત શાહજાદીએ જ્યારે તેની આજ્ઞા પ્રમાણે વર્તવાને મને તયાર જોયો ત્યારે તેણે મને ફરમાવ્યું કે ઉતમ પ્રકારના પવન વેગી ઘોડાઓ ઘોડારમાં છે તેમાંથી પસંદ કરીને બે ઘોડાઓ લાવ્ય અને તેના ઉપર સામાન ભીડાવીને તયાર કરીને આવો આ પ્રમાણે આજ્ઞા થવાથી હું જલદીથી કામ અટપીને બે ઘોડાઓ પસંદ કરીને તેની નજીક લાવ્યો જ્યારે પાછલીરાત્રીનો એક પોહોર વખતરહયોતે વારે શાહજાદીએ મરદનોસ્વાગ પેહેર્યોપાંચે હથીઆરપોતાનાઅંગઉપર ધારણ કર્યાંબે પેકીએક ઘોડા ઉપર તેસ્વારથઇ અનેબીજા ઘોડાઉપર હું સ્વાર થયો; પછી અજાણ્યા રસ્તા ઉપર અમે ચાલવા માંડ્યું; જ્યારે રાત્રી વીતી ગઇ, અને પ્રાત:કાળ થયો તે વખતે અમે એક નદીના કીનારે જઇ પોહોચ્યા; તે જગો એ અમે ઘોડા ઉપરથી નીચે ઉતરીને વીશ્રાંતી લેવામાંડી; જે કંઇ ભાથુ હતું તે ખાઇને ઉપર પાણી પીધું; પછી ઘોડે સ્વાર થયા, આગળ ચાલવા માંડ્યું; રસ્તામાં અનેક પ્રકારથી પરસ્પર પ્યારની વાતો થતી હતી; તેમાં તેના પ્યારના પરીણામમાં એવા શબ્દો નીકળતા હતા કે પ્રીય! તારા પ્યારને માટે જંગલ વેઠવાનો આટલો શ્રમ પોહોચ્યો છે; તેમજ તાહારા માટે માહારો મુલક તથા માલ ખજાનો તથા સગા સહોદર માત તાત વગરે બાદશાઇ સુખનો ત્યાગ કરીને કેવળ મુસાફરી કરવાને નીકળી પડ્યા છીએ પછી પેલા દગલબાજ ઝવેરીની માફક દગો તો નહી થાય! આ પ્રમાણે વાતો ઉપર દીલાશાના શબ્દો હું ફકીર તેણીની સાથે પક્કી રીતે આપતો હતો; તે સાથે હું તેણીને એવું કહેતો હતો કે, હે પ્યારી! તું પ્યારને જાણવાવાળી છે તું તારા મનથીજ વીચાર કરકે તારીજ

શેવા મ્હેં બજાવી છે, તેમાં માહારો હેતુ શો હતો શરૂવાતમાં તાહારી નોકરી કરી હતી આખર સુધી હું તારી પાસે રહ્યા ત્હેં મને તીરસ્કાર કરીને કાઢી મુકયો છતાં હું ખસ્યો નહી. રાત્ર દીવશ ભુખ તરશ વેઠીને હેવાનની માફક તારા પ્યારને માટે ભટકતો હતો જેટલો પૈશો મારી પાસે હતો તે તમામ તારી શરભરા કરવામાં મ્હેં વાપરી નાંખ્યો અને પરમેશ્વર પાસે માગુહુ કે હમેશા સારી દાનત તથા ઉતમ પ્યાર તારા પ્રત્યે માહારો રાખે અને તાહારા હીતને માટે આ માહારૂ શરીર અર્પણ કરેલું છે; આ પ્રમાણે અમે પરસ્પર વાતો કરતાં કરતાં રસ્તો કાપતા હતા. જ્યારે ભુખ લાગે ત્યારે સાથે રાખેલુ ભાથુ ખાતા હતા, જ્યાં જરૂર પડે ત્યાં ઉતારો કરીને વિશ્રાતી લેતા હતા; અને ફરી મુસાફરી કરતા હતા, ગાઢા જંગલમાં અનેક પ્રકારના પક્ષીયોનો શીકાર કરીને અમે વખત ચા હતા હતા, ઘોડાને જંગલમાં ચારો મળતો હતો એમ કરક કરતાં મોહોટા વીસ્તીર્ણ વેરાન જંગલમાં અમે જઇ પોહોચ્તાં એ જંગલમાં પશુ. પક્ષી કે કોઇ માણુસની વસ્તી જણાતી નહોતી, કેવલ ભયાનક જંગલ વટાવતા હતા. આગળ જઇ નજર કરીને જ્યારે અમે જોઇએ છીએ ત્યારે મોટા સમુદ્ર માલુમ પડયો, તે જોઇને અમારા હોશ ખટા થઇ ગયા, છેક કીનારા સુધી અમે જઇ પોહોચ્યા, હવે કયાં જવું તેનો ઇલાજ અમને જણાયો નહી, તે વખતે મને એમ વીચાર સુઝયો કે આ શાહજાદીને આ જગોએ બેસારીને હું એકલો કોઇ સગવડવાળી જગો મુકરર કરવા અથવા તો કોઇ રસ્તો નજરે પડે તો તે સોધી કાઢવા નીકળી પડુ, અથવા હોડી કે કોઇ મુસાફરનું વહાંણ આવતુ હોય તો તેની તજવીજ કરૂ આ પ્રકારે વીચાર કરીને તે શાહજાદીને મ્હેં પુછ્યુ. તે સાંભળી ને શાહજાદી મને કહેવા લાગી કે તમારો વીચાર ઘણો સારો છે. હું પણ મુસાફરીથી થાકી ગઇછું માટે મને આ જગો પસદ છે. અત્રે હું જરા વીશ્રાંતી પણ લઇ શકીશ, અને તમે કોઇ પ્રકારનો 'રસ્તો સોધી લાવો,—તે જગોએ એક મોહોટુ પીપળાનું ઝાડ હતું તે ઝાડ નીચે પાદશાહ જાદીને બેસારીને હું ત્યાંથી ઘોડેસ્વાર થઇ આગળ ચાલ્યો, બારીક નજરથી મ્હેં દષ્ટી કરી પણ સમુદ્રમાં કોઇ આવતુ નજરે પડયુ નહી, ઘણીવાર સુધી હું ત્યાં ટકયો પણ હું નીષ્ફળ થયો, પછી હું તે પીપળાના ઝાડ નજીક આવી પોહોચ્યો અને જોઉછુ તો ત્યાં પાદશાહ જાદી નજરે પડી નહી—તેજ વખતે મારા

શરીરમાંથી પ્રાંણ જતો રહ્યો હોય તેમ થયું આમ તેમ ગભરો થએલો જોવા લાગ્યો, અનેક પ્રકારના પોકાર કરવા લાગ્યો. પેલા પીંપળાના ઝાડ ઉપર ચઢીને દરેક ડાળે ડાળે ફરી વળ્યો, ઝાડ ઉપરથી હું નીચે ઉતર્યો, પણ કંઈજ માલુમ પડ્યુ નહી, મોટા સાદે કરીને હું તો રૂદન કરવા લાગ્યો. તે ઉત્તમ પ્રકારના ગુણવાળી સ્વરૂપવાન જો કે રંભા જેવી સ્ત્રીના વીયોગથી મારૂ અંતઃકરણ ઘણુંજ ખીન્ન થઇ ગયું. આમ તેમ બહાવરાની માફક ઉતરથી દક્ષીણ અને પુર્વથી પશ્ચિમ તરફ ફેરા મારવા લાગ્યો. તે શાહજાદીનું નામ દઇ પોકાર કરતો હતો મારા કમર ઉપર તથા ઢીંચણ ઉપર હાથ મુકીને રડી પડતો હતો. જમીન ઉપરથી ધુળની મુઠી ભરીને મારા શરીર ઉપર નાંખતો હતો અનેક પ્રકારે શરીરને જમીન ઉપર પછાડીને હું માહારા શરીરને ઘાયલ કરી નાંખતો હતો પણ તે ખુબ સુરત નાજની માહારી દ્રષ્ટીએ ફરીથી પડી નહી.

છેવટે હું લાચાર થઇ ગયો, પછી મ્હેં વીચાર કર્યો કે હે નાજનીને કોઇ જીન (બ્રહ્મરાક્ષસ) લેઇ ગયો હશે અથવા એમ નહી હોય તો તેનો બાપ બાદશાહ અથવા તેની માતુશ્રી તરફથી કોઇ છુપા પેગામા પુઠળ પડેલા હશે તેઓ તેને સમજાવીને લઇને ગયા હશે, આ પ્રમાણે અનેક પ્રકારના તર્ક વીતર્ક મારા મનમાં લાવીને માહારાં અંગનાં તમાંમ કપડાં કાઢી નાંખીને ફકીરી લેવાશ પેહેરી લીધો; અને તે નાજનીના મુલક ભણી જવાને પાછો વળ્યો દરેક જગોએ દીવાનાની માફક હું રખડતો હતો, દરેક જગોએ હું તેની તપાસ કરતો હતો; રાત્રી વેળાએ કોઇ જગોએ પડી રહેતો હતો; એ પ્રકારે ફકીરી હાલથી તમામ શેહેર ગામડાં વીગેરે ફરી વળ્યો પણ તે ખુબ સુરત શાહજાદી કોઇપણ જગોએ દીઠી કે સાંભળી નહી, છેવટે તેની પાછળ આ શરીરનો ત્યાગ કરવો મ્હેં નીર્ણય કર્યો. એહેવો દ્રઢ વીચાર કરીને હું આગળ ચાલ્યો એવામાં એક મોહોટો પહાડ નજરે પડયો, તે પહાડ ઉપર તે વખતે ચઢ્યો જ્યારે હું નીચે જોઉંછું ત્યારે જમીનનાં ઝાડ કે જમીન નજરે પડતી નહોતી, એવો મોહોટો પહાડ હતો, તે વખતે મ્હેં મારા મનથી નીશ્ચય કર્યો કે આ પહાડ ઉપરથી પડતુ મુકીને માહારા પ્રાણનો નાશ કરૂં; એમ કરીને જેવો તે પહાડ ઉપરથી નીચે પડવાની તયારી કરૂં છું. એટલામાં એકા એક કોઇએ માહારો હાથ પકડ્યો તે વળા હું માહારી પીઠ ફેરવીને જોઉંછું તો એક ઘોડેસ્વાર માહારી નજરે આવ્યો. તેણે તમામ લીલો પોશાક પેહેરેલો હતો પોતાના

ઘોડા ઉપર પડદો નાંખીને મને કહેવા લાગ્યો કે એ જુવાન ! તું શા માટે પોતાના પ્રાણનો નાશ કરે છે ! પરમેશ્વરની આટલી બધી રચના તું જુવે છે છતાં તું નીરાશ થાય છે એ પણ એક પ્રકારનો તું ગુન્હો કરે છે, જ્યાં સુધી શરીરમાં જીવ છે ત્યાં સુધી માણુસે હીમત હારવી નહી. વળી હું તને કહું છું કે થોડા દીવસથી રૂમના મુલકમાં ત્રણ ફકીર તાંહારા જેવાજ દુખી સ્થીતી વાળા ત્યાં ફરેછે તું પણ ત્યાં જા, તારી સાથે તેઓની મુલાખાત થશે તે મુલકનો બાદશાહ આજાદબખત છે તેના ઉપર પણ ઘણી વીપતી પડી છે જ્યારે પેલા ત્રણ ફકીરો સાથે તમે ૪ થો ફકીર એકઠા થસો ત્યારે તમને મળસે, તે જગો ઉપર તમે પાંચે માણુસોની મુરાદ પુરી થસે.

આ પ્રકારે તે ગેબી સ્વારના મોઢેથી શબ્દ સાંભળ્યા, તેજ વખત તેના ઘોડાની લગામ મ્હે જળદીથી પકડી વીનતી કરીને તેને પુછવા લાગ્યો કે હે પરમેશ્વરના ભક્ત તમારા પવિત્ર શુકન સાંભળીને મારા જીવને આનંદ થયો છે પણ હું વીનંતી કરૂછું કે તુ કોણ છે તેમજ તારૂ પવીત્ર નામ શું છે ! ત્યારે તેણે કહ્યું કે મારૂ નામ મોરતજા અલી છે, તેમજ મારૂ ખાસ એજ કામ છેક કોઇ માણસ મુસ્કેલીમાં આવી પડયો હોય અને તેને કોઇ પણ માર્ગ ન સુઝતો હોય તો તેની મદદ કરવી, તથા સારો રસ્તો બતાવવો આ પ્રમાણે કહીને તે અદર્શ થઇ ગયો.

ત્યારે મને ખાત્રી થઇ કે તે મરદે જે મને આજ્ઞા કરી તે બરાબર ખરી હોવી જોઇએ જે મારા અંતઃકરણમાં અનેક પ્રકારની દુખની વ્યાધી હતી તે દુર થઇ પછી તુરત રૂમ તરફ આવવાનો માર્ગ પકડયો કેટલેક દીવશે આ તરફ આવી પોહોચ્યો.

હે ફકીર સાહેબો ! તે ગેબી નેક મરદની આજ્ઞાથી માહારી આશા પૂર્ણ કરવાને હું તમારી શેવામાં હાજર થયો છું પણ હવે એજ રાહ જોઉછું કે તે બાદશાહ આજાદ બખત સાથે ખુલાસો કેવી રીતે થશે આપણે પાંચે જણ શુખી થઇ શું. હે ફકીરો મ્હે મારી હકીકત જે કંઇ બની હતી તે તમામ કહી બતાવી; હવે બાદસાહની મુલાખાત થશે ત્યારેજ દુખનો છેડો આવશે.

જ્યારે તે ફકીર પોતાના હેવાલની વાત સરવે કહી રહ્યો ત્યારે બીજો ફકીર પાસે બેઠો હતો તે હુશીયાર થઇને બેઠો થયો પછી પોતાની વાત કહેવાને શરૂ કરી—

પેહેલો ભાગ સમાપ્ત.

જાહેર ખબર.

ફા નાદરા સમદઅમી	૦-૨-૦
કીસ્સા તંબોલન.	૦-૨-૦
કીસ્સા કાજી મંઅંબારીસા	૦-૨-૦
કીસ્સા શાહે ગુફ્રમ.	૦-૨-૦
કીસ્સા શાહેરૂમ	૦-૨-૦
કીસ્સા યુસુફ ઝોલા.	૦-૪-૦
કીસ્સા લાલ ગોહર.	૦-૨-૦
દુવાએ ગંજુલઅરસ.	૦-૧-૦
કસદુલ ખુલાસા	૦-૨-૦
સુબોદા સીતારા.	૦-૫-૦
સખાવત નામા.	૦-૧-૦
નજાતનામા બીબી હાતમક.	૦-૧-૦
મહેનબી અને બાગે રસુલ.	૦-૩-૦
સાદીનામા બીબી ફાતમકા.	૦-૧-૦
મજમુએ મુનાજાત.	૦-૧-૦
સકરાત નામા	૦-૧-૦
મજમુએ મદહાત.	૦-૪-૦
મજમુએ નજ મુઅઝીબા.	૦-૪-૦
નુર નામુ	૦-૨-૦
ચાર દરવેશકા કીસ્સા.	૦-૫-૦
શાહેજદા સાહેબરી કીસ્સા.	૦-૨-૦
જેતુન મોહમદ હનીફકા.	૦-૨-૦
તામીમ અનસારીકા કીસ્સા.	૦-૪-૦
કાલી ગોરીનો કીસ્સા.	૦-૨-૦
જમજમાકી ખોપરી.	૦-૧-૦
દાઇ હલીમા	૦-૨-૦
કુંજજતુલ ઇસલામ	૦-૨-૦
ફો. મલેક મહમદ	૦-
મજમુએ મરસીયા.	૦-
મોજીજ જાહીરની વીગેરે.	૦-
કીસ્સા સીપાઇ જાદા.	૦-
કીસ્સા સોદાગર બચ્ચા.	૦-
ઇંદ્રસભા ચીત્રાંગી.	૦-
કીસ્સા સાહેબ ન	૦-
નાજની પઠાણકા કીસ્સા.	૦-૧-૦
સુઘા બોરલીકા કીસ્સા	૦-૧-૦
બાહેરુલ અમલકા કીસ્સા.	૦-૧-૦
બીબી મરીયમકા કીસ્સા.	૦-૨-૦
છબીલી ભઠીયારીકા કીસ્સા.	૦-૨-૦
ગુલચમને બોસ્તાન.	૦-૨-૦
મજમુએ જોગી નામા	૧-૦
ગુલજાર માતમા.	૦-૧-૦
ઇનાએ ફતેન માતમાં.	૦-૨-૦
ફેલબહાર ને મોહીનારાણી	૦-૧-૦
હાતમતાઇકા કીસ્સા.	૦-૮-૦
લેલી મજનુકા કીસ્સા.	૦-૧-૦
જવાહીર હીંદી.	૦-૬-૦
તરકીબુસ્સલાત.	૦-૪-૦
જંગનામા મોહોમદ નીદ્દકા કીસ્સા.	૦-૮-૦
ગુલજારે પંજતન.	૦-૩-૦
ગાયન સંગ્રહ.	૦-૨-૦
કસાસેલઅંબીયા	૦-૮-૦
મજમુએ માતમ.	૦-૪-૦

આ સીવાય વારતાઓ તથા નાટકો તથા પુસ્તકો વીગેરે ઘણી જાતની ચોપડીઓ હમારી પાસેથી મળશે માટે સદ્ગૃહસ્થો તથા વપારીઓને ખબર આપવામાં આવે છે કે હમો આજની આલે મોકલીશું માટે એક વખતે મંગાવી ખાતરી કરશો.

બુકસેલર-છોટાલાલ છગનલાલ.

ઠે. રીચીરોડ—મુ. અમદાવાદ.

બુકસેલર. ખત્રી. પરસોતમ મુલચંદ.

ગુલાલવાડી મીઆ સોપવાળા રેશમની દુકાને